સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર વદ- ૩ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૭-૪-૨૦૨૪ - શનિવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૧૦ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

હરસ-મસા કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
શાંતિ હોસ્પિટલ
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114

ટેસ્ટફુલ...ગરમ તથા કાચી
દરરોજ પેટીસ
રાજકોટ ના પ્રખ્યાત રસિકભાઈ ચેવડાવાળા
લીમડા ચોક | કોટેચા ચોક | જ્યુબેલી બાગ | નાના મવા રોડ | એરપોર્ટ રોડ

WE NURTURE THE FUTURE
CBSE No. 430576
આંતરરાષ્ટ્રીય સ્તરનાં શિક્ષણ દ્વારા તમારા બાળકને આવતીકાલ માટે તૈયાર કરો...
INTERNATIONAL STANDARD CURRICULUM
ACTIVITY BASED LEARNING
BEST TEACHING METHODOLOGY
SMART CLASSWORK
ADMISSIONS OPEN For Academic Year 2024-25
Play Group to Std.12 E.M. & G.M.
Science, Commerce, Arts
WE NURTURE THE FUTURE TAPASVI INTERNATIONAL SCHOOL
CBSE CAMPUS : Raiya Road, Vajdi Gadh, M.99048 05821
GSEB CAMPUS : 2-Jalaram Plot, Uni. Road, M.99048 05810

તમે તમારા • ઘર/ફ્લેટ • ઓફીસ • હોસ્પીટલ • ફેક્ટરી માં માર્બલ પેસ્ટ કરાવવાનું વિચારી રહ્યા છો ??
શું તમે ભેજ/લીકેજ થી પરેશાન છો... ?
ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલીસ્ટ
શિવ શક્તિ
ઈટાલીયન માર્બલ પેસ્ટ એન્ડ કલરપુટ્ટી
૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે...
ફ્રિ વિઝીટ
91063 53039 / 63675 39590
રામાપીર ચોકડી, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ.

રોકાણ લાયક
રાજકોટ ના કાલાવડ રોડ ઉપર
કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે
મુંજકા, મોટામવા, કણકોટ, હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા, ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011

વેચવાની છે
HYUNDAI SENTRO (MAGNA)
ન્યુ મોડલ • કંપની CNG • ૨૦૨૨
કંપની રેકોર્ડમાં ૨૫૪૦૦ કીમી ચાલેલી
રાજકોટ પાર્સીંગ • વન ઓનર • કિ.૬.૧૦
M. 98258 30390

બંગ્લોઝ વેચવાનો છે
106 વાર, કિ.1.35 લીફ્ટ સાથે
80 વાર, કિ.91 લીફ્ટ વગર
૪ બેડરૂમ, હોલ, કિચન. લોનેબલ, બીમકોલમ વાળુ બ્રાન્ડ ન્યુ, ગુલમોહર રેસી. નજીક રૈયા રોડથી તદ્દન નજીક. સાધુવાસવાણી રોડથી નજીક.
કિર્તીભાઈ કંસારા
98251 60974 • 70467 10111

Summer Vacation
Family Luxurious Group
Patel Holidays TRAVEL SOLUTIONS PVT. LTD.
6N / 7D દુબઈ 20, 30 - MAY, 5 - 20 - JUNE
7N / 8D હોંગકોંગ મકાઉ 15 - MAY
3rd Floor, Kevalam, Astron Chowk, Rajkot. 98791 29774 / 95129 72999


લોન..લોન..લોન..
હોમ લોન 8.50% થી શરૂ દસ્તાવેજના 300%
મોર્ગેજ લોન 9.25% થી શરૂ વેલ્યુના 75%
CONTACT 97237 56784

નવું મકાન વેચવાનું છે
૭૦ વાર, 4 BHK, કવર્ડ પાર્કિંગ
કોઠારીયા-સાંઈબાબા સર્કલ પાસે રામેશ્વર સોસાયટી (કિંમત ૬૮)
સુરેશ રાઠોડ - ૯૮૨૪૨ ૯૬૫૧૬

મકાન ભાડે આપવાનું છે
ફુલ ફર્નિચર સાથે
5 BHK, પાર્કિંગવાળુ
નાના મવા રોડ, સંકેત પાર્ક
Mo. 99043 43324

ગોડાઉન વેચવાનું છે
123 વાર | 1 cr. | 16 નું મોઢું
નીચે 14 ફુટની હાઈટ ઉપર ૨ ઓફીસ
૧ હોલ, સંડાસ-બાથરૂમ ફુલ ફર્નિચર સાથે
મોચીનગર હોલ સામે, શીતલપાર્ક પાસે
150 ft રીંગ રોડ, રાજકોટ.
Mo. 84019 75488












# સાલ ૨૦૨૫માં શનિ પોતાની સ્વરાશિ કુંભની યાત્રા પૂર્ણ કરીને મીન રાશિમાં ગોચર પ્રવેશ કરશે : કઇ કઇ રાશિને અસર ?

વૈદિક જયોતિષ શાસ્ત્ર અનુસાર જયારે પણ શનિ પોતાની રાશિ પરિવર્તન કરે છે ત્યારે તેનો પ્રભાવ બારેય રાશિઓ પર રહે છે. શનિ ગ્રહ બધા ગ્રહોમાં સૌથી મંદ ગતિથી ચાલનો ગ્રહ માનવામાં આવે છે. આ તકે રાશિમાં લગભગ અઢી વર્ષ સુધી રહે છે. જેના કારણે જે રાશિઓ ઉપર શનિનો પ્રભાવ રહે છે તે લાંબા સમય સુધી રહે છે.



વૈદિક જયોતિષ શાસ્ત્રમાં શનિ ગ્રહને ન્યાયનો દેવતા માનવામાં આવેલ છે. તે વ્યકિતને કર્મને અનુસાર ફળ પ્રદાન કરે છે. શનિ એક રાશિમાં બીજીવાર આવવા માટે લગભગ ૩૦ વર્ષનો સમય લાગે છે.

વૈદિક જયોતિષ શાસ્ત્રને અનુસાર શનિ મહારાજ હાલ પોતાની મુળ ત્રિકોણ રાશિ કુંભમાં બિરાજમાન છે અને આખુ વર્ષ આ રાશિમાં રહેશે શનિ આગામી તા. ૨૯મી માર્ચ ૨૦૨૫ના પોતાની સ્વરાશિ અને મુળ ત્રિકોણ રાશિ કુંભની યાત્રાને વિરામ આપીને ગુરૂની રાશિ મીનમાં પ્રવેશ કરશે. શનિ મહારાજ મીન રાશિમાં તા.૨જી જુન ૨૦૨૭ સુધી રહેશે. શનિનું રાશિ પરિવર્તન થતા કેટલીક રાશિઓની સાડીસાતી પનોતી પૂર્ણ થઇ જશે. તેમ કેટલાક પર શરૂ પણ થઇ જશે અને પરેશાનીમાં વૃધ્ધિ થશે.

શનિ મહારાજનો મીન રાશિમાં ગોચર કરવાથી કઇ કઇ રાશિઓની મુશ્કેલીઓમાં વધારો થશે તેની વિગતો આપી છે.

**મેષ રાશિ**

તા.૨૯મી માર્ચ ૨૦૨૫ના શનિનું મીન રાશિમાં પરિવર્તન થતાં જ મેષ રાશિના જાતકોને સાડા સાતીનો આરંભ થઇ જશે. એવામાં શનિનું મીન રાશિમાં ગોચર મેષ રાશિના જાતકો માટે અનુકુળ સાબિત નહિ થાય. પરેશાનીમાં વધારો થાય અને આવકમાં ઘટાડો જોવા મળશે. કોઇપણ કામમાં સફળતા ઘણી મહેનત કર્યા પછી મળે. વૈદિક જયોતિષ શાસ્ત્રની ગણના અનુસાર શનિ મેષ રાશિના જાતકોના બારમાં ભાવમાં બિરાજમાન થશે. મેષ રાશિના જાતકોને કરિયરમાં મુશ્કેલીઓનો સામનો પડી શકે છે. ઘરમાં કેટલાક સદસ્યોની સાથે તનાવ થઇ શકે છે અને સ્વાસ્થ્યમાં પણ મુશ્કેલી જોવા મળી શકે છે. ધન હાનિની પણ સંભાવના છે. શત્રુઓમાં વધારો જોવા મળે કોઇપણ કાર્ય કરતા પહેલા સોવાર વિચારીને પગલુ ભરવાનું રહેશે.

**કર્ક રાશિ**

સાલ ૨૦૨૫માં શનિનું રાશિ પરિવર્તન કર્ક રાશિના જાતકો માટે સારૂ ન કહી શકાય. કાર્યક્ષેત્રમાં દબાવનો સામનો કરવો પડે. આ રાશિના જાતકો પર શનિની ઢેય્યા ચાલી રહી છે. ધન હાનિ થઇ શકે છે. આર્થિક સ્થિતિ કમજોર બની શકે છે. જીવનમાં અનેક પ્રકારનો પડકારોનો સામનો કરવો પડે. જે લોકો ઉચ્ચ શિક્ષા મેળવતા હશે તેમને પણ પરેશાનીનો સામનો કરવો પડે.

**કુંભ રાશિ**

શનિના રાશિ પરિવર્તનથી કુંભ રાશિના જાતકોને મુશ્કેલીનો સામનો કરવો પડે. હાલ કુંભ રાશિના જાતકોને શનિની સાડા સાતીનું અંતિમ ચરણ ચાલી રહ્યું છે. એવામાં આ રાશિના જાતકોને સતર્ક રહેવું પડશે. ખોટા ખર્ચામાં વૃધ્ધિ થાય. નોકરીયાતોને સંભાળીને ચાલવું પડશે. આ રાશિના જાતકોના કાર્યક્ષેત્રમાં પોતાના સહયોગીઓની સાથે કોઇપણ વાતને લઇને ચડભડ થવાની સંભાવના છે.

# CBSEની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવશે : ૨૦૨૫ થી અમલ

## ધોરણ ૧૧ અને ૧૨ માટે સેમેસ્ટર સિસ્ટમ લાગુ નહીં કરાય : બોર્ડને તૈયારી ચાલુ કરવા માટે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયની સૂચના મળી

નવી દિલ્હી : કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે સીબીએસઈને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫- ૨૬થી બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવા માટે જરૂરી તૈયારી કરવા જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેમિસ્ટર સિસ્ટમ લાગુ કરવાની યોજના નકારી કાઢવામાં આવી છે.



મંત્રાલય અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) આવતા મહિનાથી બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવા વિવિધ શાળાના પ્રિન્સિપાલ સાથે ચર્ચા કરશે. સીબીએસઈ અત્યારે અન્ડર ગ્રેજ્યુટએટના એડમિશન શિડ્યુલમાં ફેરફાર વગર વર્ષમાં બીજી વખત બોર્ડની પરીક્ષા લેવાનું માળખું તૈયાર કરવાની પ્રક્રિયામાં વ્યસ્ત છે. સૂત્રએ જણાવ્યું હતું કે, મંત્રાલયે બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત લેવા કેવી તૈયારીની જરૂર પડશે તેનો પ્રશ્ન કર્યો હતો. બોર્ડ તેની પ્રક્રિયા નિર્ધારિત કરવા આવતા મહિનાથી જુદીજુદી શાળાના પ્રિન્સિપાલ સાથે ચર્ચા કરશે. સૂત્રના જણાવ્યા અનુસાર સેમિસ્ટર સિસ્ટમ લાગુ કરવાની સરકારની કોઈ યોજના નથી. મંત્રાલય શરૂઆતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષા લેવા ઇચ્છુક હતું. જોકે, યોજનાને એક વર્ષ લંબાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે નીમેલી નેશનલ સ્ટિયરિંગ કંપની દ્વારા તૈયાર કરાયેલા નવા નેશનલ કરિકયુલમ ફ્રેમવર્ક (એનસીએફ)માં ધોરણ ૧૧ અને ૧૨ માટે સેમિસ્ટર સિસ્ટમ લાગુ કરવાનો પ્રસ્તાવ હતો. મંત્રાલયે ગયા વર્ષે ઓગસ્ટમાં જાહેર કરેલા એનસીએફમાં વિદ્યાર્થીઓને વર્ષમાં બે વખત બોર્ડની પરીક્ષા આપવાના વિકલ્પનો પણ પ્રસ્તાવ હતો. સૂત્રના જણાવ્યા અનુસાર સીબીએસઈ અત્યારે શિડ્યુલ અંગે વિચારણા કરી રહી છે. જેથી વિદ્યાર્થીઓને મહત્તમ લાભ મળી શકે અને બોર્ડની પરીક્ષાને તણાવમુક્ત બનાવવાનો હેતુ હાંસલ કરી શકાય. ગયા વર્ષે ઓગસ્ટમાં જારી કરવામાં આવેલા માળખામાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે વિદ્યાર્થીઓને વર્ષમાં બે વાર બોર્ડની પરિક્ષાઓ લખવાનો વિકલ્પ આપવામાં આવે.

# ભારતમાં દર ત્રણ ઈન્ફ્લૂએન્સરમાંથી બેના ૬૦% ફોલોઅર્સ નકલી, પૈસા ચૂકવી ખરીદે છેઃ રિપોર્ટ

દિલ્હી, તા ૨૭

શું તમે પણ એવા લોકોમાંથી એક છો કે જેઓ સોશિયલ મીડિયા ઈન્ફ્લૂએન્સરની વાતો પર ખૂબ વિશ્વાસ કરો છે, ખાસ કરીને જેઓ મોટી સંખ્યામાં ફોલોઅર્સ ધરાવે છે? પરંતુ એક રિપોર્ટની માહિતી મુજબ ભારતમાં દર ત્રણ ઈન્ફ્લૂએન્સરમાંથી બે, એટલે કે લગભગ ૫૮.૫% અને Instagram પ્રોફાઇલના ૬૦% થી વધુ ફોલોઅર્સ નકલી છે. ઈન્ફ્લૂએન્સર તેમની ફોલોઅર્સ વધારવા અને બ્રેન્ડને આકર્ષવા માટે પૈસા ચૂકવીને નકલી ફોલોઅર્સ ને ખરીદે છે.



ઈન્ફ્લૂએન્સર માર્કેટિંગ પ્લેટફોર્મના રિપોર્ટ અનુસાર, નકલી ફોલોઅર્સ વધારવાનો ટ્રેન્ડ બ્યુટી અને ફેશન ઇન્ડસ્ટ્રી માં સૌથી વધુ જોવા મળે છે. આ ઇન્ડસ્ટ્રી ફેસબુક સાથે સંકળાયેલી બ્રાન્ડ્સ પ્રખ્યાત ઈન્ફ્લૂએન્સર સાથે જોડાણ કરે છે અને તેમને તેમની બ્રાન્ડના અભિયાનનો એક ભાગ બનાવે છે, પરંતુ તેઓ એ પણ જાણતા નથી કે નકલી ફોલોઅર્સઓ તેમને આર્થિક નુકસાન પહોંચાડી શકે છે. અહેવાલો અનુસાર, ૮૦ લાખ ઓડિટ કરાયેલી પ્રોફાઈલમાંથી માત્ર ૨૪.૮ લાખ પ્રોફાઈલના સાચા ફોલોઅર્સ છે.

Klug Klugના કો-ફાઉન્ડર કલ્યાણ કુમાર કહે છે કે અત્યારે ભારત નકલી ફોલોઅર્સનો સૌથી મોટો ખરીદનાર અને વેચનાર છે. ફેક ફોલોઅર્સની આ ગેમ માત્ર ભારતમાં જ નહીં પરંતુ બ્રાઝિલ અને ઈન્ડોનેશિયામાં પણ મોટા પાયે રમાઈ રહી છે. રશિયા અને તુર્કી પણ કૃત્રિમ ફોલોઅર્સઓના એક્સપોર્ટર છે. આ ફોલોઅર્સઓ છે જે AI અથવા અન્ય પદ્ધતિઓ દ્વારા બનાવવામાં આવ્યા છે. આવી પ્રોફાઇલને વાસ્તવિક ફોલોઅર્સઓ તરીકે વેચવામાં આવે છે. મધ્ય પૂર્વમાં પણ નકલી ફોલોઅર્સઓ છે. ભારતનો ઈન્ફ્લૂએન્સર માર્કેટિંગ ઉદ્યોગ રૂ. ૧૮૦૦ કરોડથી વધુનો છે.

તાજેતરના અહેવાલ મુજબ, એક હજાર નકલી ફોલોઅર્સ ખરીદવા માટે માત્ર ૮ થી ૧૦ રૂપિયા ખર્ચવા પડે છે. જો કે, કેટલીકવાર ઇન્સ્ટાગ્રામ પર એક હજાર ફોલોઅર્સ માટે ૫૦ રૂપિયા પણ વસૂલવામાં આવે છે. ભારતમાં પ્રભાવશાળી લોકો આડેધડ નકલી ફોલોઅર્સ ખરીદી રહ્યા છે, પરંતુ હવે ઓછા પ્રભાવશાળી લોકોએ પણ ફેક ફોલોઅર્સ ખરીદવાનું શરૂ કરી દીધું છે. જેના કારણે આ ઈન્ડસ્ટ્રીમાં ફેક ફોલોઅર્સનો ધંધો વધુ વધી રહ્યો છે.

## સુવિચાર

**દુનિયાની સૌથી મોટી દવા છે જવાબદારી**
**એક વાર પી લ્યો એટલે આખી જિંદગી થાક ન લાગે..**



## આજનું ચિંતન

### તાકાતવાન રસબંધ

**ભેળમાં વધુ તાકાતવાન જો 'ચટણી' હોય છે, રસોઈમાં વધુ તાકાતવાન જો 'મીઠુ' હોય છે, મીઠાઈમાં વધુ તાકાતવાન 'સાકર' હોય છે. બગીચામાં વધુ તાકાતવાન જે 'જળ' હોય છે અને બજારમાં વધુ તાકાતવાન જો 'પૈસો' હોય છે, તો કર્મબંધમાં વધુમાં વધુ તાકાતવાન જો કોઈ એક પરિબળ હોય તો એ પરિબળનું નામ 'રસ' છે.**

**જે પણ વૃત્તિ-પ્રવૃત્તિમાં મનનો રસ વધુ, રૂચિ વધુ, આકર્ષણ વધુ, કર્મબંધની તીવ્રતા-મંદતા એના આધારે જ નકક થવાની.**

## દાદી જાનકીજી દ્વારા જ્ઞાનના હીરા-મોતી-૧

★ જે દુઃખ ન આપે તે બુધ્ધિવાન બની ગયા સમજો. તે માટેની વિધિ છે- ઈશ્વરીય જ્ઞાનને સાંભળવું. સાંભળી, તેના મનન-ચિંતનમાં રહેવાથી બુધ્ધિવાન બનાશે, જે કદી ન દુઃખ આપે કે ન કોઈ દુઃખ લ્યે.

★ જે દુઃખ આપે છેકે દુઃખ લઈ લે છે તે છેનાસમજી. તેનો સંબંધ વિકારોથી વધુ રહે છે. જે ઈશ્વરીય કાર્યમાં બહાનાબાજી કરે છે; એ પહેલા પુછશે, પછી જોશે અને વિચારતો જ રહેશે. આમ નાસમજી(ઓછી બુધ્ધિ)ને કારણે કોઈને કોઈ સાથે કર્મબંધનમાં બંધાશે.

★ ધ્યાન રહે-કોઈને છેતરવા અને છેતરાવુ. પોતાના સ્વાર્થ જોઈ કોઈનું ગળું કાપવું એ જાણે કે ઓછી બુધ્ધિ કહેવાય કારણ કે તેમાં તો દ્રષ્ટિ સ્વાર્થ પૂરતી જ મર્યાદિત થઈ. કર્મોના ગહન જ્ઞાનને તે સમજયા નથી આથી વધુને વધુ કર્મબંધનમાં બંધાય છે. બંધનમાં ન બંધાવા માટેની બે બાબતો યાદ રહે -એક, અટેંશન આપીને અહંકારને છોડવો. આત્મિક સ્મૃતિમાં રહેવું. જેનાથી ક્યાંયથી દુઃખ મળશે નહી અને બીજું કે - જોવા છતાં ન જોવું ? પોતાની સાક્ષી દ્રષ્ટિ રાખવી એ છે સમજદારી.

**મૂલ્યોની મહેક**
■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

★ હોશિયાર બુધ્ધિવાળા વિકારી બંધનોથી મુક્ત થતા જાય છે. સમજદાર એ જે કર્મબંધન કાપતા જાય છે.

★ પરમત અને દુનિયાનાં મતથી ફ્રી થઈ ગયા તો પછી ક્યારેય મુશ્કેલી કે પરેશાની આવશે જ નહી.

★ પરમાત્મા દ્વારા સમજ લીધી. સ્વયં અને પરમાત્માને, સૃષ્ટિચક્ર(ડ્રામા)ને, કર્મની ગતિને કે જે નહોતા જાણતા તેની જાણ થઈ, હવે જાણી જોઈને કર્મબંધનમાં ફસાય છે તેને વિમુખ અથવા મુર્ખ બુધ્ધિ કહે છે.

★ જેટલું કર્મબંધન બને છે આત્મા કરોળિયાની માફક જાળમાં ફંસાતી જાય છે. કરોળિયાની એ ટેવ છે પોતે જ જાળ બનાવી પોતે તેમાં ફસાય છે. પરંતુ પોતાને આત્મા સમજવાથી અર્થાત જ્ઞાન/સમજ મળતા જ પોતાને ફંસાવાની ટેવ છૂટી જાય છે. પરંતુ નાસમજદાર એવા ઓછી બુધ્ધિવાળી વ્યક્તિ જો હશે તો પોતાને છોડાવતા પણ પાછા ફસાય જાય છે. આથી સ્વયંને તેવા ન બનાવીએ.

★ હવે પરમાત્મા પણ ચેતવણી આપે છેકે- અમૂલ્ય જીવનને સમજીને ચલાવવું કે મહેનત દ્વારા આત્માના સંસ્કારોને સતોગુણી બનાવવાનો સમય બહુ જ થોડો છે. તો પરમાત્માની ચેતવણીની અવગણના કરી એટલે કે ગંભીર વાતને 'સુની અનસુની' કરી સ્વયંની ભેંસ જેવી બુધ્ધિ ન બનાવીએ કે જેને અનેક રીતે આગળ ચલાવવાની કોશિશ કરવા છતાંયે અટકી જતી હોય છે.

★ જે દુનિયાના ચલાવ્યા પ્રમાણે ચાલે એટલે કે પરમતથી ચાલે. જેવી રીતે દુનિયા ચલાવે તેમ ચાલે પરંતુ પરમાત્માની એક પણ વાતને ન સાંભળે કે ન ધારણામાં લાવે તે છે રાવણના શિરનો તાજ. ભગવાન જેનો શૃંગાર કરે, અને તે ધૂળમાં જઈને આળોટે છે.

★ જેની બુધ્ધિ અંધવિશ્વાસમાં ફસાયેલી છે અને બાપની વાત બુધ્ધિમાં બેસતી નથી તે છે પત્થર બુધ્ધિ.

★ જે વિકારોમાં ફસાયેલ છે, લોભી એવા કે મુઠ્ઠીભર ચણા પણ છોડે નહી, મોહ એવો કે જે મરેલ સંતાનને પણ છાતીએ લગાવી ફરે અને ગુસ્સો એવો કે દરેક વાતમાં ગુર્રર... ગુર્રર કરતા રહે તે છે બંદર બુધ્ધિ.

★ દુનિયામાં માબાપ બાળકોને નિશાળે મોકલી દે છે, શિક્ષકો ભણાવી પોતાના ઘરે જતા રહે છે અને ગુરૂ મંત્ર આપી છૂટી જાય છે. પરંતુ પરમાત્મા તરફનું આપણુ એક કદમ, પરમાત્માના સો ડગલા આપણી મદદ માટે તૈયાર છે. એ આપણી માતા-પિતા, શિક્ષક, સતગુરૂ બની આખો દિવસ કેટલી સંભાળ લે છે કે જેનાથી આત્મા સતોપ્રધાન બની જાય છે. આત્મા બુધ્ધિહીનથી બદલી બુધ્ધિવાન બની જાય છે. તો આપણી બુધ્ધિને દિવ્ય બનાવનાર 'બુધ્ધિવાનોની બુધ્ધિ' એ ઉપરવાળો અર્થાત સર્વ આત્માઓના પરમપિતા પરમાત્મા એક છે. તેમને દરેક કાર્યમાં સાથનો અનુભવ કરીશું તો, તેમની નિરંતર યાદ દ્વારા આત્મા મુક્તિ-જીવનમુક્તિને પ્રાપ્ત કરે છે.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦: વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર વદ-૪, તા.૨૮/૪/૨૪, રવિવાર

સૂર્યોદય : ૬-૧૯, સૂર્યાસ્ત : ૭-૧૦, જૈન નવકારશી : ૭.૦૭
રાશિ : ધન (ધ.ફ.ભ.ઢ)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-ધન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** દિવસ દરમ્યાન કર્મચારી વર્ગનો સહકાર રહેશે, સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા રહે.
**વૃષભ :** સમાજમાં પ્રતિષ્ઠા વધવાની, સપરિવાર પ્રવાસનું આયોજન થાય, નોકરીમાં અનુકુળતા વધવાની.
**મિથુન :** ભાઈ બહેનો સાથે વ્યવસાય બાબત ચર્ચા થાય, મિલ્કતની વેચાણ બાબત ઉતાવળ ન કરવી.
**કર્ક :** સગાઈ કે લગ્નના કાર્યમાં અનુકુળતા રહેવાની, સંતાનોની પ્રગતિ, ગુસ્સાને કાબુમાં રાખજો.
**સિંહ :** ભાગીદારોને સહકાર દેજો, ખર્ચ ઉપર કાબુ જરૂરી, ભાઈ બહેનો સાથે મતભેદો ટાળવા.
**કન્યા :** વિદેશ જવાની તક મળે, નોકરીમાં બદલીના ચાન્સ, શેર સટામાં નિર્ણયો મહત્વના રહે.
**તુલા :** મન પરનો ભાર હળવો થવાનો, આત્મવિશ્વાસ વધે, નેવી મિત્રતા લાભદાયક રહેશે, ગુસ્સાને કાબુમાં રાખજો.
**વૃશ્ચિક :** અંધશ્રધ્ધાથી દુર રહેજો, તમો ખુબ જ મહેનત કરો છો તેનું ફળ તમોને મળવાનું છે, કર્જમાં રાહત રહે.
**ધન :** તમારી જવાબદારીઓ વધવાની, જુના કર્જના પ્રશ્નોને ધ્યાનમાં રાખજો, સ્વાસ્થ્ય બાબત સુધારો રહે.
**મકર :** નિર્ણયો લેવામાં અનુકુળતા રહેશે, નોકરીમાં સારી તક ઉભી થાય, કાર્યભાર રહે, કાલ્પનીક વિચારો ટાળવા.
**કુંભ :** આર્થિક બાબતોમાં અનુકુળતા જોવા મળે, વાંચન પ્રત્યે રૂચી વધવાની, આત્મવિશ્વાસ વધવાનો પ્રવાસનું આયોજન થાય.
**મીન :** તબીયત બાબત ધ્યાન દેજો, ભાગીદારોને સહકાર દેવો, પ્રવાસમાં સાવધાની રાખવી, વડીલ વર્ગની સલાહ લેજો.

# કામ ચાલુ હૈ ! : રાજપાલ યાદવ નોટ ઓન્લી ઈન કોમેડી!



**કેમ જોવી?:** સામાજિક સંદેશો આપતી ફિલ્મો જોવી પસંદ હોય તો!

**કેમ ન જોવી?:** મિડલ કલાસ પરિવારની રોજીંદી જિંદગી જોઈને કંટાળી ગયા હોવ તો!

સામાન્ય રીતે આપણે મનોરંજન માટે ફિલ્મો જોઈએ છીએ. પરંતુ કેટલીક ફિલ્મો એવી હોય છે કે જે મનોરંજનની સાથે એવો સંદેશ પણ આપે છે કે જે આપણને હંમેશ માટે યાદ રહી જાય છે. એક સત્ય ઘટનાથી પ્રેરિત ફિલ્મ 'કામ ચાલૂ હૈ' મહારાષ્ટ્રના એક વ્યક્તિની વાર્તા છે કે જે તેની પત્ની અને પુત્રી સાથે સુખી જીવન જીવે છે. તેમની એકમાત્ર પુત્રી અભ્યાસમાં હોશિયાર હોવાની સાથે સાથે તે જિલ્લા કક્ષાની ક્રિકેટ ટીમની ખેલાડી પણ છે.

ક્રિકેટની ગ્લેમરસ દુનિયામાં પોતાની દીકરીના સારા ભવિષ્યના સપના જોઈ રહેલા મનોજ પાટીલ (રાજપાલ યાદવ)ને ખ્યાલ ન હતો કે ભવિષ્યમાં કંઈક બીજું લખાઈ જશે. એક દિવસ એવી ઘટના બને છે કે સમગ્ર પરિવારની વાર્તા બદલાઈ જાય છે. એક દિવસ મનોજ પોતાની દીકરી સાથે સ્કૂટર પર જઈ રહ્યો હોય છે ત્યારે તેનું એક્સિડેન્ટ થાય છે. તેણે હેલ્મેટ પહેર્યું હોવાથી તે બચી ગયો, પરંતુ તેની પુત્રી ખાડામાં પડીને મૃત્યુ પામે છે. દીકરીની અચાનક દુનિયામાંથી વિદાયથી હતાશ થયેલા મનોજ પહેલા સિસ્ટમથી બદલો લેવા માંગે છે. પરંતુ એક દિવસ અચાનક કંઈક એવું બને છે કે સિસ્ટમ બદલવાને બદલે તે શહેરના રસ્તાઓ પર ખાડાઓ ભરવાનું શરૂ કરે છે અને પછી આગળ શું થાય છે તે જાણવા માટે તમારે ફિલ્મ જોવી પડશે.

**સિને 'માઁ'** — પરખ ભટ્ટ — શુધ્ધ કાઠિયાવાડી સ્ટાઇલ ફિલ્મ રિવ્યુ

ફિલ્મના દિગ્દર્શક પલાશ મુછલે આ ફિલ્મ ખૂબ જ મહત્વના વિષય પર બનાવી છે, પરંતુ કમનસીબે, નબળી સ્ક્રિપ્ટને કારણે તે એક મહાન ફિલ્મ બનાવવામાં નિષ્ફળ રહ્યા છે. માત્ર દોઢ કલાકની આ ફિલ્મની શરૂઆત સારી થાય છે, પરંતુ ઈન્ટરવલ પછી ફિલ્મ નબળી પડી જાય છે. ખાસ કરીને જ્યારે ફિલ્મનો સૌથી મહત્વનો પ્લોટ આવે છે ત્યારે દિગ્દર્શક તેને યોગ્ય રીતે દર્શકો સમક્ષ રજૂ ન કરી શક્યા હોય એવું લાગે છે.


આ સિવાય ફિલ્મને વાસ્તવિક મુદ્દા સુધી પહોંચવામાં પણ ઘણો સમય લાગે છે. જો કે, રાજપાલ યાદવે પોતાના ઉત્તમ અભિનયથી ફિલ્મને જોવાલાયક બનાવી છે. રાજપાલ યાદવે ફરી વખત સાબિત કરી દીધું છે કે તેની પાસે માત્ર દર્શકોને હસાવવાની ક્ષમતા નથી, પરંતુ તે ગંભીર અભિનયમાં પણ બેજોડ છે. ફિલ્મના બાકીના કલાકારોએ પણ સારું કામ કર્યું છે. ફિલ્મનું સંગીત એવરેજ છે. જો તમે આ વીકએન્ડમાં ઘરે બેસીને કોઈ મહત્વપૂર્ણ વિષય પર આધારિત ફિલ્મ જોવા માંગતા હોવ તો તમે આ ફિલ્મ જોઈ શકો છો.

bhattparakh@yahoo.com

**THIS WEEK ON OTT**
૧) નેટફ્લિક્સ : ડેડ બોય ડિટેક્ટિવસ
૨) એમેઝોન પ્રાઈમ વિડીયો - દિલ દોસ્તી ડેલીમા
૩) ડિઝની+ હોટસ્ટાર : ભીમા
૪) જીઓ સિનેમા - રણનીતિ : બાલાકોટ બેયોન્ડ

**સાંજ સ્ટાર**
૩ ચોકલેટ

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




**આડી ચાવી**
૧. સારા અલી ખાન-પંકજ ત્રિપાઠીની નવી ફિલ્મ (૭)
૬. ઉદાસ (૪)
૮. ન....ન જયાદા (૨)
૯. ફિલ્મ : કિસી કા ભાઇ, કિસી કી ... (૨)
૧૦. કમનસીબ (૪)
૧૨. માળા-હિન્દી (૨)
૧૩. શોપિંગ 'સેન્ટર' (૨)
૧૪. એક કિડો (૩)
૧૫. હિન્દી ફિલ્મોના મરાઠી એકટર (૬)
૧૭. ફર્ટિલાઇઝર (૩)
૧૯. જૈનોનો મહાન મંત્ર (૬)
૨૩. પાણીમાંના વર્તુળ (૩)
૨૫. રાંધેલા ચોખા (૨)
૨૬. દિયર (૩)
૨૭. અભ્યાસક્રમ-અંગ્રેજી (૨)
૨૮. ઝઝબાત-ગુજરાતી (૩)
૨૯. ફિલ્મ : ...ભાદો, ...કો આને દો (૩)
૩૧. ડાઉટ (૨)
૩૩. આદમ અને ? (૨)
૩૪. મારધાડ (૪)
૩૬. ચહેરો-ઉર્દુ (૩)
૩૮. વીના-બગૈર (૩)
૪૦. એક જ અક્ષર આવશે (૮)
૪૩. ભાવેણું (૫)
૪૫. તાવ પહેલાની તૂટન (૨)
૪૬. વહુનું અપભ્રંશ (૨)
૪૭. અંકલ (૨)
૪૯. વિશિષ્ઠ ચોથ (૫)
૫૧. ભારતીય વિદ્યા ભવનનું માસિક પ્રકાશન (૮)
૫૩. શોધખોળ (૩)
૫૫. અરૂણ ..., ... વાડ (૩)
૫૬. સુર્ય (૨)
૫૭. એક કઠોળ (૨)
૫૮. અવાજ (૨)
૫૯. બધું ખતમ થઇ ગયું (૩)
૬૨. પાકિસ્તાનનું શહેર (૫)
૬૩. લાયન (૪)
૬૪. સૌથી મોટી રાણી (૪)
૬૫. ...ચાહે કોઇ મુઝે જંગલી કહે (૨)

**ઉભી ચાવી**
૧. અમર, અકબર, એન્થનીના ડિરેકટર (૮)
૨. છુટ્ટી (૨)
૩. જેમ્સ બોન્ડ સિરીઝની ફિલ્મ (૫)
૪. અમાઉન્ટ (૩)
૫. ઓછું-હિન્દી (૨)
૬. દિકરી માટેનો કાઠીયાવાડી શબ્દ (૨)
૭. સોરઠનો પર્વત (૪)
૮. સાઇઠ મિનિટ (૩)
૧૧. ઇન્ડિયા ઇયર માટેનો શબ્દ (૫)
૧૨. મા ખોડીયારનું ધામ (૩)
૧૬. ચાંદી (૩)
૧૮. એક હાર્ડ ડ્રિન્ક (૨)
૨૦. એક જ શબ્દ આવશે (૧૧)
૨૧. વજહ (૩)
૨૨. મંત્રનો એકધારો જાપ (૪)
૨૪. દિવસમાં બાર શું હોય ? (૩)
૨૫. બહેનની દિકરી (૨)
૨૭. કોર્ટનો દેશી ઉચ્ચાર (૩)
૩૦. ઠંડુ ફ્લેવર્ડ વાણી (૪)
૩૧. મદિરા (૩)
૩૨. કલબલાટનું ટુંકુ (૪)
૩૪. માર્ગ-જોડણી છુટી પાડો (૩)
૩૫. ફૂક લખો (૨)
૩૬. ડેડબોડી (૨)
૩૭. ફિલ્મ : ... કયુ ઔર કહાં ? (૨)
૩૯. પિસ્તોલ (૨)
૪૦. ફયુઅલ (૪)
૪૧. 'બેફામ' તખલ્લુસ ધરાવતા કવિ-શાયર (૭)
૪૨. અર્થ વગરનો લવારો (૪)
૪૩. આડી ચાવી નં. ૪૩ મુજબ (૫)
૪૪. ઘોર નિષ્ફળતા (૩)
૪૮. મારે લાયક ... જણાવશો (૪)
૫૦. લાડ-ઉંધુ લખો (૨)
૫૨. નીલમ લીલાધરનું ટુંકુ (૨)
૫૪. જીદ (૨)
૫૭. મડિયા-ખોટી રીતે લખો (૩)
૫૯. સ્ટાર્સ-ગુજરાતી (૨)
૬૦. રાજા કરે ... દરજી સીવે કોટ (૨)
૬૧. હાથ ઉંધુ લખો (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇ | ર | ફા | ન | ખા | ન | | ક | લે | શ |
| | ણ | ર | | લ | | આ | સું | | કક |
| બા | જી | ગ | ર | | ગ | ડ | બો | | ર |
| જુ | | તિ | | સ | | તિ | | સ | પા |
| બં | દે | | | બુ | નિ | યા | દ | | સ |
| ધ | ન | | ર્ક | ત | સ | | વા | સ | |
| | | શા | ક | | ર | | | જા | દુ |
| સં | તા | પ | | મ | ણી | ભ | દ્ર | | કા |
| | કા | ર | ત | ક | | | | આ | ળ |
| પ્રી | ત | | ન | ર | | મા | તા | જી | |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

સાંજ સમાચાર

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )













તસ્વીરઃ ભાવીન રાજગોર









### સૌરાષ્ટ્રમાં પ્રચારનો શંખનાદ : જામકંડોરણામાં જંગી રેલી સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી

# પ્રથમ બે તબકકાના મતદાનમાં રાહુલ બાબાના સુપડા સાફ થઇ ગયા છે : અમિત શાહ

**કોંગ્રેસ વોટ બેંકની રાજનીતિ કરે છે : કલમ-૩૭૦ ખોળામાં રાખીને બેઠી હતી, અમે નાબુદ કરવાની વાત કરી તો કાશ્મીરમાં લોહીની નદીઓ વહેશે તેવી ધમકી આપી પણ એક પથ્થર ન ફેંકાયો -ગૃહમંત્રી : રામ મંદિર મુદ્દો પણ ૭૦ વર્ષ લટકાવી રાખ્યો હતો**

**પોરબંદર લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર મનસુખભાઇ માંડવીયાના સમર્થનમાં સભા : જામકંડોરણામાં મીની રોડ-શો, ખુલ્લી જીપમાં ફર્યા : કમળનું બટન દબાવી નરેન્દ્રભાઇ મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા હાંકલ : સમગ્ર સૌરાષ્ટ્રને ધમધમતું કરવાનું કામ મોદી સરકારે કર્યુ છે**

**કોંગ્રેસના સમયમાં પોરબંદરની જેલ પણ બંધ કરવી પડે તેવી સ્થિતિ હતી : નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી બનતા જ જેલ ખોલીને સૌપ્રથમ પોરબંદરના માફીયાઓને અંદર કર્યા : સતત ૩૫ મીનીટ સુધી સંબોધન : શ્રોતાઓએ વધાવી લીધા**

રાજકોટ, તા. ૨૭

ગુજરાતમાં આગામી તા. ૭ના રોજ યોજાનારી લોકસભા ચુંટણી માટેની ૨૫ બેઠકો પર મતદાન પૂર્વે જ આજે સૌરાષ્ટ્રનું બુંગીયુ ફુંકતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોરબંદર મત વિસ્તારના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઇ માંડવીયાના પ્રચારમાં જામકંડોરણા ખાતે જાહેર સભાને સંબોધતા કોંગ્રેસને આડે હાથે લેવા સાથે તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૬૫ વર્ષ કોંગ્રેસે વોટ બેંકનું રાજકારણ કર્યુ છે અને છેલ્લા દસ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની સરકારે જે જે વચનો આપ્યા હતા તે પૂરા કર્યા છે અને હવે વિકસીત ભારતના લક્ષ્યાંક માટે ફરી એક વખત કમળનું બટન દબાવીને નરેન્દ્રભાઇ મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાનું કામ આપણે સૌએ કરવાનું છે. આજે રાજકોટ વિમાની મથકે ખાસ હેલીકોપ્ટરમાં જામકંડોરણા પહોંચેલા ગૃહમંત્રી અમિત શાહનું મનસુખભાઇ માંડવીયા તેમજ જેતપુર ધોરાજી વિસ્તારના ધારાસભ્ય જયેશભાઇ રાદડીયા સહિતના અગ્રણીઓએ સ્વાગત કર્યુ હતું. બાદમાં તેમણે એક સભા સંબોધતા પૂર્વે જામકંડોરણામાં મીની રોડ-શો કર્યો હતો અને માર્ગની બંને બાજુ હજારો લોકોએ શાહનું અભિવાદન કર્યુ હતું. બાદમાં તેમણે સભાને સંબોધતા કહ્યું કે પ્રથમ બે તબકકાના મતદાનથી રાહુલ બાબાના સુપડા સાફ થઇ ગયા છે અને હવે ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો માટે દેશમાં ૪૦૦ પારનો નરેન્દ્રભાઇનો નારોએ વાસ્તવિકતા બનવા જઇ રહ્યો છે. અમિત શાહે કહ્યું કે આજે હું પોરબંદરમાં પ્રથમ સભા કરૂ છું પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે એક સમયે પોરબંદરમાં કોંગ્રેસની સરકારને જેલ બંધ કરવાની ફરજ પડી હતી અને પોરબંદરમાં કાયદો અને વ્યવસ્થા એ સરકાર નહીં માફીયાઓના હાથમાં હતી પરંતુ ૨૦૦૧માં નરેન્દ્રભાઇ ગુજરાતના મુખ્યમંત્રી બનતા પોરબંદરની જેલ શરૂ કરાવી અને માફીયાઓને તેમાં સ્થાન આપી દીધુ હતું. શાહે રાષ્ટ્રીય મુદાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે કાશ્મીરને ખાસ દરજજો આપતી કલમ ૩૭૦ કોંગ્રેસ ખોળામાં રાખીને બેઠી હતી અને વોટ બેંકની રાજનીતિ કરી હતી તો બીજી તરફ ૭૦ વર્ષ સુધી રામ મંદિર મુદો લટકાવી રાખ્યો હતો અમે કલમ ૩૭૦ની નાબુદીની વાત કરી તો કાશ્મીરમાં લોહી રેડાશે તેવી ધમકી આપી હતી અને ૫ ઓગષ્ટ ૨૦૧૯ના દિવસે જયારે આ ખરડો લઇને હું ઉભો થયો તો રાહુલ બાબાએ પણ કાશ્મીરમાં લોહીની નદીઓ વહેશે તેવું જણાવ્યું હતુ પરંતુ એક પથ્થર પણ ફેંકાયો નહીં. તેમણે સર્જીકલ સ્ટ્રાઇકનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે પાકિસ્તાન એ ભુલી ગયું હતું કે ભારતમાં હવે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી છે અને અમે તેમને સબક શીખવ્યો.




## શ્રોતાઓને મોદી પંખા અપાયા

આજે ભારે ગરમી વચ્ચે અમિતભાઇ શાહની જે જાહેર સભા યોજાઇ હતી તેમાં ઉપસ્થિત એક લાખથી વધુ લોકોને ગરમીમાં રાહત આપવા ભાજપે હજારોની સંખ્યામાં મોદી પંખા વહેંચ્યા હતા. જેમાં વડાપ્રધાનની તસ્વીર પણ નજરે ચડતી હતી.

## સોમનાથને ફરી સોનેથી મઢવાનું કામ શરૂ થઇ ગયું છે

આજે જામકંડોરણામાં સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે એક સમયે વિદેશી હુમલાખોરોએ સોમનાથની ભવ્યતા અને સમૃધ્ધિ લુંટી હતી અને સરદારસાહેબે સોમનાથ મંદિરનો પુનરોધ્ધાર કર્યો અને નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં સોમનાથ મંદિરને સોનેથી મઢવાની કામગીરી શરૂ થઇ ગઇ છે આમ દેશમાં મંદિરોને તેમની ભવ્યતા પુનઃ આપવા માટે મોદી સરકાર પ્રતિબધ્ધ છે.

## જયેશ રાદડીયાને ત્યાં ભોજન લેતા અમિત શાહ સહિતના અગ્રણીઓ

આજે જામકંડોરણામાં પ્રચાર સભાને સંબોધન કરવા આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બપોરનું ભોજન જેતપુર-ધોરાજીના ધારાસભ્ય જયેશ રાદડીયાને ત્યાં લીધુ હતું તેમની સાથે લોકસભા બેઠકના ઉમેદવાર મનસુખભાઇ માંડવીયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.



## અર્જુનભાઇ બધુ બરાબરને... અમિતભાઇએ પૂછયું

આજે જામકંડોરણામાં કેન્દ્રીય ગૃહમંત્રીની જાહેરસભામાં હાલમાં જ ભાજપમાં ભળીને ફરી એક વખત પોરબંદર ધારાસભા ચૂંટણી લડી રહેલા અર્જુનભાઇને અમિત શાહની બાજુમાં જ સ્થાન અપાયું હતું અને બંને વચ્ચે ગુફતગુ પણ થઇ હતી આ ઉપરાંત પોરબંદર લોકસભાના ઉમેદવાર મનસુખભાઇ માંડવીયા સાથે પણ ચર્ચા કરી હતી.



## વંદેભારતમાં હવે અડધો લીટર પાણીની બોટલ જ મળશે

નવી દિલ્હી તા.૨૭

દેશમાં દોડાવાઈ રહેલી વંદેભારત ટ્રેનના પ્રવાસીઓ હવે ૫૦ મીલીલીટરથી વધુની જરૂરિયાત માટે ટ્રેનના સ્ટાફને વિનંતી કરવી પડશે. રેલ્વે અત્યાર સુધી વંદે ભારતના પ્રવાસીઓને એક લીટરની રેલ્વે નીરની બોટલ આપતુ હતું પરંતુ હવે તેમાં કામ મુકી દીધો છે અને ફકત એક ૫૦૦ મીલીલીટરની બોટલ મળશે. મોટી બોટલમાં પાણીનો બગાડ થતો હોવાનું બહાર આવ્યા બાદ રેલ્વેએ આ નિર્ણય લીધો છે. ઉતર રેલ્વેના પીઆરઓએ જણાવ્યું હતું કે એક લીટરની બોટલ આપવાથી એવો અનુભવ થયો છે કે તેમાં પ્રવાસીઓ મોટાભાગનું પાણી પીતા હોતા નથી અને તે વેસ્ટેજ જાય છે તેના બદલે હવે ૫૦૦ મીલીલીટરની બોટલ મળશે. એક લીટર પાણી કુલ અપાશે પરંતુ બીજી બોટલ માટે પ્રવાસીએ વિનંતી કરવી પડશે.

### નાના બાળકોના માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો

# બજારમાં મળતું સ્પ્રે શરબત પીધા બાદ ચાર વર્ષનો બાળક બેભાન થઈ ગયો : તત્કાલ સારવારમાં ખસેડાયો

**મોરબી રોડ જકાતનાકા પાસે ફિલ્ડ માર્શલની વાડી નજીક રહેતા ડેનિશ તન્નાએ ઘર પાસેની પાન-પિપરમેન્ટની દુકાનેથી સ્પ્રે શરબત ખરીદ્યું હતું**

**બેભાન બાળકને તત્કાલ તેના પિતા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં નવી ઝનાના હોસ્પિટલમાં તેની સારવાર ચાલુ છે**

રાજકોટ, તા.૨૭

બજારમાં મળતી કોઈ પણ પ્રોડક્ટ આંખો બંધ કરીને તમારા બાળકોને ન આપવો. કારણે કે, બાળકોના માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. મોરબી રોડ જકાતનાકા પાસે ફિલ્ડ માર્શલની વાડી નજીક રહેતા ડેનિશ તન્નાએ ઘર પાસેની પાન-પિપરમેન્ટની દુકાનેથી સ્પ્રે શરબત ખરીદ્યું હતું. બેભાન બાળકને તત્કાલ તેના પિતા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા જયાં નવી ઝનાના હોસ્પિટલમાં તેની સારવાર ચાલુ છે.



બનાવની વિગત મુજબ, ડેનિશ મનોજભાઈ તન્ના (ઉ.વ.૪ રહે-જકાતનાકા મોરબી રોડ ફિલ્ડ માર્શલની વાડી સામે) નામનો બાળક રમવાના રમકડામાં આવતો સરબત પી જતાં તબીયત લથડી હતી. બાદ બાળકને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેની વધુ સારવાર ઝનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે તેના પિતા મનોજભાઈ તન્નાએ જણાવ્યું કે, ગત રોજ પોતાનાં ઘર નજીક આવેલ પાન-પિપરમેન્ટની દુકાનેથી તેનો પુત્ર ડેનિશ સ્પ્રે શરબત લાવ્યો હતો. જેમાં પીવાના સરબત જેવું આવે છે. તે સરબત પીધાં બાદ બાળકની તબીયત લથળી હતી. બાળક બેભાન જેવો થઈ જતાં તુરંત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર હેઠળ છે. ત્યાર બાદ પિતાએ તે દુકાને જઈ તે રમકડામાં રહેલ સરબત પોતે ચાખ્યું હતું. જે પિતા એક દમ ખાટુ અને ફીણ જેવું લાગ્યું હતું. પિતાએ તુરંત આ શરબત ડબ્બીની આખી બરણીનો નાશ કરવા દુકાનદારને જણાવ્યું હતું અને હવે કોઈ પણ બાળકને આવું પ્રોડક્ટ ન વેચવા કહ્યું હતું. મનોજભાઈએ સાંજ સમાચારને જણાવ્યું હતું કે, તેના પુત્રની હાલ સારવાર ચાલુ છે. તે સ્વસ્થ થયા પછી આ અંગે જે કંઇ કાયદેસર કાર્યવાહી થતી હશે તે હાથ ધરશે.

# મતદાન મથકોની આસપાસ ૧૦૦-૨૦૦ મીટરના સફેદ પટ્ટા લગાવાયા

### ચૂંટણીના દિવસે મતદાન મથકોમાં મતદાર સિવાયના વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધઃ જાહેરનામાનો થશે ચુસ્ત અમલ




રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી શાંતીપૂર્ણ માહોલમાં સુચારૂ રૂપથી યોજવા માટે ચૂંટણી તંત્ર દ્વારા કમ્મરકસી દેવામાં આવેલ છે. આ માટે ૨૨૩૬ જેટલા મતદાન મથકો તૈયાર કરવામાં આવી રહ્યા છે. મતદાન મથકો પર મતદાન કરવામાં મતદારોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરી તકેદારી રાખવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આદેશ અપાયા છે. તેની સાથોસાથ મતદાનના દિવસે મતદાન મથકોના વિસ્તારમાં ૧૪૪મી કલમના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી કરવામાં આવનાર છે. મતદાનના દિવસે મતદાન મથકોમાં મતદાર સિવાયના અન્ય કોઈ વ્યકિતઓ પ્રવેશે નહીં તે માટે મતદાન મથકોની આસપાસ ૧૦૦ મીટર અને ૨૦૦ મીટરના પટ્ટા લગાવવામાં આવેલ છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# ગોંડલના વેજાગામમાં વેપારીના મકાનમાં તસ્કરો ત્રાટકયાઃ રૂા.૯૭ હજારના મુદ્દામાલની ચોરી

## વેપારી વતન વેજાગામ ગયા બાદ રાજકોટ આવ્યા અને પરત ઘરે પહોંચ્યા ત્યાં તસ્કરો ચોરીને અંજામ આપી ચુકયા'તાઃ રોકડ અને દાગીના ઉઠાવી ગયાંઃ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ તા.૨૭

ગોંડલના વેજાગામમાં વેપારીના મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ રોકડ અને દાગીના સહિત રૂ.૯૭ હજારના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટતાં ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે હાલ ગોંડલમાં ખોડલધામ રેસિડેન્સીમાં તિલક એપાર્ટમેન્ટમાં રહેતાં અને મૂળ વેજાગામના વતની રસેષભાઈ વ્રજલાલ દુધાત્રા (ઉ.વ ૩૮) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગોંડલમાં ગુંદાળા રોડ, મેલડીમાના મંદિર પાસે હોલસેલની દુકાન ચલાવે છે. તેઓ પરીવાર સાથે દશેક દિવસથી વેજાગામે પ્રસંગમાં રોકાયેલ હતા. ગઈકાલે સવારે દશેક વાગ્યે તેઓ તેની માતા, પત્ની અને પુત્ર સાથે રાજકોટ હોસ્પીટલના કામે ગયેલ હતા. બપોરના આસરે ત્રણેક વાગ્યે વેજાગામે ઘરે આવેલ અને ડેલીનુ તાળુ ખોલતા અંદરથી આંગળીયો મારી દિધેલાનુ લાગતા બાજુમા કમલેશભાઈ છગનભાઇ દુધાત્રાના મકાનની ડેલી ખોલતા તેમની ડેલી પણ અંદરના ભાગેથી આંગળીયો મારી દિધેલ હોય જેથી બાજુમા થાંભલા ઉપરથી ચડી અમારી ડેલીમા ગયેલ અને અંદરથી આંગળીયો મારેલ હોય તે ખોલી મકાનના દરવાજા જોતા ખુલ્લો અને નકૂચો તુટેલી હાલતમા જોવામા આવેલ હતો.

ઘરની અંદર તપાસ કરતા રૂમમા કબાટનો દરવાજો ખુલ્લો હતો અનેસમાન વેર વિખેર કરેલ હતો. બાજુના રૂમમા જોતા ઠાકોરજીના મંદિરમા પણ અસ્ત વ્યસ્ત સમાન હતો. કબાટની અંદર આવેલ નાની તીજોરીમા રાખેલ રોકડા રૂપિયા ૭૦ હજાર જોવામા આવેલ નહીં તેમજ ચાંદીના સાંકળા જોડી-૨ રૂ.૭ હજાર તેમજ બાજુના રૂમમાં ઠાકોરજીના મંદિરમાથી સોનાની બુટી જોડી-૧ રૂ.૧૫ હજાર, સોનાની વિંટી રૂ.૫ હજાર સહિત રૂ.૯૭ હજારના મુદ્દામાલની ચોરી થયાનું સામે આવ્યું હતું. જેથી તસ્કરો મકાનની દિવાલ ટપી અંદર ઘુસી ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ હાથ ધરી હતી.

### રાજકોટમાં રીક્ષા ગેંગ ફરીવાર સક્રિય

# આજીડેમ ચોકડી પાસે શ્રમિકના ખિસ્સામાંથી રોકડા રૂા.૪૧ હજારની તફડંચી

## મહિકા ગામના પાટીયા પાસે સીમમાં રહેતાં શ્રમિક પોતાના વતન છોટા ઉદેપુર જવા રિક્ષામાં બેઠાં બાદ તેમાં બેસેલ ગેંગે ચોરીને અંજામ આપ્યોઃ આજીડેમ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૨૭

રાજકોટમાં રીક્ષા ગેંગનો તરખાટ યથાવત રહ્યો હોય તેમ ફરીવાર રીક્ષા ગેંગ ઝળકી હતી અને શ્રમિકને નિશાન બનાવ્યા હતાં. મહિકા ગામના પાટીયા પાસે વાડીએ રહેતાં શ્રમિક પોતાના વતન છોટા ઉદેપુર જવા રિક્ષામાં બેઠાં અને તેમાં સવાર ત્રણ શખ્સોએ શ્રમિકના ખિસ્સામાં રહેલ રૂ.૪૧ હજાર તફડાવી નાસી છૂટતાં આજીડેમ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મહિકા ગામના પાટીયા પાસે ભારત પેટ્રોલપંપની પાછળ મામા સાહેબના ખીજડા પાસે ખેડૂત દિનેશભાઈ સીયાણીની વાડીએ રહેતાં મૂળ છોટાઉદેપુરના બોડેલીમાં રહેતાં અરવીંદભાઈ ગોવીંદભાઈ નાયકા (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ઓટોરીક્ષા નં. જીજે.૦૩.સીટી.૦૦૫૦ ના ચાલક તેમજ તેની પાછળ બેસેલ અજાણ્યાં ત્રણ શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા એક વર્ષથી વાડીના મકાનમાં રહી ખેતીકામ કરે છે. ગઈકાલે વતનમાં માતાજીના હવનમાં જવાનું હોય જેથી તેના શેઠ પાસેથી રોકડા રૂ.૬૦ હજાર લીધેલ અને રાત્રીના સાડા આઠ વાગ્યાની એસ.ટી. બસ હોય જેથી બસ સ્ટેશન જવા માટે તેના ભત્રીજા સાથે મહીકા ગામના પાટીયે ઉભા હતા અને ઓટો રીક્ષાની રાહ જોતા હતાં.

દરમિયાન ત્રંબા તરફથી એક ઓટો રીક્ષા આવેલ અને તેને ઉભી રાખી એસ.ટી. બસ સ્ટેશન જવાનું કહેલ અને તે રીક્ષામાં પાછળની સીટમાં ત્રણ વ્યક્તિ બેઠેલ હતા. તેમાંથી એક વ્યક્તિ ઉતરેલ અને તેઓ બંનેને વચ્ચે બેસવાનું કહેતા તેઓ રીક્ષાની પાછળની સીટમાં વચ્ચે બેસી ગયેલ હતાં. ત્યારબાદ રીક્ષા ચાલકે લકીરાજ પાર્ટી પ્લોટથી આગળ, મોગલ માતાજીના મંદીર સામે, રોડ ઉપર પહોંચતા તેની રીક્ષા ઉભી રાખેલ અને તેઓને જણાવેલ કે, મારે ગ્રીનલેન્ડ ચોકડી તરફ જવાનું છે તમે બન્ને નીચે ઉતરી બીજી રીક્ષામાં જતા રહો જેથી તેઓ નીચે ઉતરી ગયેલ અને નીચે ઉતરી ખિસ્સમાં જોતા તેમાં રાખેલ રોકડા રૂ.૪૧ હજાર જોવામાં આવેલ નહીં અને તુરંત રીક્ષાના નંબર જોતા નં. જીજે.૦૩.સીટી.૦૦૫૦ જોવામાં આવેલ હતાં. તેઓના ખિસ્સામાં રહેલ રોકડા રૂ.૪૧ હજારની રીક્ષા ગેંગ તફડંચી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે રીક્ષાગેંગની શોધખોળ હાથ ધરી હતી.

# રાજકોટ પંથકમાં યુવતી સહિત ચારની આત્મહત્યા

### કારખાનેદાર નિમેષ સખીયાએ ધંધો ન ચાલતા ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટ, તા.૨૭

રાજકોટ પંથકમાં યુવતી સહિત ચાર લોકોએ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઇ છે. કારખાનેદાર નિમેષ સખીયાએ ધંધો ન ચાલતા ગળાફાંસો ખાઈ લીધો હતો, મૂળ ભાવનગરની ધર્મિષ્ઠા ગોહેલને પિતાએ નોકરીએ જવાની ના કહેતા જિંદગી ટૂંકાવી હતી. ૧૫ લાખના દેણાંમાં ડૂબેલા રાજેશ ચૌહાણે સુડા વડે પોતાનું જ ગળું કાપી નાખ્યું હતું. આણંદપર બાઘીમાં મહેશભાઈ વાઢેરે ગળાફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લીધું હતું.

પ્રથમ બનાવની વિગત મુજબ ધર્મિષ્ઠાબેન રમેશભાઈ ગોહેલ (ઉ.વ.૨૫, રહે. કુવાડવા ગામ) નામની યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં તેઓનાં પરિવારમાં કલ્પાંત છવાયો હતો. ધર્મિષ્ઠા મૂળ ભાવનગરની વતની હતી અને કુવાડવા ગામે ભાડાની ઓરડીમાં રહી ઓનલાઈન કંપનીમાં કામ કરતી હતી, તેના પિતાએ ભાવનગર પાછું આવી જવાનું કહેતાં હતાં અને નોકરી મૂકી દેવાનું પણ કહેતા હતા. જે બાબતે લાગી આવતાં યુવતીએ ગઈકાલે ભાડાની ઓરડીમાં ગળાફાંસો ખાઈ લેતાં તુરંત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ છે.

### ૧૫ લાખના દેણાંમાં ડૂબેલા રાજેશ ચૌહાણે સુડા વડે પોતાનું જ ગળું કાપી નાખ્યું

બીજા બનાવની વિગત મુજબ આણંદપર બાઘી ગામે રહેતા મહેશભાઈ આંબાભાઈ વાઢેર (ઉ.વ.૫૦) એ પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તાકિદે પ્રૌઢને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતક ખેતીકામ કરતા હતાં. સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે. જેમાં પુત્ર માનસિક અસ્વસ્થ હોય જેની ચિંતામાં કેટલાક સમયથી ડિપ્રેશનમાં રહેતા હતાં. અને ગઈ કાલે પત્ની અને પુત્રી બહારગામ ગયા હતા. જેથી ઘરે કોઈ ન હતું ત્યારે પ્રૌઢે આ પગલું ભર્યાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો હતો.



ત્રીજા બનાવમાં નિમેષભાઈ રવજીભાઈ સખીયા (ઉ.વ.૪૫ રહે- શિવનગર ગોંડલ રોડ, રાજકોટ) નામના યુવકે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. નિમેષભાઈને પટેલનગર-૨ માં હાર્ડવેરનું કારખાનું છે. જે હાર્ડવેરનો વ્યવસાય બરોબર ચાલતો નહતો. જેથી યુવકે ગઈ કાલે પોતાનાં ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા યુવકે દમ તોડી દિધો હતો. યુવકને સંતાનમાં એક પુત્ર- પુત્રી હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

### આણંદપર બાઘીમાં મહેશભાઈ વાઢેરે ગળાફાંસો ખાઈ અંતિમ પગલું ભરી લીધું

ચોથા બનાવમાં શહેરના રજપૂતપરામાં રહેતા રાજેશભાઈ બટુકભાઈ ચૌહાણ (ઉ.વ.૫૮) નામનાં પ્રૌઢે સોપારી કાપવાના સુડાથી ગળું કાપી આપઘાત કરી લીધો હતો. પ્રૌઢે પાડોશમાં જ મિત્રની દુકાને જઇ અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવથી અરેરાટી મચી જવા પામી છે. રાજેશભાઈ અને તેના પરિવારજનો ટિફિન સર્વિસનું કામ કરી ગુજરાન ચલાવે છે, કોઈ કારણસર રાજેશભાઈએ બેંકમાંથી લોન લીધી હતી અને લોનના વ્યાજ સહિત અંદાજે રૂ.૧૫ લાખનું દેણું થઇ ગયું હતું. લાખોના દેણાને કારણે ત્રણેક દિવસથી રાજેશભાઇ ચિંતામાં રહેતા હતા. ગઈ કાલે સાંજે રાજેશભાઇ નિત્યક્રમ મુજબ પાડોશમાં જ સોપારી કટિંગનું કામ કરતા તેમના મિત્ર સુરેશભાઈ કરશનભાઈ ચૌહાણની દુકાને બેસવા ગયા હતા. થોડીવાર બેઠા બાદ સુરેશભાઇ ચા લેવા ગયા હતા અને સુરેશભાઈ ચા લઇને પરત ફર્યા ત્યારે રાજેશભાઇ લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા. અને તેમના ગળા પર સોપારી કાપવાનો સૂડો પડયો હતો. લાખોના દેણાથી કંટાળી પ્રૌઢે આપઘાત કરી લીધાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. ઘટનાથી ચૌહાણ પરિવાર સ્તબ્ધ થઇ ગયો હતો. ઘટનાની જાણ થતા એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ બારોટ સહિતની ટીમ દોડી ગઇ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો.

### મૂળ ભાવનગરની ધર્મિષ્ઠા ગોહેલને પિતાએ નોકરીએ જવાની ના કહેતા જિંદગી ટૂંકાવી

# ચૂંટણી પૂર્વે પોલીસ એકશનમાં : રાજકોટ રેન્જના ૫ જિલ્લામાં ૬૦ આરોપી પાસાના પિંજરે પુરાયા

## દારૂના ગુનામાં સંડોવાયેલ ૩૭ આરોપી અને વ્યાજખોરી, છેડતી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ૨૩ શખ્સને જેલમાં ધકેલાયા

રાજકોટ, તા.૨૭

લોકસભાની ચૂંટણી પૂર્વે પોલીસ એકશન આવી છે. રાજકોટ રેન્જના ૫ જિલ્લામાં ૬૦ આરોપી પાસાના પિંજરે પુરાયા છે. દારૂના ગુનામાં સંડોવાયેલ ૩૭ આરોપી અને વ્યાજખોરી, છેડતી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ૨૩ શખ્સને જેલમાં ધકેલાયા છે.



રેન્જના પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, વર્તમાન સમયમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ છે. જે અનુસંધાને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં થાય તે માટે રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા રેન્જ હસ્તકના પાંચ જિલ્લા જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને રાજકોટ ગ્રામ્ય પોલીસના વિસ્તારમાં અલગ - અલગ ગેરકાયદેસર પ્રવતિઓ સાથે સંકળાયેલા અસામજીક તત્વો્ વિરુધ્ધ પાસાની દરખાસ્તો તૈયાર કરી જિલ્લા કલેકટર તરફ ફાઈનલ હુકમ મેળવવા માટે મોકલી આપી પાસા વોરંટ મેળવી અસામાજીક તત્વોની અટકાયત કરી અલગ-અલગ જિલ્લાની જેલમાં મોકલી આપવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કુલ ૬૦ આરોપીઓ વિરુધ્ધ પાસા અંગેના ફાઈનલ હુકમ મેળવી તેની બજવણી કરી અટકાયત કરી અગલ-અલગ જીલ્લાની જેલોમાં મોકલી આપવાની કામગીરી કરવામાં આવેલ હતી. પાસાના આરોપીઓમાં કુલ ૩૭ દારૂની ગેરકાયદે પ્રવૃતિ સાથે સંકળાયેલ શખ્સોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જ્યારે આરોપીઓમાં કુલ ૨૩ ભયજનક વ્યકતિ, નાણાધીરધાર તથા જાતીય સતામણીની પ્રવૃતિ સાથે સંકળાયેલ શખ્સોનો સમાવેશ કરવામાં આવેલ હતો. જિલ્લા વાઇઝ જોઈએ તો દેવભુમી દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા ૪, જામનગર જિલ્લા પોલીસ દ્વારા ૧૫, મોરબી પોલીસ દ્વારા ૧૧, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ૧૩ અને સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા ૧૭ આરોપીને પાસામાં જેલ હવાલે કરાયા હતા. રેન્જ આઈજીએ જણાવેલ કે, આ પ્રકારની પોલીસ કામગીરી આગામી લોકસભા ચૂંટણી સુધી ચાલુ રહેશે.

# પિતાએ માતાને ગાળો આપી મારી નાખવાની ધમકી આપતા મેડિકલ સ્ટોર સંચાલકે ફરિયાદ નોંધાવી

## પંચવટી મેઈન રોડનો બનાવઃ માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ તા.૨૭

પંચવટી મેઈન રોડ પર ઉશ્કેરાયેલા પિતાએ માતાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા મેડીકલ સ્ટોર સંચાલક પુત્રએ માલવીયાનગર પોલીસ મથકમાં પિતા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે પંચવટી મેઈન રોડ પર મારૂતી ડ્રાઈવીંગ સ્કૂલની સામે રહેતા દીપ જીતેન્દ્રભાઈ રાઠોડ (ઉ.૨૮) એ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે જીતેન્દ્ર લક્ષ્માણ રાઠોડ (રહે. પંચવટી મેઈન રોડ)નું નામ આપી જણાવ્યું હતું કે તેઓ નાનામવા રોડ પર આવેલી સૂર્યમુખી હનુમાનજી મંદિર પાસે મેડીકલ સ્ટોર ચલાવે છે. ગઈકાલે સવારના દસેક વાગ્યાની આસપાસ તેઓ મેડીકલ સ્ટોરે હતા ત્યારે તેના પીતરાઈ ભાઈ અંકીત રાઠોડની પત્નીનો ફોન આવેલ અને કહેલ કે આપણા મોટાબાપુ જીતેન્દ્ર રાઠોડ ભાભુ સાથે બોલાચાલી કરી ઝઘડો કરે છે. તમે જલદી ઘરે આવો કહેતા તેઓ મેડીકલ સ્ટોરેથી બાઈક લઈ ઘરે ગયેલ ત્યારે તેઓના પિતા તેમની માતા સાથે બોલાચાલી કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેઓને સમજાવવા છતા પણ વધુ ઝઘડો કરતા અંતે ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે ધમકી આપનાર જીતેન્દ્ર રાઠોડ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


# અવસાન નોંધ

**રાજકોટઃ** મોઢવણિક, રાજકોટ નિવાસી મધુબેન હેમેન્દ્રભાઈ મહેતા તા.૨૬ શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે હેમેન્દ્રભાઈ મનસુખલાલ મહેતાના ધર્મપત્ની તથા ધીરેન્દ્ર મનસુખલાલ મહેતાના ભાભી તથા રાહુલ મહેતાના ભાભુ થાય. સદગતનું ઉઠમણું તા.૨૭ શનિવાર સાંજે ૬-૦૦ કલાકે મોઢ વણિક વિદ્યાર્થી ભવન, ૫- રજપૂતપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સોની ડેનીશકુમાર બી. પાટડીયા (ઉ.વ.૪૧) તે રાજકોટ સ્વ. વૃજલાલ વિરજીભાઈ વઢવાણાના જમાઈ અને જયેશભાઈ તથા કૌશિકભાઈના બનેવીનું તા.૨૬/૪ના શુક્રવારે અવસાન થયેલ છે. તેમની સાદડી તા.૨૭/૪ને શનિવારના સાંજના ૪થી ૬ નાનામવા ચોક, ૧૫૦ રીંગ રોડ, સ્પીડવેલ ચોક પાછળ શ્યામલ સ્કાય લાઈફ સામે સિતાજી ટાઉનશીપ ડી-૧૨૫ અંબીકા ટાઉનશીપ પાસે, રાજકોટ મુકામે રાખેલ છે. મો.૭૪૯૯૭ ૫૯૩૫૫.

**રાજકોટઃ** લુહાર પ્રવિણભાઈ નારણભાઈ આસોડીયા (ઉ.૭૧) તે હિતેશભાઈ તથા કૌશિકભાઈના પિતાશ્રી તથા મનસુખભાઈ તથા નલીનભાઈના મોટાભાઈનું તા.૨૬ના અવસાન થયેલ છે. બેસણું તા.૨૯ને સોમવારે સાંજે ૪થી ૬ મચ્છુકઠીયા લુહાર જ્ઞાતિની વાડી, રણછોડનગર, રાજકોટ ખાતે રાખેલ છે. મો.૯૮૭૯૮ ૭૪૧૩૦.

**રાજકોટઃ** સ્વ. રતિલાલ ડાયાલાલ ઝાલા (ઉ.વ.૯૦) તા.૨૫ ગુરૂવારના રોજ સ્વર્ગસ્થ થયેલ છે. જેનું બેસણું તા.૨૯ને સોમવારના સવારે ૧૦થી ૧૧ કલાકે ધારેશ્વર મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.



**કુવાડવાઃ** સ્વ.મહેશભાઈ દયાળજીભાઈ બુધ્ધદેવ તે હસુભાઈ બુધ્ધદેવ (ગવર્મેન્ટ પ્રેસ) રાજકોટ તથા સ્વ. નરેશભાઈ બુધ્ધદેવ મોટાભાઈ તે દીપકભાઈ, હિતેશભાઈ, વંદનાબેન ઠકરાર, (પોરબંદર) પ્રીતિબેન પોપટ (મોરબી) હર્ષિદાબેનના પિતાશ્રી જીતેન્દ્રકુમાર ઠકરાર (પોરબંદર) સુરેશકુમાર પોપટ (મોરબી)ના સસરા તથા નગીનભાઈ પોપટલાલ પોબારૂના બનેવી તા. ૨૭/ ૦૪/૨૦૨૪ શનિવારના શ્રીજી ચરણ પામેલ છે તેમનું ઉઠામણું તથા પિયર પક્ષની સાદડી તા.૨૯/૦૪/૨૦૨૪ સોમવાર સાંજે ૫:૦૦ વાગે સદગુરુ લુહાણા મહાજન વાડી બસ સ્ટેન્ડ પાસે કુવાડવા રાખેલ છે.

### ખંભાળિયાના જાણીતા આશિષ મેડિકલ વાળા સ્વ. મથુરભાઈ ગોકાણીના પત્નીનું નિધનઃ આજે પ્રાર્થનાસભા

**જામ ખંભાળિયાઃ** સ્વ. મથુરાદાસ શામજીભાઈ ગોકાણીના ધર્મપત્ની ગં. સ્વ. મીનાબેન મથુરાદાસ ગોકાણી (ઉ.વ. ૬૯) તે આશિષ મેડિકલ વારા આશિષભાઈ તથા ઋષિનભાઈના માતૃશ્રી શનિવાર તારીખ ૨૭-૦૪-૨૦૨૪ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.તેમની



પ્રાર્થનાસભા તેમજ પિયર પક્ષની સાદડી આજરોજ શનિવાર તારીખ ૨૭ મી ના રોજ સાંજે પાંચથી સાડા પાંચ ભાઈઓ તથા બહેનો માટે અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.




ત્રીજી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી

આપની હૈયાતી અમારી પ્રેરણા હતી, આપ અમારા માર્ગદર્શક હતા. આપ દેહ થી ભલે દુર થયા પણ આત્માથી હંમેશા અમારી પાસે છો. આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

મોહનભાઈ જુઠાભાઈ પાનસુરીયા
મનિષભાઈ મોહનભાઈ પાનસુરીયા
પુજાબેન મનિષભાઈ પાનસુરીયા
પાયલ મનિષભાઈ પાનસુરીયા
દિક્ષીત મનિષભાઈ પાનસુરીયા
હર્ષ મનિષભાઈ પાનસુરીયા
તથા પાનસુરીયા પરિવારના જય શ્રીકૃષ્ણ

સ્વ.શાંતાબેન મોહનભાઈ પાનસુરીયા
સ્વ.તા.૨૮-૪-૨૦૨૧

shashi



૩૪મી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી – ધોરાજી



સ્વ. પટેલ બચુભાઈ ભુટાભાઈ
સ્વ. તા. ૨૭-૦૪-૧૯૯૦, ધોરાજી

સમજવી કઠીન છે આ સંસારની માયા, અમર નથી રહેતી આ કોઈ જીવનની કાયા, રહે છતાં મૃત્યુ બાદ આ સ્મરણોની છાયાં, લાગણીના હૃદય ભીના હેત તણાં ઓછાયા, કેમ કરી જાય મનમાંથી સ્વજનની છાયા... પ્રભુ આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના..

લી.
શાંતિલાલ બચુભાઈ હુંમર
સાગર શાંતિલાલ હુંમર
અદ્રિક સાગર હુંમર

સાગર સોલંકી - ૯૦૩૩૪ ૫૩૩૦૪



ત્રીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



આપની અણધારી વિદાયને આજે ત્રણ વર્ષ પૂરા થાય છે. સદેહે આપ અમારી સમક્ષ નથી પણ આપની સ્નેહભરી સ્મૃતી સદા જીવંત રહેશે. આપનો કુટુંબ પ્રેમ, વ્યવહાર, કુશળતા તથા હસમુખો સ્વભાવ અવર્ણનિય છે. આજે અમે તમને અશ્રુભીની શ્રધ્ધાંજલી અર્પીએ છીએ. પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના...

લી
શ્રી જય નંદવાણી પ્રીન્ટીંગ પ્રેસ
શ્રી કિશોરભાઈ ભૂપતભાઈ કોઠારી, મીનાબેન કોઠારી, ઉમંગ કોઠારી, પલક કોઠારી, તેજસ કોઠારી, કિંજલ કોઠારી, રીયા, જીયાંશ

સ્વ. સરલાબેન દેવીદાસભાઇ દોશી
સ્વ. તા. ૨૭-૪-૨૦૨૧



પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



ઈશ્વર સત્ય છે, તો પિતા પરમ સત્ય છે. પિતા તરીકે પરિવારને એક તાંતણે બાંધી રાખ્યા આપે, પારિવારિક અને સામાજિક જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી અમોને સંસ્કાર અને જીવનમૂલ્યોનો વારસો આપી ગયા.

આપની પૂણ્યતિથિએ આપના આત્માને શત શત વંદન.

લિ.
ડોડીયા પરિવારના જય માતાજી

સ્વ. મોહનભાઈ ગોવિંદભાઈ ડોડીયા
સ્વ. તા. ૧૦/૪/૨૦૨૩

Drishty-24


# ગાળો બોલવા મામલે ટપારતા ત્રણ શખ્સોએ અમુલ પાર્લરમાં તોડફોડ કરી વૃધ્ધનો હાથ ભાંગી નાખ્યો

## હરીધવા મેઈન રોડનો બનાવઃ ઈજાગ્રસ્ત રાઘવભાઈ ગાજીપરાને સારવારમાં ખસેડાયાઃ ભકિતનગર પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ઓળખ મેળવી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી

રાજકોટ તા.૨૭

હરીધવા મેઈન રોડ પર ગાળો બોલી રહેલા અજાણ્યા શખ્સોને ટપારતા ઉશ્કેરાયેલા ત્રણ શખ્સોએ વૃધ્ધના અમુલ પાર્લરમાં તોડફોડ કરી વૃધ્ધને પાઈપથી ફટકારતા તેમનો હાથ ભાંગી નાખ્યો હતો. બનાવ અંગે ભકિતનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

બનાવ અંગે હરીધવા મેઈન રોડ પર ભવનાથના ખુણે રહેતા રાઘવભાઈ નાથાભાઈ ગાજીપરા (ઉ.૬૩)એ ફરીયાદમાં આરોપી તરીકે ત્રણ અજાણ્યા શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે તેઓ ખેતી કામ કરે છે અને તેમના ઘર નજીક જ તેમના પુત્રને અમુલ પાર્લર આવેલું છે. તેઓ દરરોજ રાત્રીના સમયે પાર્લર ઉપર બેસી વેપાર કરે છે. ગઈકાલે રાત્રીના સાડા દસ વાગ્યાની આસપાસ તેમના પુત્ર અને ત્યાં રાખેલ એક માણસ સાથે પાર્લર પર હતા ત્યારે એકટીવા ધોકા સાથે ધસી આવેલા બે શખ્સો તેમજ ચાલીને આવેલા એક શખ્સે કોઈપણ જાતની વાતચીત કર્યા વગર ઝઘડો કરવા લાગ્યો અને ધોકા વડે ત્રાણેય શખ્સો તોડફોડ કરી ચીજવસ્તુ ફેંકવા લાગેલ હતા. બે શખ્સોએ ધોકા વડે પાર્લરના કાચ તેમજ ગરમ પફ રાખવાના ઓવન મશીન તેમજ ફ્રીઝમાં ફટકારી કાચ તોડી નુકશાની કરેલ હતી.

દરમ્યાન તોડફોડ કરી રહેલા શખ્સોને અટકાવવા જતા ફરીયાદીને પણ હાથમાં ધોકો ફટકારી હાથ ભાંગી નાખ્યો હતો. વધુમાં ઉમેરતા તેઓએ જણાવ્યું કે ત્રાણેય શખ્સો તેમના પાર્લર પાસેથી ગાળો બોલી પસાર થતા હતા. જેઓને ગાળો બોલવા બાબતે ટપારતા આરોપીઓએ ઉશ્કેરાઈને હુમલો કર્યો હતો.




બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસે મારામારી, તોડફોડ સહિતનો ગુનો નોંધી સીસી ટીવી ફૂટેજના આધારે હુમલો કરનાર અજાણ્યા શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

# સમન્વય સોસાયટીમાંથી દારૂના જથ્થા સાથે બે સપ્લાયર ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે લીસ્ટેડ બુટલેગર નિખીલ કોટેચાએ ભાડે રાખેલ મકાન નં.૩૦માં દરોડો પાડી દારૂની ૨૯ બોટલ સાથે મનીષ સાંચલા અને પારસ વાળાને દબોચ્યાઃ બુટલેગરની શોધખોળ

રાજકોટ તા.૨૭

રૈયા રોડ પર આવેલ સમન્વય સોસાયટીમાં મકાન નં.૩૦માં ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી લીસ્ટેડ બુટલેગર નિખીલ કોટેચાએ સંતાડેલ દારૂના જથ્થા સાથે બે સપ્લાયરને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે બુટલેગર નિખીલ કોટેચાને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

દરોડાની વિગત મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે. હુણ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ. અમીત અગ્રવાલ અને કોન્સ. વાલજી જાડાને રૈયા રોડ પર આવેલ સમન્વય સોસાયટીમાં આવેલ મકાન નં.૩૦માં દારૂનો જથ્થો સંતાડેલ હોવાની ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મકાનમાં છુપાવેલ દારૂની ૨૯ બોટલ રૂા.૯૯,૯૦૮ના મુદ્દામાલ સાથે મનીષ રસીક સાંચલા (ઉ.૩૦) (રહે. રણુજાનગર શેરી નં.૩, કોઠારીયા રોડ) અને પારસ ઉર્ફે રાજેશ સુભાષ વાળા (ઉ.૨૩) (રહે. હાલ સમન્વય સોસાયટી શેરી નં.૩૦ મુળ મીઠાપુર-દ્વેવ ભૂમી દ્વારકા)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ક્રાઈમ બ્રાંચના સુત્રોએ જાણવ્યું હતું કે રાજકોટના લીસ્ટેડ બુટલેગર નિખીલ કોટેચાએ સમન્વય સોસાયટીમાં મકાન ભાડે રાખી દારૂનો જથ્થો ઉતાર્યો હતો અને પકડાયેલા બન્ને શખ્સોને દારૂની ડીલેવરી માટે રાખ્યા હોવાનું પકડાયેલા શખ્સોએ કબુલાત આપી હતી. લીસ્ટેડ બુટલેગર નિખીલ કોટેચાની ક્રાઈમ બ્રાંચે શોધખોળ આદરી હતી.



સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# પંજાબ કિંગ્સે ઈતિહાસ રચ્યો, ટી-૨૦ ક્રિકેટમાં સૌથી મોટો રન ચેઝ કર્યો : KKR સામે ૧૮.૪ ઓવરમાં ૨૬૨ રન બનાવ્યા; બેયરસ્ટોની સદી, શશાંકની ફિફ્ટી

## કોલકતામાં એક મેચમાં ૪૨ છગ્ગા લાગ્યા – રેકોર્ડ : ત્રીજી વખત આઈપીએલમાં ૫૦૦+ રન બન્યા







ઇડન ગાર્ડન્સ, કોલકતા : પંજાબ કિંગ્સે ટી૨૦ ક્રિકેટ અને IPLના સૌથી મોટા રન ચેઝ કર્યો છે. ટીમે વર્તમાન સિઝનની ૪૨મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને ૮ વિકેટથી હરાવ્યું હતું. પંજાબે કોલકાતાના હોમ ગ્રાઉન્ડ ઇડન ગાર્ડન પર ૧૮.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૨૬૨ રન બનાવ્યા હતા.

PBKS તરફથી જોની બેયરસ્ટોએ સદી ફટકારી હતી. તે ૪૮ બોલમાં ૧૦૮ રન બનાવીને અણનમ રહ્યો હતો, શશાંક સિંહે ૨૮ બોલમાં અણનમ ૬૮ રન બનાવીને ટીમને વિશાળ લક્ષ્યાંકનો પીછો કરાવ્યો હતો. પ્રભસિમરન સિંહે પણ ૨૦ બોલમાં ૫૪ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી સુનીલ નારાયણે એક વિકેટ ઝડપી હતી. એક બેટ્સમેન રનઆઉટ થયો હતો.

પંજાબે શુક્રવારે ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૬૧ રન બનાવ્યા હતા. ફિલ સોલ્ટ (૩૭ બોલમાં ૭૫ રન) અને સુનીલ નારાયણે (૩૨ બોલમાં ૭૧ રન) અડધી સદી ફટકારી હતી. બંને વચ્ચે સદીની ભાગીદારી હતી. આન્દ્રે રસેલે ૨૪, વેંકટેશ અય્યરે ૩૯ અને શ્રેયસ અય્યરે ૨૮ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી અર્શદીપ સિંહને ૨ વિકેટ મળી હતી.

**પંજાબ આઠમા નંબરે, કોલકાતા ટોપ-૨ પર રહ્યું :**

આ જીત સાથે પંજાબની ટીમ વર્તમાન સિઝનમાં ૮મા સ્થાને આવી ગઈ છે જ્યારે કોલકાતા બીજા સ્થાને યથાવત છે. પંજાબના ૬ પોઈન્ટ છે જ્યારે કોલકાતાના ૧૦ પોઈન્ટ છે.

**IPL મેચમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ :**

આ મેચમાં IPL મેચમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ તૂટી ગયો હતો. આ મેચમાં ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી. અગાઉનો રેકોર્ડ ૩૮ સિક્સરનો હતો જે આ સિઝનમાં SRH અને MI મેચ દરમિયાન કરવામાં આવી હતી.

પંજાબ અને કોલકાતા વચ્ચેની મેચમાં કુલ ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી, જેમાં KKRએ ૧૮ અને PBKSએ ૨૪ સિક્સ ફટકારી હતી.

**ટી-૨૦ ક્રિકેટમાં સૌથી મોટા રન ચેઝ**

| ટીમ | વિરૂધ્ધ | ચેઝ | ટુર્નામેન્ટ | વર્ષ |
|---|---|---|---|---|
| પંજાબ કિંગ્સ ઈલેવન | કોલકતા નાઈટ રાઈડર્સ | ૨૬૨ | આઈપીએલ | ૨૦૨૪ |
| દક્ષિણ આફ્રિકા | વેસ્ટ ઈન્ડિઝ | ૨૫૯ | ઈન્ટરનેશનલ | ૨૦૨૩ |
| મીડલસેક્સ | સરે | ૨૫૩ | ટી-૨૦ બ્લાસ્ટ | ૨૦૨૩ |
| ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | ૨૪૪ | ઈન્ટરનેશનલ | ૨૦૧૮ |
| બલ્ગેરીયા | સર્બિયા | ૨૪૩ | ઈન્ટરનેશનલ | ૨૦૨૨ |

**શશાંકસિંહની ૨૩ બોલમાં ફિફ્ટી**

શશાંક સિંહે ૧૮મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી છે. તેણે ૨૩ બોલમાં ફિફ્ટી પૂરી કરી.

**જોની બેયરસ્ટોની ૪૫ બોલમાં સદી:**

જોની બેયરસ્ટોએ ૧૬મી ઓવરમાં પોતાની સદી પૂરી કરી લીધી છે. તેણે ૪૫ બોલમાં સદી ફટકારી હતી. બેયરસ્ટોની આ બીજી આઈપીએલ સદી છે.

**ઓપનર પ્રભાસિમરનની ૧૮ બોલમાં ફિફ્ટી :**

પંજાબના ઓપનર પ્રભસિમરન સિંહે ૧૮ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે ૫મી ઓવરના બીજા બોલ પર પોતાની ફિફ્ટી પૂરી કરી. પ્રભાસિમરને સુનીલ નારાયણની ઓવરના પ્રથમ બે બોલ પર બાઉન્ડ્રી ફટકારી હતી. સિંઘે સિક્સર સાથે પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

**પર્પલ કેપ :**

પંજાબ કિંગ્સના ફાસ્ટ બોલર હર્ષલ પટેલે કોલકાતા સામે એક વિકેટ લીધી, આ સાથે તે ૧૭મી સિઝનનો ટોપ વિકેટ લેનાર બોલર બની ગયો. તેણે ૯ મેચમાં ૧૪ વિકેટ લીધી હતી. તેના પછી MIના જસપ્રીત બુમરાહ અને RRના યુઝવેન્દ્ર ચહલે ૧૩-૧૩ વિકેટ લીધી છે.

**ત્રીજી વખત IPL મેચમાં ૫૦૦ પ્લસ રન બન્યા :**

કોલકાતાએ ૨૬૧ રન બનાવ્યા હતા અને પંજાબે ૨૬૨ રન બનાવ્યા હતા, એટલે કે મેચમાં કુલ ૫૨૩ રન બનાવ્યા હતા. IPLના ઈતિહાસમાં ત્રીજી વખત એક મેચમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા છે. આ પહેલા હૈદરાબાદ-મુંબઈ અને હૈદરાબાદ-બેંગ્લોર વચ્ચેની મેચમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. SRH-RCB મેચમાં રેકોર્ડ ૫૪૯ રન બનાવ્યા હતા.

રાજ્યમાં લોકસભા ચૂંટણી સમયે ફરી હિંસા વધવા લાગી

# મણીપુરમાં કુકી આતંકીઓના હુમલામાં બે જવાનો શહીદ

## મધરાતે સીઆરપીએફ કેમ્પ પર હુમલોઃ અનેક ઘાયલઃ બે દિવસ પુર્વે પુલ ઉડાવી દેતા અનેક વાહનો ફસાયા

ઈમ્ફાલઃ મણીપુરમાં લોકસભા ચુંટણી સમયે જ ફરી હિંસા ભડકી ઉઠી છે અને કુકી ઉગ્રવાદીઓના હુમલામાં અહી ફરજ પર મુકાયેલા કેન્દ્રીય અનામત પોલીસદળના બે જવાનો શહીદ થયા હતા. નારનસેના ક્ષેત્રમાં રાત્રીના ૨.૧૫ કલાકે ઉગ્રવાદીઓએ સીઆરપીએફના એક કેમ્પ પર જબરો હુમલો કર્યો હતો. જેમાં ૧૨૮મી બટાલીયનના બે જવાનો શહીદ થયા છે અને અન્ય ઘાયલ થયા છે. હજું ગઈકાલે જ અહી લોકસભા ચૂંટણીમાં બીજા તબક્કાની એક બાકી રહેલી બેઠક પર મતદાન થયુ હતુ તે અગાઉ પણ તા.૧૬થી રાજયમાં હિંસા વધી છે અને સુરક્ષાદળોના આવાગમન રોકવા અહી ઉગ્રવાદીઓએ અનેક માર્ગો



પર વિધાનો ઉભા કર્યા છે. બુધવારે કાંગપોકસી જીલ્લામાં ઈમ્ફાલ-માઓ માર્ગ પર એક પુલને શક્તિશાળી વિસ્ફોટથી ઉડાવી દેવા આતંકીઓએ પ્રયાસ કર્યો હતો અને તેના કારણે પુલ અડધો ક્ષતિગ્રસ્ત થતા બન્ને તરફ વાહનોનો કાફલો જમા થઈ ગયો હતો. ગત વર્ષે અહી હિંસાનો માહોલ બન્યા બાદ કુકી આતંકવાદીઓ સતત નાના મોટા હુમલા કરી રહ્યા છે જેમાં હાલના સમયમાં ગઈકાલનો હુમલો સૌથી મોટો છે. શહીદ થયેલા બે જવાનોમાં સીઆરપીએફ સબ ઈન્સ્પેકટર એન.સરકાર અને કોન્સ્ટેબલ અરૂણ સૈનીનો સમાવેશ થાય છે. તેઓ આ કેમ્પની સુરક્ષા માટે તૈનાત હતા.

# રાજયમાં સૌથી ગરમ શહેર રાજકોટ : ૪૦.૮ ડિગ્રી તાપમાન

રાજકોટ, તા. ૨૭

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ક્રમશઃ ગરમીનો પારો ઉપર ચડવા લાગ્યો છે, ત્યારે રાજકોટમાં ગઇકાલે રાજયની સૌથી વધુ ૪૦.૮ ડિગ્રી ગરમી નોંધાઇ હતી.


**અમરેલી–સુરેન્દ્રનગરમાં પણ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયું**

તેમજ સુરેન્દ્રનગરમાં ૪૦.૨, પોરબંદરમાં ૩૫.૮, અમદાવાદમાં ૩૯.૭, અમરેલીમાં ૪૦.૩, વડોદરામાં ૩૮, ભાવનગરમાં ૩૭.૭, ભુજમાં ૩૮.૫, છોટા ઉદેપુરમાં ૩૭.૪, ડાંગમાં ૩૮.૨, ડિસામાં ૩૮, દિવમાં ૩૧.૩ તથા દ્વારકામાં ૩૦.૬ ડિગ્રી અને ગાંધીનગર ખાતે ૩૯, જામનગરમાં ૩૩.૬, કંડલામાં ૩૩.૮ તથા નલિયા ખાતે ૩૪ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના સોઢી લાપતાઃપિતાની પોલીસમાં ફરિયાદ

## દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યા બાદ ન મુંબઈ પહોંચ્યા કે ન ઘેર પાછા ફર્યા

મુંબઈ : લોકપ્રિય ટીવી સીરીયલ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના જૂના રોશન સિંહ સોઢી વિશે ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે સોઢી ઉર્ફે ગુરચરણ સિંહ ગુમ છે. અભિનેતાના પિતા હરગીત સિંહે મીડિયા સાથેની વાતચીતમાં આ વાતની પુષ્ટિ કરી છે. તેમનું કહેવું છે કે, ગુરચરણ સિંહ ૨૨ એપ્રિલથી ગુમ છે. તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે પોલીસને તમામ જરૂરી દસ્તાવેજો આપ્યા છે, જેથી તેઓ ગુરચરણને શોધવામાં મદદ કરી શકે. પોલીસે ખાતરી આપી છે કે તેઓ ગુરચરણને વહેલી તકે શોધી લેશે. તેમના પિતા મુજબ, ગુરુચરણ સિંહ સોમવારે દિલ્હી એરપોર્ટ જવા ઘરેથી નીકળ્યા હતા, તેઓ મુંબઈ જઈ રહ્યા હતા. પરંતુ ના તો તેઓ મુંબઈ પહોંચ્યા અને ના તો ઘરે.



ગુરુચરણ સિંહ ઉર્ફે સોઢીના પિતા હરગીત સિંહે કહ્યું- SHOએ મને ફોન કર્યો હતો અને તેમણે મને ખાતરી આપી છે કે તેઓ ગુરચરણને જલ્દી શોધી લેશે. મને આશા છે કે ગુરચરણ ઠીક છે અને તે ખુશ છે. તે હવે જ્યાં પણ છે, ભગવાન તેને આશીર્વાદ આપે. અહેવાલો અનુસાર, ગુરચરણની માતા લાંબા સમયથી બીમાર છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પિતાએ કહ્યું કે, હવે તે ઠીક છે અને ઘરે આરામ પર છે. પરિવાર હાલ ગુરચરણને લઈને ચિંતિત છે.


પરંતુ દરેક વ્યક્તિ સકારાત્મક વિચારો સાથે ચાલી રહ્યો છે. દરેક વ્યક્તિને કાયદો અને ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ છે. દિલ્હીના પાલમ પોલીસ સ્ટેશનમાં ગુરચરણ સિંહના ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ ૨૫મી એપ્રિલે નોંધવામાં આવી હતી.

ગુરચરણે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’માં રોશન સિંહ સોઢીની ભૂમિકા ભજવીને દરેક ઘરમાં પોતાની ઓળખ બનાવી હતી. પ્રેક્ષકોને તેમની બોલવાની રીત ખૂબ પસંદ આવી. તે જે ફની રીતે તેમના ડાયલોગ્સ સંભળાવતા હતા તેના દરેક લોકો ફેન હતા. ગુરચરણ તેમના પાત્રથી ઘર-ઘરમાં જાણીતું નામ બની ગયા હતા. એટલું જ નહીં ગુરચરણના ડાયલોગ્સને લઈને સોશિયલ મીડિયા પર ઘણા મીમ્સ બનાવવામાં આવ્યા હતા.

**‘તારક મહેતા શો’નો હાલ ભાગ નથી**


એક સમય એવો આવ્યો કે તેમણે ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શો છોડી દીધો. શોની સાથે તેમણે ઈન્ડસ્ટ્રીને પણ અલવિદા કહી દીધું. તેમને તેની માતાની બીમારીની થોડી ચિંતા થવા લાગી. મુંબઈ છોડીને પંજાબમાં સ્થાયી થયા. જ્યારે ગુરચરણે શો છોડ્યો ત્યારે સમાચાર આવ્યા કે અસિત કુમાર મોદીએ તેમનો પૂરો પગાર ચૂકવ્યો નહોતો. તેમણે ઘણા પૈસા રોકી રાખ્યા છે. આ ઉપરાંત, બંને વચ્ચે કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ, જેના કારણે ગુરચરણે શો છોડી દીધો.

# અમારી ટીમમાં હજુ પણ જુસ્સો છે : બેંગ્લોરના કપ્તાન ડુપ્લેસિસનો વિશ્વાસ



હૈદરાબાદ : રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે આઈપીએલમાં સતત છ પરાજયનો સિલસિલો તોડવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે ટીમ પાસે હજુ પણ ઘણો જુસ્સો છે. પોઈન્ટ ટેબલમાં તળિયે રહેલા બેંગલુરુએ ઘરઆંગણે સનરાઈઝર્સ હૈદરાબાદને ૩૫ રનથી હરાવ્યું હતું. બેંગલુરૂની નવ મેચોમાં આ બીજી જીત છે. ડુ પ્લેસિસે કહ્યું કે, અમે છેલ્લી બે મેચમાં ઘણી મહેનત કરી છે. અમને અમારા પ્રદર્શન પર ગર્વ છે અને ટીમમાં હજુ જુસ્સો ભરાયેલો છે. બેંગલુરૂની ટીમ હજુ સુધી પ્લેઓફની રેસમાંથી બહાર નથી થઈ પરંતુ તેણે બાકીની તમામ મેચો જીતવી પડશે. અન્ય ટીમોના પરિણામો પર પણ નિર્ભર રહેશે.

# કૃણાલ પંડ્યા બીજી વખત પિતા બન્યો



લખનૌ : લખનૌ સુપર જાયન્ટ્સનો ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યા બીજી વખત પિતા બન્યો છે. તેમની પત્ની પંખુરી શર્માએ પુત્રને જન્મ આપ્યો છે. કુણાલે શુક્રવારે સોશિયલ મીડિયા દ્વારા પોતાની ખુશી શેર કરી હતી. X પર પત્ની પંખુરી અને બે પુત્રો સાથેની તસવીર શેર કરતી વખતે તેણે લખ્યું, વાયુ કૃણાલ પંડ્યા. આ સાથે તેણે જણાવ્યું કે પુત્રનો જન્મ ૨૧ એપ્રિલે થયો હતો. આ પછી, તેમને અભિનંદન આપવા માટે લોકોનો ધસારો શરૂ થયો છે. કાર્તિક અને ધવને સૌ પ્રથમ તેને અભિનંદન પાઠવ્યા હતા. કુણાલના પહેલા પુત્રનો જન્મ જુલાઈ ૨૦૨૨માં થયો હતો.

# મારી સામેના ચાર સાક્ષીનું ભાજપ સાથે સીધુ કનેકશનઃ ગુજરાતીમાં લખાયેલી ડાયરી પુરાવોઃ કેજરીવાલ

ફકત નિવેદનના આધારે મારી ધરપકડ થઈ છે

## સુપ્રીમ કોર્ટમાં જવાબ રજુ કરતાં દિલ્હીના મુખ્યમંત્રી

નવી દિલ્હીઃ દિલ્હીના શરાબકાંડમાં ધરપકડ સામે સુપ્રીમમાં પહોંચેલા દિલ્હીના મુખ્યમંત્રી આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ ઈડીએ દાખલ કરેલા સોગંદનામાનો જવાબ રજુ કરતા આક્ષેપ કર્યો હતો કે ઈડીએ જે વ્યક્તિઓને તેની સામે જુબાની આપનાર તરીકે રજુ કર્યા છે તે તમામ ચારને ભાજપ સાથે સંબંધ છે અને જેલહવાલે એજન્ટની માહિતી લખી છે કે તેમની પાસેથી ગુજરાતીમાં લખેલી ડાયરી મળી છે જેને ઈડીએ પોતાના પુરાવા તરીકે રજુ કરી છે. તેઓએ ચારેય સાક્ષીઓના ભાજપ સાથે સંબંધો ખુલ્લા કર્યા અને જણાવ્યું કે ભાજપના સાથી પક્ષના લોકસભાના ઉમેદવાર શ્રીનિવાસ રેડ્ડીએ તેમની સામે જુબાની આપી છે.



ભાજપને રૂા.૬૦ કરોડનું ભંડોળ આપનાર શરથ રેડ્ડી છે. ત્રીજા ગોવા ભાજપના સિનીયર નેતા અને મુખ્યમંત્રી પ્રમોદ સાવંતના નજીકના સભ્ય છે અને ગોવાના મુખ્યમંત્રીના કેમ્પેન એજન્ટનું નિવેદન છે.

તેઓએ કહ્યું કે કોઈ નાણાકીય કે મિલ્કત જો આ કહેવાતા કૌભાંડમાં નાણામાંથી ખરીદી હોય તેની રીકવરી થઈ નથી. ફકત સાક્ષીઓના નિવેદનથી જ ધરપકડ થઈ છે.

# અમેરિકામાં ઓવરસ્પીડ કાર પલટી જતાં ૩ ગુજરાતી મહિલાના મોત

## પૂરઝડપે જતી કાર ઓવરપાસ સાથે ટકરાઇ, ચાર લેન કુદી ઝાડ સાથે અથડાઇ એક મહિલા ઘાયલ

ગ્રીનવિલે (અમેરિકા), તા.૨૭

અમેરિકામાં પુરઝડપે જતી કાર ઓવર પાસ સાથે અથડાઇને ફોરલેન કુદીને ઝાડ સાથે અથડાતા આ અકસ્માતમાં ત્રણ ગુજરાતી મહિલાઓના કમકમાટી ભર્યા મોત થયા છે.

આ અંગેની વિગત મુજબ અમેરિકાના જ્યોર્જિયામાં રહેતા મુળ આણંદ જિલ્લાના કાવિઠા ગામના રેખાબેન દિલીપભાઇ પટેલ, સંગીતાબેન ભાવેશભાઇ પટેલ અને મનીષાબેન રાજેન્દ્રભાઇ પટેલ સહિત ચાર મહિલાઓ એટલાન્ટાથી ગ્રીન વિલા સાઉથ કેરોબીનામાં જઇ રહ્યા હતા. દરમ્યાન કાર ઓવર પાસ સાથે અથડાઇ હતી અને ટ્રાફિકાની ચાર લેન વટાવીને ઝાડીમાં ૨૦ ફૂટ ઉંચા ઝાડ સાથે અથડાઇ હતી. આ અકસ્માતમાં ઉપરોકત ત્રણેય મહિલાના મોત થયા હતા. જયારે એક મહિલા ગંભીર ઘાયલ થઇ હતી. આ બનાવની જાણ કવિઠા અને વાસણા બોરસદ પહોંચતા સ્વજનોમાં શોકની લાગણી ફેલાઇ હતી.




# બંગાળના મુખ્યમંત્રી ફરી એકવાર ઘાયલ, હેલિકોપ્ટરમાં ચડતી વખતે મમતા બેનર્જીનો પગ લપસ્યો

પશ્ચિમ બંગાળ, તા ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર ઘાયલ થયા છે. દુર્ગાપુરમાં હેલિકોપ્ટરમાં ચડતી વખતે તેનો પગ લપસી ગયો હતો. હાલ તેને આસનસોલ લઈ જવામાં આવ્યા છે.

આ પહેલીવાર નથી જ્યારે મમતા બેનર્જી પડી જવાથી ઘાયલ થયા હોય. આ પહેલા પણ ઘણી વખત ઘાયલ થઈ ચુક્યા છે. તાજેતરમાં જ મમતાને તેના ઘરે ઈજા થઈ હતી. કેમ્પસમાં ચાલતી વખતે તે પડી ગયાં હતા, જેના કારણે માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે SSKM હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેને ટાંકા આપવામાં આવ્યા હતા.



આ પહેલા ૨૦૨૧માં ચૂંટણી પ્રચાર દરમિયાન તેમને નંદીગ્રામમાં કેટલાક લોકોએ ધક્કો માર્યો હતો, જેના કારણે તેમને પગમાં ઈજા થઈ હતી. તેણે રેયાપરામાં મંદિરની બહાર બનેલી આ ઘટનાને કાવતરાના ભાગરૂપે ગણાવી હતી.

# ટાઈટલ જીતવામાં બુમરાહ, સૂર્યાની ભૂમિકા મહત્વની રહેશે : યુવરાજ



નવી દિલ્હી : અનુભવી ઓલરાઉન્ડર યુવરાજસિંહે સૂર્યકુમાર યાદવ અને જસપ્રિતને આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમની તકો માટે મહત્વપૂર્ણ ગણાવ્યા છે.

તેણે કહ્યું કે તે કોઈપણ સમયે મેચનો માર્ગ બદલવાની ક્ષમતા ધરાવે છે. યુવરાજે કહ્યું કે ટીમને બીજી વખત આ ટ્રોફી જીતવા માટે સૂર્યકુમારે સારું પ્રદર્શન કરવું પડશે અને બુમરાહે પણ તેની શ્રેષ્ઠ બોલિંગ કરવી પડશે.

યુવીએ કહ્યું, સૂર્યકુમાર યાદવ જે રીતે રમે છે, તે માત્ર ૧૫ બોલમાં મેચનો માર્ગ બદલી શકે છે. જો ભારતે આ ઝ૨૦ વર્લ્ડ કપ જીતવો હોય તો તે ચોક્કસપણે ખૂબ જ મહત્વપૂર્ણ ખેલાડી છે. યુવરાજે ટી૨૦ વર્લ્ડ કપ જીત્યો છે.

યુવરાજે વધુમાં કહ્યું, બોલિંગમાં જસપ્રીત બુમરાહ પણ ખૂબ મહત્વનો રહેશે. હું યુઝવેન્દ્ર ચહલ જેવા લેગ સ્પિનરને પણ ટીમમાં જોવા માંગુ છું કારણ કે તે અત્યારે સારી બોલિંગ કરી રહ્યો છે.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી** જાહેર કરુ છું કે, મારુ જુનુ નામ **ગોશાઈ ખ્યાતી મહેન્દ્રપરી** હતું. જે બદલીને નવુ નામ **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી** કરેલ છે. જેથી હવે હું **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી**ના નામથી ઓળખાઈશ જેની સર્વેએ નોંધ લેવી.

**એડ્રેસ : ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી,** નિલકંઠ પાર્ક બ્લોક નંબર એચ-૨ / ૬૯, નિલકંઠ સીનેમા ની પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ, પો : રાજકોટ ભકિતનગર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૨

**જાહેર નોટીસ કમ ચેતવણી**

અમો નીચે સહી કરનાર ઈશ્વરલાલ રણછોડભાઈ મકવાણાનો મોટો સુપુત્ર તથા વસંતભાઈ ઈશ્વરલાલ મકવાણાનો મોટોભાઈ શ્રી વિજયભાઈ ઈશ્વરલાલ મકવાણા ઉ.વ.૩૮ તે ૭ વર્ષથી અલગ રહેતો હોય તેની અમારી બાહુબળે મેળવેલ અને અમોની સ્વતંત્ર માલીકીની જે કોઈ હકક, હીત અને હિસ્સો, લાગ-ભાગ, અમોએ રાજીખુશીથી બધી જ આપી દીધેલ છે તેમજ હવે કાંઈ જ આપવાનું રહેતુ નથી. જેથી હવેથી શ્રી વિજયભાઈ ઈશ્વરલાલ મકવાણા સાથે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો આર્થિક કે સામાજીક વહીવટ કરશે તો તેના માટે અમો કુટુંબમાંથી કોઈપણ જવાબદાર રહેશું નહીં તેની સંપૂર્ણ જવાબદારી સામેવાળાની રહેશે. આ આખરની નોટીસ દ્વારા અમો જાહેર કરીએ છીએ કે હવેથી અમો કોઈ પણ આર્થિક કે સામાજીક વહીવટ માટે કાયદાકીય બંધનકર્તા રહીશું નહીં અને સંપૂર્ણ રીતે આપ જવાબદાર રહેશો તેની આ નોટિસથી જાહેર કરીએ છીએ.

**સહી**

**સ્થળ: રાજકોટ.**
**તા.૨૭/૪/૨૪**

**ઈશ્વરલાલ રણછોડલાલ મકવાણા**
**વસંતભાઈ ઈશ્વરલાલ મકવાણા**





ગામડાઓની જેમ શહેરમાં પણ હવે ખુલ્લો વિરોધ પ્રસર્યો

# રાજકોટમાં પ્રદ્યુમન રોયલ હાઈટસમાં રૂપાલાના પ્રચારમાં ક્ષત્રિયોનો વિરોધ-નારેબાજીઃ કાર્યક્રમ રદ્દઃ પોલીસ દોડાવાઈ

## સોસાયટીમાં યોજનાર કાર્યક્રમ પછી ભાજપ કાર્યકરના ઘરે રાખી દેવાયો

તાજેતરમાં ક્ષત્રિયો વિષે વિવાદાસ્પદ વિધાન કરી ફસાઈ ગયેલા રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ઠેર ઠેર ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે. અનેક સ્થળોએ ભાજપ અને રૂપાલા સામે પ્રવેશબંધીના પોસ્ટરો લાગી ગયા છે ત્યારે આજરોજ રાજકોટ શહેરનાં પુષ્કરધામ મેઈન રોડ ઉપર આવેલ પ્રદ્યુમ્ન રોયલ હાઈટસમાં ભાજપના કાર્યકર અને આગેવાન દ્વારા પરસોતમભાઈના સન્માન અને અભિવાદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ અંગે સોસાયટીનાં ક્ષત્રિય રહીશોને જાણ થતા તેઓએ ભારે નારેબાજી સાથે રૂપાલા સામે વિરોધ પ્રગટ કર્યો હોય



આ સોસાટટીનાં હોલમાં સોસાયટીનાં કોઈ સભ્યોને વિશ્વાસમાં લીધા વિના યોજાયેલા આ કાર્યક્રમ અંગે ક્ષત્રિય યુવાનોને જાણ થતા તેઓએ રૂપાલાની હાય.. હાય બોલાવી ભારે વિરોધ પ્રદર્શન કરતા અંતે ભાજપ આગેવાને આ કાર્યક્રમ રદ કરવો પડયો હતો અને સોસાયટીનાં હોલને બદલે આ કાર્યક્રમ ભાજપ આગેવાને વ્યકિતગત કરી નાખ્યો હતો અને તેના ઘરે જ રૂપાલાનાં સન્માનનો કાર્યક્રમ યોજવો પડયો હતો. ઉલ્લેખનીય બાબત એ પણ છે કે ક્ષત્રિય દ્વારા આ સોસાયટીમાં ભારે વિરોધના પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ હતો. એસપી, પીઆઈ અને ક્રાઈમ બ્રાંચ સહિતનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવેલ હતો.

(તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# દેણુ થઈ જતા પરપ્રાંતીય યુવકનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાતનો પ્રયાસ : બંને પગ કપાઈ ગયા

## દેવકીનંદન સોસાયટીમાં રહેતા રાજેશ ચૌહાણે ભગવતીપરા પુલ પાસેની ફાટકે પગલુ ભર્યુ : સારવારમાં ખસેડાયો, ૩ લાખની લોન ભરી ન શકતા જીવ દેવાનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા. ૨૭

દેવકીનંદન સોસાયટીમાં રહેતા પરપ્રાંતીય યુવકને દેણુ થઇ જતા ભગવતીપરા પુલ પાસેની ફાટક નજીક ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાતનો પ્રયાસ કરતા બંને પગ કપાઇ ગયા હતા. યુવકને તાત્કાલીક સારવારમાં ખસેડાયો હતો.



પ્રાપ્ત વિગત મુજબ આજી ડેમ ચોકડી પાસે દેવકીનંદન સોસયટીમાં રહેતા રાજેશભાઇ વિરેન્દ્રભાઇ ચૌહાણ (ઉ.વ.૪૧)એ આજે બપોરે બે વાગ્યાની આસપાસ ભગવતીપરા જુનો પુલ ૧૨૨ની નંબરની ફાટક નજીક ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાતનો પ્રયાસ કરતા યુવકના બંને પગ કપાઇ ગયા હતા. દરમ્યાન બનાવ સ્થળે એકઠા થયેલ લોકોએ યુવકને તાત્કાલીક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ યુવક મુળ ઉતરપ્રદેશનો વતની છે અને રામવન પાસે આવેલ બરફના કારખાનામાં કામ કરે છે તેમને મકાન લેવા માટે રૂા. ૩ લાખની લોન લીધી હતી જે પોતે ભરી ન શકતા અને દેણુ થઇ જતા કંટાળીને આત્મઘાતી પગલુ ભરવાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું હતું. યુવકને સંતાનમાં ચાર દિકરી છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ યથાવત રાખી છે.

# હવે ક્ષત્રિય આંદોલનકારીઓને બે-ત્રણ 'રતન દુખીયા' ગણાવતા કાંતિભાઈ અમૃતિયા

રાજકોટ: રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે કરેલા વિધાનોથી આગ લાગી છે તે ઠરવાનું નામ લેતી નથી અને તેમાં રૂપાલા એક બાદ એક સ્થળે માફામાફી કરે છે. પરંતુ ભાજપના અનેક નેતાઓ છતા પણ બફાટ કરે છે તે સમયે હવે મોરબીમાં એક જાહેરસભા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ કરેલા વિધાનો હવે વધુ ભડકો કરે તેવા સંકેત છે. કાંતિભાઈ અમૃતીયાએ એક અભ્યાસમાં કહ્યુ કે અમારા કાર્યક્રમમાં ધુણવા ન આવે તો તે સારુ ગણાશે. તેઓએ કહ્યું કે મોરબીમાં દરેક સમાજ દૂધમાં સાકર ભળે તે રીતે ભળી જાય તે સારૂ ગણાશે. તેઓએ બાદમાં ક્ષત્રિય આંદોલન ચલાવી રહેલા યુવાનોને 'રતન-દુખીયા' ગણાવ્યા હતા અને કહ્યુ કે બે ત્રણ રતન દુખીયા અહી આવીને બગાડ ન કરે તો સારુ ગણાશે. ભાજપે તેમના નેતાઓને ક્ષત્રિય આંદોલન સામે વિધાનો કરવામાં સંયમ રાખવા ખાસ તાકીદ કરી છે પણ આ પ્રકારના વિધાનો હવે વિવાદ વધુ ચગાવશે તેવા સંકેત છે.



ભાઈ પર કરેલો વિશ્વાસ બહેનને ભારે પડ્યો!

# ભાઈના નામે મકાન લીધું, લોન ભર્યા પછી નામે ન કરી આપતા બહેને ઝેરી દવા પીધી

## જલ્પાબેન સંખેસરીયાએ માધાપર પાસે આવેલ સીંધોઇનગરમાં પોતાના પિતા ઘરે જઈ આપઘાતનો પ્રયાસ કર્યો : એઈમ્સ હોસ્પિટલમાં દાખલ

## મોરબીના અભય સંખેસરીયા અને પત્ની જલ્પાબેને રવિ જંજવાડિયાના નામે રાજકોટમાં મકાન લીધું હતું, તપાસ હાથ ધરતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ, તા.૨૭

પોતાના જ ભાઈ પર કરેલો વિશ્વાસ એક બહેનને ભારે પડ્યો છે. ભાઈના નામે મકાન લીધું અને બહેન બનેવીએ લોન ભર્યા પછી હવે ભાઈએ બહેનના નામે ન દસ્તાવેજ ન કરી આપતા બહેને ઝેરી દવા પીધી હોવાનો આક્ષેપ થયો છે. જલ્પાબેન સંખેસરીયાએ માધાપર પાસે આવેલ સીંધોઇનગરમાં પોતાના પિતા કરશનભાઈના ઘરે જઈ આપઘાતનો પ્રયાસ કરતા, ત્યાંથી તેને તત્કાલ એઇમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મોરબી રહેતા અભય સંખેસરીયા અને પત્ની જલપાબેને રવિ જંજવાડિયાના નામે રાજકોટમાં મકાન લીધું હતું. હાલ ગાંધીગ્રામ પોલીસના પીએસઆઇ ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત અનુસાર, જલ્પાબેન અભયભાઈ સંખેસરીયા (ઉ.વ.૩૦ રહે. રાજનગર સોસાયટી પંચાસર રોડ, મોરબી) નામની પરિણીતાએ તેના પિતાના ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ અંગે તેના પતિ અભય ભાઈએ જણાવ્યું કે, તેઓને લગ્નના ૮ વર્ષ થયાં છે. સંતાનમાં એક દિકરી છે. તેઓએ બે વર્ષ પહેલાં રાજકોટના રેલનગર વિસ્તારમાં ૩૮ લાખનું મકાન લોન પર લીધું હતું. જે મકાન તેના સાળા રવિ જંજવાડિયાના નામે લીધું હતું. જે મકાન હવે પોતાનાં નામે કરવાનું હોવાથી અભયભાઈએ તેના સાળાને વાત કરી હતી. અને તે મકાન પોતાનાં નામે કરવા દસ્તાવેજ માટે સાળાને બોલાવ્યો હતો. પણ દસ્તાવેજ સમેયે તેનો સાળો આવ્યો નહી અને તેના સાળા રવીએ કહ્યું કે તે મકાન મારું છે કહી બનેવી સાથે રકઝક કરી હતી. અગાઉ પણ તેનાં સાળા સાથે માથાકૂટ થઈ હતી. ત્યાર બાદ જલ્પાબેને પણ તેનાં ભાઈ રવિને સમજાવા પ્રયત્ન કર્યો હતો. છતાં પણ સમજયો ન હતો. જેથી જલ્પાબેન ગઈકાલે બપોરે માધાપરગામ રહેતાં તેના પિતા કરશનભાઈ જંજવાડીયાના ઘરે જઈને સમજવાના પ્રયત્ન કર્યો હતો. છતાં દસ્તાવેજ માટે સહમત ન થતાં જલ્પાબેને તેના પિતાના ઘરે જ ઝેરી દવા પી લીધી હતી. બાદ તુરંત તેને સારવાર અર્થે એઇમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જલ્પાબેનના પતિ સહિતના પરિવારજનોએ આ આક્ષેપો કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# દારૂ સહિતના અઢળક ગુનામાં સંડોવાયેલા સમીર ઉર્ફે સલીમ જુણેજા પાસામાં ધકેલાયો

## દારૂ, મનીલેન્ડ, હથીયાર, ઘરફોડ ચોરી જેવા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલ શખ્સને અમદાવાદ જેલ હવાલે કરાયોઃ ભકિતનગર પોલીસની કાર્યવાહી

રાજકોટ તા.૨૭

દારૂ, મનીલેન્ડ, હથીયાર, ઘરફોડ ચોરી જેવા અઢળક ગુનામાં સંડોવાયેલા સમીર ઉર્ફે સલીમ જુણેજાને ભકિતનગર પોલીસે પાસા હેઠળ અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.



આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને ચૂંટણી શાંતિપૂર્ણ યોજાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે હથીયાર, મનીલેન્ડ તેમજ દારૂના ગુનામાં સંડોવાયેલા શખ્સોને પાસા હેઠળ જેલ હવાલે કરવા પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવે આપેલ સુચનાથી ભકિતનગર પોલીસ મથકના પીઆઈ એમ.એમ. સરવૈયાએ દારૂ, મનીલેન્ડ, હથીયાર, ઘરફોડ ચોરી સહિતના ૧૩થી વધુ ગુનામાં સંડોવાયેલા સમીર ઉર્ફે સલીમ ઉર્ફે સલીયો ઉર્ફે કાતર આમદ જુણેજા (ઉ.૨૩) (રહે. આનંદનગર કવાર્ટર નં.૬, નિલકંઠ સીનેમાની સામે, મેઈન રોડ) સામે પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરને મોકલાતા આરોપીને અમદાવાદ જેલ હવાલે કરવા હુકમ કરતા પોલીસે આરોપીને પકડી જેલ હવાલે કરવા તજવીજ હાથ ધરી હતી.

# બહેનને બચાવવા જતાં ભાઈ પર છરી વડે હુમલો

બહેનને બચાવવા જતાં ભાઈ પર છરી વડે હુમલો કરી યુવક નાસી ગયો હતો. બનાવની વિગત અનુસાર શ્યામ પપુભાઈ કોરિયા (ઉ.વ.૧૮ રહે- કુવાડવા ગામ વાંકાનેર ચોકડી પાસે) નામનો યુવક ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘર પાસે હતો. ત્યારે તેની બહેન સાથે દશરથ ઝઘડો કરતો હતો. જેમાં વચ્ચે પડતાં દશરથે યુવક પર છરી વડે હુમલો કરી નાસી ગયો હતો. બાદ યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# 'આપ'ના ધારાસભ્ય અમાનતુલ્લાખાનને જામીન

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના એક બાદ એક નેતાઓ તથા ધારાસભ્યો સામે ઈડી, સીબીઆઈ તથા અન્ય એજન્સીઓની કાર્યવાહીમાં દિલ્હી વકફ બોર્ડમાં ગેરરીતિ સંદર્ભમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અમાનુલ્લાહખાન સામે એન્ફોર્સમેન્ટ વિભાગે નોંધેલા કેસમાં તેમને અદાલતે રૂા.૧૫૦૦૦ના જાત જામીન પર મુક્ત કર્યા હતા.

# સંયુકત ખેતી નિયામકના અધિકારી સામે કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની ફરિયાદ

## ગ્રેચ્યુટીની રકમ હુકમ છતાં ન ચુકવતા હાઈકોર્ટે નોટિસ ઇસ્યુ કરી

રાજકોટ, તા.૨૭

અત્રેના કામદાર ગોપાલદાસ વિઠ્ઠલદાસ ચૌહાણ, સંયુકત ખેતી નિયામક, જુની કલેકટર કચેરી, રાજકોટમાં લુહાર તરીકે નોકરી કરતા હતા અને તા.૩૦-૪-૨૦૧૮ના રોજ નોકરીમાંથી નિવૃત્ત થતાં સંસ્થાએ આ કામદારને ગ્રેચ્યુઇટીની રકમ ચુકવેલ નહીં. આથી કામદારે કન્ટ્રોલીંગ ઓથોરીટી, રાજકોટ સમક્ષ ગ્રેચ્યુઇટી અરજી દાખલ કરતાં ઓથોરીટીએ કામદારને રુા.૩,૩૩,૪૧૫ તે ૧૦ ટકાના વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ અને સદરહું રકમ સંસ્થાએ ન ચુકવતા કલેકટર, રાજકોટને રીકવરી સર્ટીફીકેટ ઇસ્યુ કરી આપેલ હતું. પરંતુ સંસ્થાએ માત્ર કામદારને પાર્ટ પેમેન્ટની ગ્રેચ્યુઇટી ચુકવી અને બાકીની રકમ ચુકવવા સંસ્થા જવાબદાર નથી તેવું દર્શાવી હાઇકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરેલ હતી. હાઇકોર્ટે તા.૩૦-૧૧-૨૦૨૩ના રોજ સાંભળીને સરકારની રીટ પીટીશનડીસમીસ કરેલ હતી અને બાકી રહેતી ગ્રેચ્યુઇટીની રકમ ૧૦ ટકા વ્યાજ સાથે હાઇકોર્ટના હુકમ થયાથી ૮ અઠવાડિયામાં ચુકવી આપવા હુકમ કરેલ પરંતુ કામદારે નોટીસ આપવા છતાં સરકારે રકમ ચુકવવાની દરકાર કરેલ નહીં. આથી હાઇકોર્ટ સમક્ષ હુકમનો ઇરાદાપૂર્વક અનાદર કરવામાં આવેલ હોય, સંયુકત ખેતી નિયામકના ઓફિસર સામે કન્ટેઇમ્પ્ટ ઓફ ધી કોર્ટની મેટર દાખલ કરતાં, હાઇકોર્ટની ડીવીઝન બેન્ચે, સંસ્થાના ઓફિસર સામે નોટીસ ઇસ્યુ કરી કન્ટેઇમ્પ્ટ પીટીશનની સુનાવણી તા.૯-૫ના રોજની મુકરર કરેલ છે આ કેસમાં કામદાર વતી સીનીયર એડવોકેટ પી.આર. દેસાઇ રોકાયેલ હતાં.

# હવે અમેરિકામાં ભારતીય મસાલાઓના નમુના લેવાશે

નવી દિલ્હી: સિંગાપોરમાં ભારતીય બ્રાન્ડના એવરેસ્ટ તથા એમડીએચ સહિતના મસાલામાં હાનીકારક તત્વોની ભેળસેળ મુદે આ દેશની સરકારે શરૂ કરેલી તપાસ બાદ હવે અમેરિકાએ પણ ભારતીય મસાલાઓના સેમ્પલીંગ શરૂ કર્યા છે. અમેરિકી ફુડ એન્ડ ડ્રગ એજન્સી દ્વારા આ અંગે આદેશ અપાયા છે અને જે સ્થળેથી જ નમુના લેવા આદેશ આપ્યો છે. આ મસાલામાં ઉપયોગમાં લેવાતા




કહેવાતા તત્વો સર્જી શકે છે તેઓ રિપોર્ટ સિંગાપોર અને હોંગકોંગ દ્વારા અપાયો હતો. જો કે બન્ને કંપનીઓએ તેમાં કોઈ હાનિકારક હોવાનો ઈન્કાર કર્યો છે.

# તારક મહેતા ફેઈમ સોઢી સીસીટીવી કેમેરામાં દેખાયો

## પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો

તારક મહેતા સીરીયલથી લોકપ્રિય થયેલા ગુરૂચરણસિંઘ (સોઢી) લાપતા બન્યાની ફરિયાદ બાદ પોલીસે હાથ ધરેલી તપાસમાં તે ૨૨



એપ્રિલે રાત્રે સવા નવ વાગ્યે દિલ્હીના પાલમ વિસ્તારમાં દેખાયાનું બહાર આવ્યું છે. હવે પોલીસ દ્વારા અપહરણનો ગુનો દાખલ કરાયો છે. ૨૨મીએ સોઢી હાથમાં બેગ સાથે નજરે ચડ્યો હતો.

# હત્યાના ગુનામાં સજા બાદ જામીન અરજી મંજુર કરતી કોર્ટ

રાજકોટ તા.૨૭

કોઠારીયા રોડ પર રણુજા મંદીર પાસે થયેલ હત્યાના ગુન્હામાં આજીવન સજા પામેલ આરોપીનો જામીન ઉપર છુટકારો થયો છે. આ પહેલા સેશન્સ અદાલત દ્વારા ૩ આરોપીઓને આજીવન કેદની સજા આપવામાં આવેલી હતી.



ભગીરથસિંહ ડોડિયા
એડવોકેટ

કેસની વિગત મુજબ તા.૧૩/૮/૨૦૧૭ના રોજ સંગીતાબેન હરીશભાઈ કારીયાએ આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ કે, મેં ઈમરાનભાઈને હાથઉછીના રૂા.૧૦,૦૦૦ આપેલ તે મને આપી જાવ તેમ કહેતા ઈમરાનભાઈએ તેને કોઠારીયા રોડ રણુજા મંદિર આગળ બોલાવેલ. ફરીયાદી તથા સુલતાનભાઈ તથા દીલાવરભાઈ તથા વિશાલભાઈ વિગેરે ત્યાં ગયેલ અને ત્યાં રંજનબેન, રંજનબેનના ઘરવાળા અને ઈમરાનભાઈ હાજર હતા. રકમ પરત માંગતા ઈમરાનભાઈ ઉશ્કેરાઈ ગયેલ. ઈમરાનભાઈ પાસે છરી હોય જે મને મારવા જતા સુલતાનભાઈ વચ્ચે પડતા સુલતાનભાઈને પેટના ભાગે મારી દીધેલ. તેને સારવારમાં ખસેડાયા હતા. સારવારમાં મોત થતા હત્યાની કલમ ઉમેરાઈ હતી. કેસ ચાલી જતા સેશન્સ અદાલતે ઈમરાન કરીમભાઈ માડમ, અશોક મનસુખભાઈ કુવાડીયા, રંજનબેન અશોકભાઈ કુવાડીયાને તકસીરવાન ઠરાવી આજીવન સજાનો હુકમ કરેલ હતો અને દરેક આરોપીને ૧૩,૦૦૦ દંડ ભરવાનો હુકમ કરેલ હતો. જે પછી આરોપીઓએ હાઈકોર્ટમાં અપીલ કરેલ હતી. જેમાં ઈમરાન માડમ, રંજનબેન કુવાડીયાએ જામીન અરજી પણ કરેલી, જે અરજી ચાલી જતા હાઈકોર્ટ દ્વારા આરોપી ઈમરાન અને રંજનબેનને રૂા.૧૫,૦૦૦ના અપીલ ચાલતા દરમ્યાન જામીન ઉપર મુકત કરેલ છે. આ કેસમાં રાજકોટના ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવીર બારૈયા, ખોડુભા સાકરીયા, દીપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર તથા હાઈકોર્ટના એડવોકેટ વિરાટભાઈ પોપટ, આશીષભાઈ ડગલી રોકાયેલ હતા.

# 'ન જોઈએ વ્યકિતવાદ' કાલાવડ રોડ પર ભાજપ-મોદીના હોર્ડિંગ પર સ્ટીકર લગાવાયા






લોકસભાનો ચૂંટણી પ્રચાર પુરજોશમાં ચાલી રહ્યો છે. ક્ષત્રિય સમાજ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની વિરુધ્ધ મેદાને પડ્યો છે. આખા રાજ્યમાં ભાજપ વિરુધ્ધ ઝુંબેશ શરુ કરી છે તેવા સમયે હેલમેટ કાયદા સામે મેદાને પડેલા સમાજસેવી અશોક પટેલે પણ ભાજપના પ્રચાર હોર્ડિંગમાં ચેડા કરતા રાજકીય સનસનાટી મચી હતી. માર્ગોના ડીવાઇડર પર ભાજપ દ્વારા વડાપ્રધાન મોદીની તસ્વીરવાળા પ્રચાર હોર્ડિંગ મુકવામાં આવ્યા હતા. આ હોર્ડીંગના લખાણ પર 'પથ નહીં પ્રતિનિધિ' અને મોદીના ચહેરા પર 'ન જોઇએ વ્યકિતવાદ' લખેલા સ્ટીકર ચોટાડી દેવામાં આવ્યા હતા. શહેરના કાલાવડ રોડ સ્વામીનારાયણ મંદિર પાસેના હોર્ડિંગમાં આવા સ્ટીકર ચોંટાડાતા પોલીસ કાફલો ધસી ગયો હતો. ત્રણ લોકોને પોલીસ સ્ટેશને લઇ જઇને નિવેદન લેવાયા હતા અને મુક્ત કરાયા હતા. ચૂંટણી આચાર સંહિતામાં આ પ્રકારના હોર્ડીંગ ગેરકાયદે હોવાની તેઓએ ચૂંટણી અધિકારીને રજુઆત કરી હતી પરંતુ કોઇ કાર્યવાહી ન થતાં વિરોધરૂપે આ કદમ ઉઠાવ્યું હતું. (તસ્વીર: ભાવિન રાજગોર)

# ગોંડલ નાગરિક બેંકને આપેલ ચેક રિટર્ન થતા આરોપી શશિભૂષણ દવેને નવ માસની કેદ

## બેંકમાંથી લીધેલી લોનના ચડત હપ્તા ભરવા રૂા.૫૯ હજારનો ચેક આપ્યો હતો

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં આવેલી ગોંડલ નાગરિક સહકારી બેન્ક લી.એ કરેલા ચેક રિટર્ન કેસમાં આરોપી શશિભુષણ ભાસ્કરભાઈ દવેને નવ માસની કેદની સજા થઈ છે.રાજકોટ શહેરના મોટી ટાંકી ચોકમાં આવેલી ગોંડલ નાગરિક સહકારી બેન્ક લી.માંથી શશિભુષણ દવેએ રૂા.૧,૦૦,૦૦૦ની લોન લીધી હતી. શશિભુષણભાઈએ લોનના ચડત હપ્તાની રકમ ચુકવવા માટે ફરીયાદી બેન્કને રૂા.૫૯,૦૦૦નો ચેક આપેલો. જે રિટર્ન થતા નોટિસ બાદ પણ રકમ ન ચૂકવતા બેન્ક દ્વારા આરોપી વિરૂદ્ધ કોર્ટમાં કેસ દાખલ કરેલો. આરોપી સામે કેસ ચાલી જતા ફરિયાદીના વકીલે કરેલી દલીલો અને રજૂ રાખેલા દસ્તાવેજી પુરાવા તેમજ ટકેલા વિવિધ કોર્ટના ચુકાદા ધ્યાને લઈ રાજકોટના સાતમાં અધિક ચીફ જયુડી.મેજી. જે.એસ.પ્રજાપતિએ શશિભુષણ દવેને તકસીરવાન ઠેરવી ૯ માસની સાદી કેદની સજા અને એક માસમાં ચેક મુજબની રકમ વાર્ષિક છ ટકાના સાદા વ્યાજે વળતર પેટે ન ચૂકવે તો વધુ બે માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી બેન્ક વતી રાજકોટના એડવોકેટ દિવ્યેશ વી.શેઠ કેવલ કે.શેઠ અને વિનીત પી.શેઠ રોકાયેલા હતાં.

### સીનીયર સીટીઝનો અને દિવ્યાંગો બાદ હવે ચૂંટણી ફરજ પર રહેલા સરકારી કર્મચારીઓના મતદાનનો પ્રારંભ

# ચૂંટણી તાલીમ સાથે કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મારફત મતદાનનો પણ પ્રારંભ : વધુ ૪૦નું મતદાન

### ગઈકાલથી શરૂ થયેલી પ્રક્રિયામાં હવે ઝડપ આવશે : આગામી ત્રણ દિવસમાં ૧૩ હજારથી વધુ કર્મચારીઓ મતદાન કરશે : ઈવીએમ કમીશનની કામગીરી પણ શરૂ





રાજકોટ, તા. ૨૭

રાજકોટ સહિત રાજયભરમાં લોકસભાની ૨૬ (એક બીનહરીફ) અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટા ચૂંટણીની તૈયારીઓ હવે આખરી તબકકામાં પહોંચી જવા પામી છે. જેમાં રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી માટે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ ગઇકાલથી ચૂંટણી સ્ટાફને તાલીમ આપી સુસજજ કરવામાં આવી રહ્યા છે. તેની સાથોસાથ સરકારી કર્મચારીઓના મતદાનનો પણ પ્રારંભ થવા પામેલ છે.

વિધાનસભા વિસ્તારવાઇઝ ચૂંટણી સ્ટાફને અંતિમ તાલીમ આપવાનું શરૂ કરાયું છે. તેની સાથોસાથ બેંગ્લોરની બેલ કંપનીના ૧૪ જેટલા ઇજનેરોની ટીમે પણ આજથી રાજકોટમાં પડાવ નાખી ઇવીએમ કમીશનીંગની કામગીરી શરૂ કરી દીધી છે. ડિસ્પેચીંગ રીસીવીંગ સેન્ટરોમાં ઇવીએમ મશીનો બેલેટ પેપર સેટ કરવામાં આવી રહ્યા છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે દિવ્યાંગ અને ૮૫ વર્ષ કે તેથી વધુ વયના બુર્ઝુગ મતદારો માટે અગાઉ હોમ વોટીંગ શરૂ કર્યા બાદ હવે ૧૩ હજાર સરકારી કર્મચારીઓ માટે મતદાનનો પણ પ્રારંથ થવા પામેલ છે. જેમાં સરકારી પોલીટેનીક (આજી ડેમ પાસે) આજે બીજા દિવસે તાલીમની સાથે વધુ ૪૦ જેટલા કર્મચારીઓએ મતદાન કર્યુ હતું. જયારે ગઇકાલે ૪૬ જેટલા કર્મચારીઓ દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું.

૭૦ રાજકોટ દક્ષિણ વિસ્તારમાં ચૂંટણી કામગીરીમાં મુકાયેલા કર્મચારીઓ આગામી તા. ૨૯ અને ૩૦ પી.ડી.માલવીયા ખાતે મતદાન કરશે જયારે ૬૯-રાજકોટ પશ્ચિમના કર્મચારીઓ પણ તા.૨૯ અને ૩૦ના રોજ વિરાણી હાઇસ્કુલ ખાતે મતદાન કરશે તેની સાથોસાથ આ સ્થળે પોલીસ કર્મચારીઓ મતદાન કરશે આ ઉપરાંત પોલીસ અને અન્ય વિભાગોનું કર્મચારીઓ તા.૨૯ અને ૩૦ના રોજ સીટી પ્રાંત-૧ જુની કલેકટર કચેરી ખાતે મતદાન કરશે.

૧૩ હજાર જેટલા ચૂંટણી કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી બેલેટ પેપરથી મતદાન કરશે. બેલેટથી આ મતદાનની પ્રક્રિયા તા.૩૦ સુધી ચાલનાર છે. હાલ દિવ્યાંગો અને ૮૫ વર્ષથી વધુ વયના બુર્ઝુગ મતદારો માટે પણ પોસ્ટલ બેલેટથી મતદાનની પ્રક્રિયા ચાલી રહી છે જેમાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ મતદાતાઓ દ્વારા બેલેટથી મતદારો પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

## ૨૨૩૬ મતદાન મથકો પર BLO મતદાર યાદી સાથે અર્ધો દિવસ બેસશે

રાજકોટ, તા. ૨૭

રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ ૨૨૩૬ મતદાન મથકો પર આવતીકાલે તા.૨૮ના રવિવારે અર્ધો દિવસ બીએલઓ મતદાર યાદી સાથે બેસશે. અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીની મતદાન આગામી તા. ૭ના રોજ થનાર છે.

ત્યારે મતદાન માટે મતદારોને મતદાર યાદીમાં તેમનું નામ, ક્રમ શોધવામાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે બીએલઓને તેમના મતદાન મથકો પર અર્ધો દિવસ બેસવા માટે આદેશ કરાયો છે. જેથી આવતીકાલે રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના તમામ મતદાન મથકો પર બીએલઓ મતદાર યાદી સાથે અર્ધો દિવસ ફરજ બજાવશે.

## જનરલ ઓબ્ઝર્વર નવા મુકાયા

રાજકોટ, તા. ૨૭

રાજકોટ લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર નવા મુકવામાં આવેલ છે. અગાઉ સૌપ્રથમવાર જનરલ ઓબ્ઝર્વરથી નેહાગીરીની નિયુકિત કરવામાં આવી હતી. જે બાદ તેમના સ્થાને ભવાનીસિંહ દેથાને મુકવામાં આવેલ હતા. જે બાદ હવે ભવાનીસિંહના સ્થાને ઓબ્ઝર્વર તરીકે ડો.પૃથ્વીરાજને મુકવામાં આવેલ છે. તેઓ ૨૦૦૨ની બેચના આઇએએસ અધિકારી છે.

# રાજકોટમાં એકાએક સંવેદનશીલ મતદાન મથકો કેમ વધારાયા? ક્ષત્રિય વિસ્તારોમાં મતદાર સ્લીપનું વિતરણ કેમ નહી? ક્ષત્રિય સમાજ

### ક્ષત્રિય સંકલન સમિતિની ચૂંટણી ઓબ્ઝર્વરને રજુઆતઃ સમાજના આંદોલનને કારણે રાજકીય ઈશારે વિવિધ કાર્યવાહી થતી હોવાનો આરોપ




તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ,તા.૨૭

રાજકોટ લોકસભા બેઠક સહિત સમગ્ર રાજયમાં ચૂંટણી પ્રચાર-પ્રસારનો માહોલ જામ્યો છે તો બીજી તરફ ભાજપનાં ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણીના પગલે સમગ્ર રાજયમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવારો વિરૂદ્ધ પ્રચાર-પ્રસાર વચ્ચે હવે ક્ષત્રિય સમાજ સાથે ભેદભાવ થતો હોવાની રાજપૂત ક્ષત્રિય સમાજ સંકલન સમિતિએ આજરોજ રાજકોટ જિલ્લા લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબઝર્વરને લેખીત રજૂઆત કરી છે. જેમાં સંવેદનશીલ વિસ્તારોની સંખ્યામાં એકાએક વધારો અને ક્ષત્રિય વિસ્તારોમાં મતદાન સ્લીપ વિતરણ કેમ નહીં ?તેવા વેધક સવાલો રજૂ કર્યા છે. રાજપૂત ક્ષત્રિય સંકલન સમિતિનાં આગેવાનો પી.ટી.જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, અનિરૂદ્ધસિંહ જાડેજા, ભાર્ગવીબા ગોહિલ, માયાબા ગોહિલ, વિ.એ.રાજકોટ સરકીટ હાઉસ ખાતે લોક-સભા બેઠકનાં જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વરને લેખીત રજૂઆત કરી છે. જેમાં લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા વાણી વિલાસથી રાજપૂત ક્ષત્રિય સમાજની લાગણીને ઠેસ પહોંચી છેજેની વિરૂદ્ધ ક્ષત્રિય સમાજ લોકશાહી ઢબે શાંતિપૂર્ણ રીતે વિરોધ વ્યકત કરી રહ્યા છે. ત્યારે ચૂંટણી જાહેરનામા સમયે રાજકોટ લોકસભા બેઠકમાં અંદાજે ૮૨૨ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરાયા બાદ ૩૯ દિવસમાં અંદાજે ૨૧૦ મતદાન મથકો સંવેદનશીલ કરવા પાણીનું કારણ શું? ચૂંટણી અધિકારી અને કલેકટરને એવુ તે શું લાગ્યુ કે ૧-૨ નહી પરંતુ ૨૧૦ બુથ અચાનક સંવેદનશીલ લાગ્યા? રાજકિય દબાણને વશ થઈ જાહેર કરાયા છે કેમ? તેવી રજૂઆત કરી છે. વધુમાં આદર્શ આચાર સંહિતાનો ચુસ્ત અમલ થવો જરૂરી છે. માત્રને માત્ર શાસક પક્ષ વિરૂદ્ધ પ્રદર્શન કરતા સમાજને લક્ષમાં લઈ તેમના દ્વારા વધારાના જે ૨૧૦ મતદાન મથકો સંવેદનશીલ જાહેર કરવા માટેની જે ભલામણ કરવામાં આવેલ છે તે ૨૧૦ બુથ કયા વિસ્તાર છે તેની યાદી બહાર પાડવી સાથે ક્ષત્રિય સમાજના વિસ્તારોમાં મતદાન સ્લીપ વિતરણ થતુ નથી તેવા આક્ષેપ સાથે ઘટતી કાર્યવાહી કરવા અંતમાં રાજપૂત ક્ષત્રિય સમાજ સંકલન સમિતિના પી.ટી.જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, અનિરૂદ્ધસિંહ જાડેજા, ભાર્ગવી બા ગોહિલ, માયાબા ગોહિલ વિ.એ.લેખીત રજૂઆતમાં જણાવ્યું છે.

# બહુચર્ચિત ફિલ્મ રામાયણ સતત ચર્ચામાં છતાં કોઈ જાણતુ નથી કે શૂટિંગ કયાં થઈ રહ્યું છે

### દશરથ-કૈકેયી બાદ રણવીર કપૂર-સાઈ પલ્લવીની રામ-સીતાની તસ્વીરો સોશ્યલ મીડિયામાં વાયરલ

મુંબઈ,તા.૨૭

નિર્દેશક નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ' સતત ચર્ચામાં રહે છે. આ ફિલ્મમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવી મહત્વની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મમાં રણબીર ભગવાન રામ અને સાઈ માતા સીતાની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના સેટ પરથી ઘણા કલાકારોની તસવીરો સામે આવી છે, જ્યારે હવે રણબીર અને સાઈની કેટલીક તસવીરો વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં બંને સ્ટાર્સ ભગવાન રામ અને માતા સીતાની ભૂમિકામાં જોવા મળે છે. શૂટિંગ ક્યાં થઈ રહ્યું છે તેની કોઈને ખબર નથી



દર્શકો નિતેશ તિવારીની 'રામાયણ'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દર્શકો ફિલ્મ સંબંધિત દરેક અપડેટ જાણવા આતુર છે. ત્યારે ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. જોકે, શૂટિંગ ક્યાં થઈ રહ્યું છે તે હજુ સુધી કોઈને ખબર નથી. તે જ સમયે, ફિલ્મના ઘણા કલાકારોની તસવીરો સામે આવી છે. સમાચાર અનુસાર, લાઇ દત્તા આ ફિલ્મમાં કૈકેયીની ભૂમિકા ભજવતી જોવા મળશે. દરમિયાન, ટીવીના રામ, અરૂણ ગોવિલ ફિલ્મમાં દશરથની ભૂમિકા ભજવશે. બંનેની તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ હતી. રામ-સીતાના રોલમાં રણબીર-સાઈ સારા લાગી રહ્યા છે.

દશરથ અને કૈકેયી બાદ હવે ભગવાન રામ અને માતા સીતાની તસવીરો ઝડપથી વાયરલ થઈ રહી છે. રામની ભૂમિકામાં રણબીર અને સીતાના રોલમાં સાઈ. હાલમાં આ તસવીરો અંગે કોઈ માહિતી સામે આવી નથી. રણબીર કપૂર અને સાઈ પલ્લવીની આ તસવીર શૂટિંગ દરમિયાન લેવામાં આવી હતી કે લુક ટેસ્ટ માટે તે જાણી શકાયંપ નથી. બંને કલાકારોની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઘણી પસંદ કરવામાં આવી રહી છે. રામ અને સીતાની બંને ભૂમિકામાં સૌમ્યતા છે.

## શિવરાજને હવે દિલ્હીમાં 'ડયુટી' સોંપાશેઃ મોદીનો સંકેત

નવી દિલ્હીઃ મધ્યપ્રદેશમાં લોકસભા બેઠક પર ચુંટણી લડી રહેલા રાજયના પુર્વ મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણને ચુંટણી પછી મોદી સરકારમાં સમાવવામાં આવે તેવા સંકેત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજયના હરદામાં એક રેલીને સંબોધન કરતા જણાવ્યું કે જયારે શિવરાજ સાંસદ હતો તો હું પક્ષનો મહાસચીવ હતો. અમોએ સાથોસાથ કામ કર્યુ છે અને ફરી તેને દિલ્હી લઈ જવા માંગુ છું.

## બાહુબલી સાંસદ ધનંજયને જામીન પણ ચુંટણી લડી શકશે નહી

### અલ્લાહાબાદ હાઈકોર્ટે ૭ વર્ષની સજા યથાવત રાખી

અલ્લાહાબાદઃ જોનપુરના પુર્વ સાંસદ ધનંજય સામેની અપહરણ ખંડણી સહિતના કેસમાં જામીન મળી ગયા છે પણ તેની સાત વર્ષની સજા યથાવત રહેતા તેઓ લોકસભા ચુંટણી લડી શકશે નહી. બાહુબલી આમ હવે ચુંટણી લડી શકશે નહી. ૨૦૨૦ના આ કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે તેમની સજા સામે 'સ્ટે' આપવા ઈન્કાર કર્યો હતો.

# ભરઉનાળે વોર્ડ નં.૭,૧૩,૧૪ અને ૧૭માં સાત કલાક પાણી વિતરણ મોડુંઃ હજારો રહેવાસીઓમાં મચેલો દેકારો

### ભાદરથી રાજકોટ આવતી પાણીની મેઇન લાઇનના વાલ્વમાં ખામી સર્જાતા પાણી વિતરણ મોડુ થયું

રાજકોટ, તા.૨૭

રાજકોટ શહેરના ચાર વોર્ડના જુદા જુદા વિસ્તારના હજારો રહેવાસીઓને આજરોજ ભર ઉનાળે તરસ્યા રહેવાનો વારો આવ્યો હતો. આ અંગેની રાજકોટ મનપાના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ આજરોજ વોર્ડ નં. ૭,૧૩,૧૪ અને ૧૭માં સાત કલાક જેટલું પાણી વિતરણ મોડુ થવા પામ્યું હતું જેના કારણે હજારો રહેવાસીઓમાં દેકારો મચી જવા પામ્યો હતો.

મહાનગર પાલિકાના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ ભાદરથી રાજકોટ આવતી પાણી વિતરણની મુખ્ય લાઇનમાં આજરોજ રીબડા નજીક આવેલ શેમળા પાસે મેઇન વાલ્વમાં ક્ષતિ સર્જાઇ હતી જેના કારણે ઉપરોક્ત ચાર વોર્ડમાં પાણી વિતરણ મોડુ થવા પામ્યું હતું. મહાનગર પાલિકા દ્વારા તાત્કાલીક અસરે આ મેઇન લાઇનના વાલ્વનું રીપેરીંગ કાર્ય હાથ ધરવામાં આવેલ છે અને સંભવતઃ બપોર બાદ આ રીપેરીંગ પૂર્ણ થશે આથી આજરોજ ઉપરોક્ત ચાર વોર્ડમાં પાણી વિતરણ સાત કલાક જેટલું મોડુ થશે.

# એક લાખથી વધુ કરદાતાઓએ ૨૦ દિવસમાં મ.ન.પા.માં રૂા.૬૮.૨૫ કરોડનો વેરો જમા કરાવ્યો

### ઓનલાઈન જ ૭૬ હજારથી વધુ કરદાતાઓએ રૂા.૪૩.૮૦ કરોડનો વેરો ભર્યો

રાજકોટ,તા.૨૭

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા હાલ વેરાવળતર યોજના ચાલી રહી છે. ત્યારે છેલ્લા ૨૦ દિવસ દરમ્યાન મહાપાલિકામાં કરદાતાઓએ રૂા. ૬૮ હજારથી વધુનો વેરો ભરપાઈ કર્યો છે. આ અંગેની વેરાવસુલાત શાખાનાં સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ મિલ્કતવેરો તથા પાણી વેરાની ભરપાઇ કરવા માટે તા.૦૮-૦૪ના રોજ વેરો વસુલવાની કામગીરી શરૂ થયેલ છે. જેમા તા.૨૬-૦૪ સુધીમાં કુલ ૧૦૯૯૪૯ કરદાતાઓ દ્વારા કુલ રૂ.૬૮.૨૫ કરોડ વેરાની ભરપાઇ કરેલ છે. જેમાં ઓફ લાઇન(કેશ તથા ચેક) ૩૩૮૯૩ કરદાતાઓએ રૂ.૨૩.૪૫ કરોડ અને ઓન લાઇનના ૭૬૦૫૬ કરદાતાઓએ રૂ.૪૩.૮૦ કરોડની ભરપાઇ થયેલ છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ.૬.૫૦ કરોડનું ડિસ્કાઉન્ટ આપેલ છે.

તા.૮-૪ થી તા.૨૬-૪ સુધીમાં ઓફ લાઇન (કેશ તથા ચેક) દ્વારા ૩૩૮૯૩ કરદાતાઓએ રૂ.૨૩.૪૫ કરોડનો વેરો ભરપાઈ કર્યો છે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સિવિક સેન્ટર, ત્રણેય ઝોન ઓફિસ અને તમામ વોર્ડ ઓફિસ ખાતે ચેક / કેશ મારફત ઓફલાઈન વેરો સ્વીકારવામાં આવે છે.

તા.૮-૪ થી તા.૨૬-૪ સુધીમાં કુલ ૭૬૦૫૬ કરદાતાઓએ રૂ.૪૩.૮૦ કરોડનો ઓનલાઇન વેરો ભરપાઈ કર્યો છે. જેમાં ૬૭૩૬૦ કરદાતાઓએ રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ/ એપ્લીકેશન દ્વારા રૂ. ૪૦.૪૬ કરોડનો વેરો ભરપાઈ કર્યો અને ૮૬૯૬ કરદાતાઓએ અન્ય પ્લેટફોર્મ જેવા કે, Google Pay, Paytm, Amazon pay, Phonpe etc.. પ્લેટફોર્મ પરથી રૂ.૩.૪૩ કરોડનો વેરો ભરપાઈ કર્યો.

અહી એ ઉલ્લેખનીય છે કે છેલ્લા પાંચ વર્ષમાં ઓનલાઇન વેરો ભરપાઈ કરનાર નાગરિકોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જેમ કે, વર્ષ ૨૦૧૯માં ૬૪૮૧૪ કરદાતાઓ, વર્ષ ૨૦૨૦માં ૧૩૫૬૪૫ કરદાતાઓ, વર્ષ ૨૦૨૧માં ૧૪૭૧૬૨ કરદાતાઓ, વર્ષ ૨૦૨૨માં ૨૦૧૭૧૪ કરદાતાઓ, વર્ષ ૨૦૨૩માં ૨૩૩૯૫૦ કરદાતાઓએ ઓનલાઇન વેરાની ભરપાઈ કરી હતી.

### વલસાડના ધરમપુરમાં જનસભામાં કોંગ્રેસ મહા સચિવના તાતાતીર

# મોદી ચપટીમાં ધારે તે કરી શકે તો મોંઘવારી કેમ દૂર કરી શકતા નથીઃ પ્રિયંકા ગાંધી

### જયારે અમારી સરકાર હતી ત્યારે મીડિયા દરરોજ સવાલ ઉઠાવતું, આજે મીડિયા વેચાઈ ગયું છેઃ જો મોદી ફરી આવશે તો તમે જયાં છો ત્યાં જ રહેશોઃ પ્રિયંકા ગાંધી




વલસાડ, તા.૨૭

લોકસભાની ચૂંટણીને લઇને કોંગ્રેસના સ્ટાર પ્રચારક અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વડેરા આજે વલસાના ઉમેદવાર અનંત પટેલના પ્રચારમાં આવ્યા હતા. ધરમપુરના દરબાર ગઢ ગ્રાઉન્ડમાં પ્રિયંકાએ ભાજપ અને મોદી સરકાર પર નિશાન સાધતા જણાવ્યું હતું કે ભાજપના નેતાઓ એમ કહે છે કે મોદીજીમાં એટલી તાકાત છે કે આખું વિશ્વ એમને બોલાવે છે એ જે ધારે એ ચપટીમાં કરે છે. તો ચપટીમાં મોંઘવારી કેમ ઓછી નથી કરતા? ચપટીમાં તમને પાણી કેમ ન આપ્યું. મોંઘવારી એટલી વધી ગઇ છે કે ૧૦ હજાર માટે ખેડૂતને આત્મહત્યા કરવી પડે છે અને મોદીજીએ એમના ઉદ્યોગપતિ મિત્રનું ૧૬ લાખ કરોડ રુપિયાનું દેવું માફ કરી દીધું. દેશની સંપત્તિ શું ઉદ્યોગપતિઓને જ આપી દેવાની છે. પ્રિયંકાએ જણાવ્યું હતું કે ૧૦ વર્ષમાં સરકારે દલિતો કે આદિવાસીઓને કમજોર કરવાનું કામ કર્યું છે. આ તકે પ્રિયંકાએ મોદીનો પ્રચાર કરતા મીડિયાને આડેહાથ લેતા કહ્યું હતું કે જ્યારે અમારી સરકાર હતી ત્યારે મીડિયા દરરોજ સવાલો ઉઠાવતી હતી. જે લોકતંત્ર માટે સારી વાત હતી આજે પરિસ્થિતિ એ છે કે સમગ્ર મીડિયા વેચાઇ ગયું છે.


પ્રિયંકાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન જ્યારે જ્યારે મંચ પર આવે ત્યારે સાચુ બોલે. આ જ જવાબદારી વડાપ્રધાનની હોય છે.

પ્રિયંકાએ કહ્યું હતું કે ઈન્દિરાજી દેશ માટે શહીદ થયા હતા. રાજીવજી શહીદ થયા હતા. મનમોહનની ક્રાંતિ લાવ્યા હતા, અરે કોંગ્રેસ છોડો, વાજપેયજી પણ વડાપ્રધાન હતા, જેઓ સભ્ય વ્યકિત હતા, આ પીએમ (મોદી)ના દિલમાં કોઇ ભાવના જ નથી.

પ્રિયંકાએ જણાવ્યું હતું કે પીએમ બંધારણ બદલવાની વાત કરી રહ્યા છે, પણ કામની એકપણ વાત નથી કરતા. પ્રિયંકાએ ભાજપ પર સનસનીખેજ આક્ષેપ લગાવ્યો હતો કે સરકાર વિપક્ષને તોડવા ધનનો ઉપયોગ કરે છે. ભાજપની સરકારમાં છેલ્લા ૧૦ વર્ષથી લોકોની સ્થિતિ સુધરવાને બદલે બગડી છે. જો ફરી આ સરકાર આવશે તો તમે જ્યાં છો ત્યાં જ રહેશો, પણ અમારી સરકાર આવશે તો તમે થોડા સમયમાં જ તમારા પગ પર ઉભા રહી શકશો. ધરમપુરમાં પ્રિયંકાની જન સભામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત હતાં.

# અમદાવાદની હવાઈ સેવાને નબળો પ્રતિસાદ માત્ર કનેકટીંગ ફલાઈટનાં મુસાફરોનાં બુકિંગ

### ટ્રાફિક નહીં મળતા આગામી માસથી ફલાઈટ કેન્સલ થવાની સંભાવના




રાજકોટ,તા.૨૭

હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આતંર રાજયને જોડતી હવાઈ સેવામાં રાજકોટ-અમદાવાદ અને રાજકોટ-સુરત વચ્ચે ડેઈલી એક ફલાઈટનું ઉડ્ડયન શરૂ છે. જેમાં ઈન્ડિગો એર લાઈન્સ કંપની રાજકોટ-અમદાવાદ વચ્ચે હવાઈ સેવા પુરી પાડી રહી છે. ગત તા.૩૧ માર્ચથી શરૂ થયેલી રાજકોટ-અમદાવાદ ફલાઈટમાં રોજીંદો ટ્રાફિક નહીં મળતા હવે ટચકા ખાવા લાગી છે સંભવિત આ કારણે જ આગામી મે માસથી આ ફલાઈટ કેન્સલ થાય તો નવાઈ નહીં હાલના દિવસોમાં ઈન્ડિગો એર લાઈન્સ કંપનીની એટીઆર એરક્રાફટ સપ્તાહમાં બુધવારના દિવસ સિવાય ડેઈલી બપોરે ૩.૫૦ કલાકે ઉડાન ભરે છે આ ફલાઈટમાં મોટાભાગે અમદાવાદથી કનેકટીંગ ફલાઈટવાળા મુસાફરો મુસાફરી માણી રહ્યા છે. અન્ય પ્રવાસીઓનો ઘસારો ઓછો જોવા મળતા ડેઈલી સરેરાશ ૨૫ થી ૩૦ જેટલા મુસાફરો આવન-જાવન થતી હોવાથી સંભવિત આગામી મે માસથી એર લાઈન્સ કંપની આ ફલાઈટ કાયમી ધોરણે કેન્સલ કરે તેવી શકયતા છે. આગામી ૧૫ દિવસ સુધી જો આવી જ સ્થિતિ રહી તો આ ફલાઈટ કાયમી ધોરણે કેન્સલ થવાની શકયતા છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
| --- | --- |
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૨૫-૨૫૭૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૭૫-૨૫૨૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૫૦૫-૧૫૧૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૩૨૦-૨૩૪૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



**સોનુ-ચાંદી**

| | |
| --- | --- |
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૪૭૫૦(-૨૫૦) |
| ચાંદી | ૮૩૪૦૦(-૪૦૦) |

# આવતીકાલે અંબીકા ટાઉનશીપ - જીવરાજપાર્ક ના સમગ્ર સમાજના લોકોને ઉમટી પડવા હાકલ : નરેન્દ્રભાઈ સોલંકી

**રાજકોટ યુથ કલબ દ્વારા તા. ૨૮-૪-૨૪, રવિવાર ના રોજ સાંજે ૬ કલાક થી રંગારંગ કાર્યક્રમમાં હાજરી આપવા અધ્યક્ષ જીજ્ઞેશ કાલાવડીયા, મહામંત્રી ભાર્ગવ સોલંકી / સંજય ખીરસીરયા, ફર્નાડીઝ પાડલીયા સહીતના અગ્રણીઓનું જાહેર નિમંત્રણ**



રાજકોટ : તા. ૨૭ લોક સભાની ચુંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ દેશમાં ચુંટણીનો માહોલ ગરમાઈ રહયો છે. રાજકોટ લોકસભા મત વિસ્તાર માટે ભારતીય જનતા પાર્ટી ના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદી તેમજ શ્રી જે.પી. નડ્ડા, શ્રીઅમીતભાઈ શાહ તેમજ ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા નીડર, સક્ષમ અને લોકપ્રીય ઉમેદવાર એવા પરસોતમભાઈ રૂપાલાની પસંદગી કરવામાં આવી છે. જેથી સમગ્ર વિસ્તાર દ્વારા નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરવા માટે થઈ અને સમગ્ર લોકો દ્વારા ભારતીય જનતા પાર્ટીના દરેક ઉમેદવારોને જીતાડવા માટે સમગ્ર ગુજરાતભરમાં કમર કસી છે ત્યારે આપણે પણ ભારતીય જનતા પાર્ટીના દરેક ઉમેદવારને સમર્થન આપી અને જીવતાડવા માટે પ્રયત્નશીલ છીએ. ત્યારે જેમને સમગ્ર મત વિસ્તારમાંથી અપાર જન સમર્થન મળી રહયુ છે. ત્યારે સમગ્ર ગુજરાતના ભારતીય જનતા પાર્ટીના સમગ્ર ઉમેદવારોને ઉમળકાભેર ફુલડે વધાવી રહયુ છે. ત્યારે તેમના સમર્થનમાં સમગ્ર રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જનતામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે ત્યારે રાજકોટ માં સૌથી વધુ ઝડપથી વિકસી રહેલ અંબીકા ટાઉનશીપ વિસ્તારમાં પણ ભારતીય જનતા પાર્ટીના કમળને સમર્થન જોવા મળી રહયુ છે. અંબિકાટાઉનશીપ, જીવરાજપાર્ક વિસ્તારમાં અનેક પ્રકારની સેવાકીય અને સામાજીક પ્રવૃતિઓમાં શિરમોર નામ ધરાવનાર રાજકોટ યુથ કલબ દ્વારા પણ આ વિસ્તારના લોકો માટે ભવ્યાતિ ભવ્ય રંગારંગ કાર્યક્રમનું અગામી ૨૮ એપ્રિલ રવિવારના રોજ સાંજે ૬ કલાકે આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં અંબિકા ટાઉનશીપ, જીવરાજપાર્ક, નાનામૌવા, મોટામૌવા, મવડી, સહિતના વિસ્તારોમાંથી જંગી માનવ મેદનીને ઉમટી પડવા માટેનું આહવાન કરવામાં આવેલ છે.

## હાસ્યની ધમાલ

એ ભાઈ...



એ મોટા...

**કલાકાર : મનસુખભાઈ વસોયા**

**સ્મૃતિ પટેલ, નેન્સી પટેલ, ધર્મીષ્ઠા ભરવાડ, રેખા વાળા, નાથુદાન ગઢવી, વિશાલ વરૂ વગેરેનો જોરદાર ડાયરો**

**૨૮-૪-૨૪ રવિવાર, સાંજે ૬ કલાકે**

**સ્થળ : શ્રી જીવરાજપાર્ક,શ્રી જીવરાજ ફાર્મ,આર.પી.એસ.સ્કૂલ સામે,રાજકોટ.**

## ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓની તેમજ સામાજીક આગેવાનોની વિશેષ ઉપસ્થિતી

મોહનભાઈ કુંડારીયા (સંસદસભ્યશ્રી,રાજકોટ)
ભાનુબેન બાબરીયા (કેબીનેટ મંત્રીશ્રી, ગુજરાત)
ડો. ભરતભાઈ બોઘરા(ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ, ભાજપ)
ઉદયભાઈ કાનગડ (ધારાસભ્યશ્રી, રાજકોટ)
રમેશભાઈ ટીલાળા (ધારાસભ્યશ્રી, રાજકોટ)
દર્શીતાબેન શાહ (ધારાસભ્યશ્રી, રાજકોટ)
ગોવિંદભાઈ પટેલ (પૂર્વ મંત્રી શ્રી, ગુજરાત સરકાર)
ધનસુખભાઈ ભંડેરી (પૂર્વ ચેરમેનશ્રી ફા.બોર્ડ, ગુજરાત)
વિરેન્દ્રસિંહ ઝાલા(મહામંત્રીશ્રી,રાજકોટ ભાજપ)
માધવભાઈ દવે (મહામંત્રીશ્રી,રાજકોટ ભાજપ)

વિજયભાઈ રૂપાણી (પૂર્વ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત )
રામભાઈ મોકરીયા (રાજયસભાના સભ્યશ્રી)
કુંવરજીભાઈ બાવળીયા(કેબીનેટ મંત્રીશ્રી, ગુજરાત)
મુકેશભાઈ દોશી (પ્રમુખશ્રી, રાજકોટ શહેર ભાજપ)
નયનાબેન પેઢડીયા (મેયરશ્રી રા.મ્યુ.કો.)
નરેન્દ્રસિંહ જાડેજા (ડેપ્યુટી મેયરશ્રી રા.મ્યુ.કો.)
જયમીનભાઈ ઠાકર ,(સ્ટેન્ડીંગ ચેરમેન રા.મ્યુ.કો.)
લીલુબેન જાદવ (નેતાશ્રી શાસકપક્ષ)
મનીષભાઈ રાડીયા (દંડકશ્રી)
અશ્વીનભાઈ મોલીયા (મહામંત્રી,રાજકોટ ભાજપ)

શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ
(મહંતશ્રી આપાગીગાનો ઓટલો-ચોટીલા)
આર.પી.પટેલ (પ્રમુખશ્રી-વિશ્વ ઉમિયાધામ-જાસપુર)
ગોવિંદભાઈ ખુંટ (સામાજીક અગ્રણી)
ડો. વલ્લભભાઈ કથીરીયા (પૂર્વ મંત્રીશ્રી કેન્દ્ર સરકાર)
હર્ષદભાઈ માલાણી (ચેરમેનશ્રી રાજ.કોર્મ.કો.બેંક)
પરેશભાઈ ગજેરા (પ્રમુખશ્રી - બિલ્ડર્સ એશો.)
કમલભાઈ ધામી (સહકારી અગ્રણી)
રમેશભાઈ કિયાડા (રાજકોટ મહામંત્રી કિશાન મોરચો)

રાજકોટ યુથ કલબ દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં અંબિકાટાઉનશીપ અને આસપાસના વિસ્તારોમાંથી માનવમહેરામણ ઉમટવાનો હોય તેમના મનોરંજન હેતુથી ગુજરાતના ખ્યાતનામ કલાકારોનો રંગારંગ કાર્યક્રમ હાસ્યની ધમાલ સાથે લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગામઠી લહેકામાં એ ભાઈ... એ મોટા... એવા શબ્દોથી વિખ્યાત બનેલા સુપ્રસિધ્ધ હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાની સાથે લોક ગીત અને ભજનોના જાણીતા કલાકારો શ્રુતિ પટેલ, વિશાલ વરૂ, નેન્સી પટેલ, નાથુદાન ગઢવી, ધર્મીષ્ઠા ભરવાડ, રેખા વાળા, જયુભાઈ સીંધવ મનોરંજનનો રસથાળ પીરસવાના હોય સભા સ્થળ શ્રી જીવરાજ ફાર્મ, આર.પી.એ. સ્કુલ સામે, જીવરાજ પાર્ક ખાતે ભાઈઓ -બહેનો-માતાઓ-વડીલોને નિયત સમયે બીલકુલ ૬ ના ટકોરે ઉપસ્થિત રહેવા રાજકોટ યુથ કલબના અધ્યક્ષ જીજ્ઞેશભાઈ કાલાવડીયા, સંગઠન મહામંત્રી ભાર્ગવભાઈ સોલંકી, મહામંત્રી સંજયભાઈ ખીરસરીયા અને ફર્નાન્ડીઝભાઈ પાડલીયા દ્વારા આહવાન કરવામાં આવ્યુ છે.

પરેશભાઈ ઠાકર (પ્રભારીશ્રી રાજકોટ શહેર વોર્ડ નં. ૧૧)
વિનુભાઈ સોરઠીયા (કોર્પોરેટરશ્રી વોર્ડ નં. ૧૧)
રણજીતભાઈ સાગઠીયા (કોર્પોરેટરશ્રી વોર્ડ નં. ૧૧)
મહેશભાઈ પીપળીયા (પ્રમુખ, રાજકોટ વોર્ડ નં. ૧૧)
વિનુભાઈ ઈસોટીયા (મહામંત્રી, રાજકોટ વોર્ડ નં. ૧૧)
મુળુભાઈ ઓડેદરા (મહામંત્રી, રાજકોટ વોર્ડ નં. ૧૧)
દિપકભાઈ ત્રિવેદી (પ્રમુખ, યુવાભાજપ વોર્ડ નં. ૧૧)
વિક્રમસિંહ ગોહેલ (મહામંત્રી, યુવાભાજપ વોર્ડ નં. ૧૧)
ભારતીબેન પાડલીયા (કોર્પોરેટરશ્રી વોર્ડ નં. ૧૧)
રાધીકાબેન વિણોયા (પ્રમુખ, મહીલા મોરચા વોર્ડ નં. ૧૧)
માલતીબેન સાતા (મહામંત્રી, મહીલા મોરચા વોર્ડ નં. ૧૧)
સુરેશભાઈ જીજુવાડીયા (પ્રમુખ, બક્ષીપંચ વોર્ડ નં. ૧૧)
નિખીલભાઈ શિશાંગીયા (મહામંત્રી, બક્ષીપંચ વોર્ડ નં. ૧૧)
જીતુભાઈ ધામેલીયા (પ્રમુખ, કિશાન મોરચા વોર્ડ નં. ૧૧)
રાજુભાઈ ડાંગરીયા (મહામંત્રી, કિશાન મોરચા વોર્ડ નં. ૧૧)

## સામાજીક અગ્રણી - વિવિધ સંસ્થાના હોદેદારશ્રીઓની આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતી રહેશે

નાગજીભાઈ સેરડીયા- આર.એમ. એન્ટરપ્રાઈઝ,લવજીભાઈ વાલજીભાઈ સાવલીયા- અગ્રાણી ઉદ્યોગપતિ,જગુભાઈ ટાંક - અગ્રાણી બીલ્ડર્સ, જીવરાજપાર્ક યોગેશભાઈ કાચા - અગ્રાણી બીલ્ડર્સ, જીવરાજપાર્ક,કૌશીકભાઈ સાપરીયા - અગ્રાણી બિલ્ડર્સ, જીવરાજ પાર્ક,હરેશભાઈ અગ્રાવત - અગ્રાણી બિલ્ડર્સ, વ્રજ ગૃપ,કિશોરભાઈ પાડલીયા - વોર્ડ ઉપપ્રમુખ-ઉમીયાધામ સમિતિ,શશીભાઈ ભોજાણી - કે.પી.એસ. કલબ,હેમરાજભાઈ કાચા - અગ્રાણી બિલ્ડર્સ, ડ્રિમ હિલ્સ,અશોકભાઈ સોલંકી - અગ્રાણી બિલ્ડર્સ, દ્વારકેશનગરી,વિરેનભાઈ કાચા - અગ્રાણી બિલ્ડર્સ, ડ્રિમ સિએસ્ટા,મોહીતભાઈ કાચા - અગ્રાણી બિલ્ડર્સ, ડ્રિમ એવન્યુ,ડો. રિનલ મકવાણા આર્શીવાદ ફીઝીયોથેરાપી કલીનીક,ડો. કુલદીપ પટેલ - મુદ્રીકા હોસ્પિટલ,ડો. આખજા હસમુખ - ઓમ હોસ્પિટલ,ડો. અનીરૂધ્ધ પટેલ - શ્રી કલીનીક,ડો. રવિ ભીમાણી - અક્ષર કલીનીક,ડો. ક્રિષ્ના વૈષ્નાણી - વ્રજ કલીનીક,ડો. વિશુ ટીલવા - વ્રજ કલીનીક એન્ડ ચાઈલ્ડ કેર,ફર્નાન્ડીઝ પાડલીયા - વોર્ડ પ્રતિનીધી, સામાજીક અગ્રાણી,વિમલભાઈ વડાલીયા - ઉદ્યોગપતિ(બી.ટી.સ્ટીલ-શાપર), કાન્તીલાલ દેલવાડીયા - માજી મહામંત્રી વિશ્વહિન્દુ પરીષદ,દિગુભા ચાવડા - ભાજપ અગ્રાણી,પરેશભાઈ ગોહીલ અગ્રાણી બિલ્ડર્સ, શ્યામલ ગૃપ,દિનેશભાઈ કાણજારીયા - દ્વારકેશ નગરી, જીવરાજપાર્ક,હરેશભાઈ કલોલા - કાર્યકારી પ્રમુખ-ઉમીયા ચે. ટ્રસ્ટ, રાજકોટ,દિનેશભાઈ- સેક્રેટરી, કે.પી.એસ. કલબ,મનસુખભાઈ ખીરસરીયા -ઉમીયાધામ સિદ્સર, ઉદ્યોગપતિ,મુન્નાભાઈ ઘેટીયા - સામાજીક અગ્રાણી,દિનેશભાઈ મોરી - માજી સરપંચશ્રી,જીતેન્દ્રભાઈ ઘોડાસરા - સામાજીક અગ્રાણીપ્રફુલભાઈ કાથરોટીયા - રાજકોટ શહેર ભાજપ પૂર્વ ઉપાધ્યક્ષશ્રી,ચંદુભાઈ ગોવાણી - બિલ્ડર્સ, શ્યામલ ગૃપ,હિતેશભાઈ વિરોજા - દર્શન ગૃપ,રૂષીતભાઈ ગોવાણી - બિલ્ડર્સ, સંસ્કૃતિ ગૃપ,પિયુષભાઈ કાણસાગરા - સંસ્કૃતિ ગૃપ, કનકભાઈ એચ. મેંદપરા - બીલ્ડર્સ, સનાતન ગૃપ

**અંબીકા ટાઉનશીપ, જીવરાજપાર્ક, મવડી, નાનામૌવા, મોટા મૌવા સહીતના દરેક વિસ્તારોના ફલેટ હોલ્ડરશ્રીઓ, સોસાયટીઓ તેમજ ઉપરોકત વિસ્તારમાં રહેતા દરેક લોકોને પધારવા માટેનું જાહેર નિમંત્રણ કાર્યક્રમમાં બહેનો અને ભાઈઓ માટે બેઠક તેમજ જમવાની વ્યવસ્થા અલગ અલગ રાખવામાં આવેલ છે**

## જીવરાજ ફાર્મ હાઉસ ખાતે કાર્યક્રમને લઈને ચાલી રહી છે તડામાર તૈયારીઓ અંબિકા ટાઉનશીપ, જીવરાજપાર્ક અને આસપાસના વિસ્તારમાં ૨૭૮ થી વધુ સોસાયટી ફલેટ ઓનર્સ એસોશીયેશનના પ્રમુખો અને હોદેદારો દ્વારા કાર્યક્રમમાં પધારવા માટેનું સ્નેહભર્યુ આમંત્રણ

શ્રી જનતા સ્વીટ-રાજભાઈ પટેલ,રાધે સ્ટીલ-બ્રિજેશભાઈ રાડિયા,સ્ટાર ઈલેકટ્રોનિકસ-રાકેશભાઈ સવસાણી,યોગી આયુવેદિક-અતુલકુમાર મકવાણા,યુનીક સ્ટેશનરી-પ્રશાંતભાઈ કાલરીયા,દ્વારકેશ હાર્ડવેર-પ્લાયવુડ-અ નિ લ ભા ઈ પટેલ ખોડલ પ્લાયવુડ -હાર્ડવેર-લલિતભાઈ પટેલ,બાલાજી ઈલેકટ્રીક-જયદિપભાઈ પટેલ,દુધગંગા ડેરી-સ્વીટ-સંદિપભાઈ પટેલ,આર. કે. ઓપ્ટીશીયન-અમિતભાઈ સાઈજા,મહાદેવ મોબાઈલ-એલિસભાઈ માકડિયા,ખોડલ ફાર્મસી -જીતુભાઈ સોજીત્રા,પટેલ ફરસાણ-કેટરીંગ-ચંદુભાઈ પટેલ,જય યોગેશ્વર ડેરી-દિપકભાઈ પટેલ,શ્યામ મહાદેવ મંદિર-નાથાભારતીબાપુ,અંબાધામ મંદિર-પ્રફુલ્લ મહારાજ,ચિલ્ડ એન્ડ શેઈક-સાગરભાઈ કોઠારી,દર્શન સ્વીટ એન્ડ ફરસાણ-દર્શનભાઈગણેશ ટ્રેડીંગ કંપની-હર્ષભાઈ પટેલ,સ્નોબોલ શેક-આઈસ્કીમ-જીજ્ઞેશભાઈ પટેલ,ઘનશ્યામભાઈ ડેરી ફાર્મ-રજનીકભાઈ ગજેરા,મારૂતિ કોઠી આઈસ્કીમ-સુરેશભાઈ,માનસ જવેલર્સ-કૃણાલભાઈ,સોમનાથ સ્વીટ -કેટરીંગ-પ્રહલાદભાઈ પટેલદર્શન સાયકલ સ્ટોર-યોગેશભાઈ રાજકોટીયા,નિલકંઠ પ્રોવિઝન સ્ટોર-ધર્મેશભાઈ રતનપરા,દર્શન ચશ્મા-પરેશભાઈ પટેલ,સોમનાથ એસ્ટેટ -નીતીષભાઈ સોલંકી,પરિધાન ફેશન -પીન્ટુ ભાઈસો લંકી, ગાયત્રી એસ્ટેટ-રાજુભાઈ સોલંકી,સતાધાર પેટ્રોલીયમ-પુંજાભાઈ સેગલીયા,જય સતાધાર કનસ્ટ્રકશન-રમેશભાઈ સેગલીયા,બિલ્ડીંગ મટીરીયલ્સ-મહેશભાઈ સેગલીયા,મહાદેવ હોઝીયરી-મહેશભાઈ દવે, શ્રી જીવરાજ ફલોરમીલ નિતીનભાઈ ડોડીયા,શ્રી જીવરાજ ગૌશાળા-ભીખાભાઈ દવેરા,પટેલ પાન સેન્ટર-વાગડીયા રમણીકભાઈ,ધ અર્બન ઈન્ટીરીયલ-હિરેનભાઈ મીસ્ત્રી,ધ અર્બન ઈન્ટીરીયલ-ઉમંગભાઈ રોકડ ,ઉમીયા ડેરી-યોગેશભાઈ બરોચીયા, ક્રિષ્ના ટ્રેડીંગ-વરાણીયા કિશનભાઈ,રજની ઢોસા-યુગભાઈ પટેલ ઈલેવન હાર્ડવેર-અંકુરભાઈ, વિલેજ ટેસ્ટ ગોલા-મિતુલભાઈ જીવાણી,વી ગો માર્ટ-મોહિતભાઈ પટેલ,પટેલ મંડપ સર્વિસ-દિનેશભાઈ પટેલ,હરિકૃષ્ણ ફાર્મસી-ભા વી ન ભા ઈ પટેલ,અતુલ આઈસ્કીમ-શિરીષભાઈ પટેલ,વન સ્ટોપ માર્ટ-જશમીનભાઈ પટેલ,શ્રીજી સુપર સ્ટોર-દિપકભાઈ હિરાણી,ઘનશ્યામ જવેલર્સ-દિપેનભાઈ લોઢીયા,માધવ ફરસાણ -ચંદુભાઈ ફળદુ,સુમુખ ફલેટસ-જેમીનભાઈ અઢીયા

# રવિવારે નિધિ સ્કૂલ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ અને નારી રત્નોનું સન્માન સમારોહનું આયોજન

## પેટના દર્દો, સ્ત્રી રોગો, સંધિવા, સાયટીકા, ચામડીના રોગો, કિડનીના રોગો સહિતના દર્દોનું કરાશે નિદાન




રાજકોટ, તા.૨૬

નિધિ સ્કૂલ અને સી. જે. ગ્રુપ દ્વારા રાજકોટ હોમિયોપેથી મેડિકલ કોલેજ અને સાંઈનાથ હોમિયોપેથી હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું તા.૨૮ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ''નિધિ સ્કૂલ'', ભારતી નગર શેરી નં. ૨, રામાપીર ચોકડી પાસે, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં હોમિયોપેથીક સારવાર માટે ડો. હિતાર્થ મહેતા, ડો. માધવી વાગડિયા, ડો. રોમલ પદસુંબીયા, ડો. અલ્ફેઝ કુરેશી તેમજ દાંતના નિષ્ણાંત નીતાબેન ટાંક, ફિઝિયોથેરાપીમા વૈશાલી મકવાણા, તેમજ લેબોરેટરીની સુવિધામાં દયાબેન હિરપરા સેવા આપશે. આ કેમ્પમાં પેટના દર્દો, સ્ત્રી રોગો, સંધિવા, સાયટીકા, ચામડીના રોગો, કિડનીના રોગો, આંખના રોગો, વગેરે દર્દોનું નિઃશુલ્ક નિદાન કરવામાં આવશે, તેમજ નિઃશુલ્ક દવા આપવામાં આવશે. આ સાથે વોર્ડ નં.૧ માં રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, સેવાકીય ક્ષેત્રે વગેરેના નારી રત્નોનું સન્માન પણ કરવામાં આવશે. જેમાં દુર્ગાબા જાડેજા, સેજલબેન ચૌધરી, જલ્પાબેન દતાણી, હર્ષાબા જાડેજા, મયુરીબા પરમાર, જ્યોતિબેન હિંગુ, કોમલબેન પરમાર, વગેરેનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, ડો. અલ્પેશભાઈ મોરઝરીયા તેમજ વોર્ડના અગ્રણીઓ કાથડભાઈ ડાંગર, જયદીપસિંહ જાડેજા, કાનાભાઈ ખાણધર, લલીતભાઈ વાડોલીયા ઉપસ્થિત રહેશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નિધિ સ્કૂલના યશપાલસિંહ ચુડાસમા, હર્ષદ રાઠોડ, નીરવ વ્યાસ, ભૂમિ વાઘેલા અને અંજના ચતલિયા તેમજ સી.જે. ગ્રુપના ચિરાગભાઈ ધામેચા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# કાલે સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ તથા સી.જે.ગ્રુપ દ્વારા નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

રાજકોટ, તા.૨૭

રાજકોટ હોમીયોપેથીક મેડીકલ કોલેજ સંચાલીત સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ તેમજ સી.જે.ગ્રુપ દ્વારા આવતીકાલ તા.૨૮ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમ્યાન નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું નિધિ સ્કુલ, ૨ ભારતીનગર, રામાપીર ચોકડી પાસે, ગાંધીગ્રામ રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.જેમાં હોમિયોપથીક દવાઓ તથા નિઃશુલ્ક લોહીની તપાસ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં ડો. હિતાર્થ મહેતા, ડો. માધવી વાગડીયા, ડો. નિરવ ગણાત્રા, ડો. અલ્ફીસ કુરેશી, ડો રામલ પડસુંબીયા તેમજ દંત ચિકીત્સક ડો.નિતાબેન ટાંક અને ફિઝીયોથેરાપીસ્ટ ડો.વૈશાલી મકવાણા, લેબોરેટરીની સુવિધામાં દયાબેન હિરપરા સેવા આપશે.

# દર રવિવારે યુનિસ્ટાર લેબમાં રાહતદરે કરી આપશે વિવિધ ટેસ્ટ

રાજકોટ, તા.૨૭

યુનિસ્ટાર લેબના ૧૨ વર્ષ થી વધારેનો અનુભવ ધરાવતા પેથોલોજીસ્ટ દ્વારા રાજકોટના પેશન્ટ માટે દર રવિવારે વિટામીન બી-૧૨, વિટામીન ડી, ડાયાબિટીસ, લોહી, થાઈરોઈડ, કીડની, લીવર વગેરેના રિપોર્ટ દર રવિવારે સવારે ૮ થી ૨ વાગ્યા સુધી યુનિસ્ટાર લેબ ઓપેરા ડ્રીમ, પહેલાં માળે, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, એચડીએફસી બેંક ઉપર, યુનિસ્ટાર લેબ રાજકોટ ખાતે કરી આપવામાં આવશે. વધુ માહિતી માટે મો.નં.૮૭૯૯૬ ૦૦૧૪૭ નો સંપર્ક કરવાનો રહેશે.

### આગામી તા. પમીના મુંબઇ ખાતે ગુરૂપ્રેમના આજીવન ચરણોપાસક, ગચ્છાધિપતિ, આચાર્ય ભગવંત

# શ્રી કુલચંદ્રસૂરીજી (કે.સી.) મ.નો પ૯મો જન્મોત્સવ તથા પ્રતિષ્ઠા મુહૂર્ત પત્ર અર્પણ વિધિનો કાર્યક્રમ યોજાશે



રાજકોટ, તા. ૨૭

મુંબઈમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય, શાંતિ સુધા પાર્ક, શાંતિ પથ, ગારોડીયા નગરની પાછળ, કુકરેજા ટાવર બાજુમાં, ઘાટકોપર (ઈસ્ટ) ખાતે ગુરૂપ્રેમના આજીવન ચરણોપાસક, ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂ. શ્રી કુલચંદ્રસૂરીજી (કે.સી.) મ.નો પ૯મો જન્મોત્સવ તથા અમદાવાદના શ્રી પાર્શ્વ પ્રેમધામ-રાંચરડાના નૂતન જિનાલયના પ્રતિષ્ઠા મુહૂર્ત અર્પણ કરવાનો એમ બંને પ્રસંગોની ઉજવણી આગામી તા.પમીના રવિવારે સવારે નવ વાગે થશે.

મુંબઈમાં વર્ષો બાદ આ.શ્રી કુલચંદ્રસૂરીજી (કે.સી.) મહારાજનો જન્મોત્સવ ઉજવાઈ રહ્યો છે. તેથી મુંબઈના સંઘોમાં અનેરો ધર્મોલ્લાસ છવાયો છે. આ પ્રસંગે શ્રી પાર્શ્વ-પ્રેમ ધામ, રાંચરડા, અમદાવાદ મધ્યે નૂતન જિનાલયમાં ભરાવવાનો, પ્રતિષ્ઠાનો તથા સંપૂર્ણ દેરીનો જે પરિવારોએ લાભ લીધો છે. તેઓ પણ આ પ્રસંગે ઉપસ્થિતિ રહેશે. પૂ. ગુરૂ ભગવંત સ્વહસ્તે લાભાર્થી પરિવારને મુહૂર્તનો પત્ર અર્પણ કરશે.

**પૂ. ગુરૂદેવનો કાર્યક્રમ**

ગચ્છાધિપતિ આ.ભ.પૂ. શ્રી કુલચંદ્રસૂરીજી (કે.સી.) મ. આદિ ઠાણા આજ તા. ૨૭ તથા ૨૮ના શ્રીધામ કલાસીક પ્રતિષ્ઠા મહોત્સવ, ગોરેગાંવ (વેસ્ટ)માં નિશ્રા આપશે. તેઓ રોયલ સમ્રાટ ઈવીંગ, ૧લે માળે, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ)માં સ્થિરતા કરશે. તા.૨૯ના સોમવારે ડિવીનીટી (રેસકોર્સ)માં પધારશે. તા.૩૦ના પ્રેઝન્ટ પેલેસ, નેપયન્સી રોડ, વાલકેશ્વર, તા.૧-૫ના સહસ્ત્રાવધાન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તા.૨ના સવારે મરીન ડ્રાઈવ(પાટણવાળા), સાંજે ગોડીજી મંદિર, પાયધુની તા.૩ના લોઅર પરેલ તથા તા. ૪ થી ૬ શાંતિ સુધા પાર્ક, ઘાટકોપર (ઈસ્ટ)માં બિરાજશે. ત્યાં તા.પમીના પૂ. ગુરૂદેવનો જન્મોત્સવ તથા પ્રતિષ્ઠા મુહૂર્ત પત્ર અર્પણ વિધિ કાર્યક્રમ તા. ૭ના ઝવેર રોડ, મુલુન્ડ (વેસ્ટ)માં પધારશે.

### પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા કારકિર્દી બનાવવાની તક

# કાલે જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષાનું આયોજન

## મેરીટ મુજબ પસંદ થયેલા વિદ્યાર્થીઓનો ધો.૮ થી ૧૨ સુધીનો તમામ શૈક્ષણિક ખર્ચ ટ્રસ્ટ ભોગવશે

રાજકોટ, તા.૨૭

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ભણવામાં તેજસ્વી પરંતુ આર્થિક રીતે નબળા પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટ ચલાવવામાં આવે છે.

જે અંતર્ગત ધો.૭માં સરકારી કે ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેમણે ધો.૭માં પ્રથમ સેમિસ્ટારમાં ૮૫% કે તેથી વધુ માર્કસ મેળવ્યા છે તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ પરિક્ષા આવતીકાલ તા.૨૮ ને રવિવારના રોજ લેવામાં આવશે. આ પ્રવેશ પરીક્ષા માટે જે બાળકોએ ફોર્મ ભરેલ છે તેઓએ ચાણક્ય વિદ્યામંદિર, કરણસિંહજી રોડ, અંબિકા લોન્ડ્રીની બાજુમાં, રાજકોટ ખાતે સવારે ૭:૩૦ વાગ્યે કોલ લેટર સાથે ઉપસ્થિત થવાનું રહેશે. આ પ્રવેશ પરિક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓને મેરીટ મુજબ પસંદ કરી તેઓને ધો.૮ માં શહેરની શ્રેષ્ઠ શાળાઓમાં એડમીશન અપાવી ધો.૧૨ સુધીનો તમામ શૈક્ષણિક ખર્ચ ટ્રસ્ટ ઉઠાવે છે. વધુ માહિતી માટે ભાવેનભાઈ ભટ્ટનો ફોન નં. (૦૨૮૧) ૨૭૦૪૫૪૫ પર સંપર્ક કરવાનો રહેશે.

### શ્રીમદ્ રાજચંદ્રજીના પરમભક્ત, આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા તથા

# શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધરમપુરના સંસ્થાપક શ્રી રાકેશજી કાલથી બે દિવસ રાજકોટમાંઃ અમૃતમય સત્સંગનું આયોજન




રાજકોટ, તા.૨૭

શ્રીમદ્ રાજચંદ્ર મિશન-ધમરપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજી આવતીકાલ રાજકોટ પધારી રહ્યા છે તેમનું કાલ તથા સોમવારના પ્રવચન યોજવામાં આવેલ છે. આ અંગેની વિગતો આપવા 'સાંજ સમાચાર' કાર્યાલય પર કુમાર દોશી, જીતેન ભણશાલી વગેરે આવેલા હતાં.

આગામી તા.૨૯ને સોમવારે પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીનો દેહોત્સર્ગ દિન છે તે નિમિત્તે જ્ઞાન મંદિરમાં તા.૨૯ તથા તા.૩૦ના કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

ગુરુદેવ રાકેશજીનો આવતીકાલે રાત્રે ૮ થી ૧૦ હેમુ ગઢવી હોલ ખાતે તથા તા.૨૯ના બપોરે ૪ થી ૫ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, આકાશવાણી સામે સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

૧૫૦ વર્ષ પૂર્ણ ભગવાન મહાવીર સ્વામીના સનાતન માર્ગના પ્રવર્તક અને ઉદ્ધારક, દિવ્ય દ્રષ્ટા, આત્મજ્ઞાની સંત, મૂર્તિમાન અધ્યાત્મ, તીવ્ર પ્રજ્ઞાવંત શ્રીમદ્ રાજચંદ્રજીએ આમતપ્રાપ્તિનો માર્ગ ઉદ્ઘાટિત કર્યો. શ્રીમદ્જી તેમના અંતિમ દિવસોમાં રાજકોટ રોકાયા હતા. આથી રાજકોટ શ્રીમદ્જીના સમાધિસ્થળ તરીકે સુવિખ્યાત છે.

**આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા શ્રી રાકેશજી**

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત, આત્મજ્ઞાની ગુરુ, આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા, માનવતાના અધિનાયક અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક ગુરુદેવ રાકેશજી રાજકોટ પધારી રહ્યા છે. પૂ. ગુરુદેવના સત્સંગનો લાભ રાજકોટવાસીઓને તા.૨૮ના હેમુ ગઢવી ઓડિટોરિયમ અને તા.૨૯ને રાજકોટ જ્ઞાન મંદિરમાં એમ બે દિવસ મળવાનો છે.

શ્રીમદ્ રાજચંદ્રજીનો બોધ જેના અણુએ અણુમાં ધબકે છે, એવું આંતરિક રૂપાંતરણ માટે કાર્યરત એક આધ્યાત્મિક અભિયાન-શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર વિશ્વના પાંચ ખંડોમાં ૨૦૬ કેન્દ્રો દ્વારા પ્રવર્તમાન છે. પૂજ્ય ગુરુદેવ રાકેશજીની અવિરત કરુણાનું સાકાર રૂપ છે. વિશ્વ વ્યાપી સામાજિક અભિયાન શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર જે નિષ્કામ સેવા દ્વારા અભાવગ્રસ્ત લોકોને શાતા પહોંચાડે છે. તેઓ વિશ્વભરમાં આવેલ ૯૬ યુથ ગ્રુપ દ્વારા હજારો યુવાનોને ઉચ્ચ જીવનલક્ષ તરફ દોરી રહ્યા છે અને શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈનટચના માધ્યમથી ૨૫૨થી વધુ મૂલ્ય શિક્ષણ કેન્દ્રો બાળકોનું ઘડતર કરી રહ્યા છે.

# રાજુભાઈ ધ્રુવની રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે શુભેચ્છા મુલાકાત



રાજકોટ,તા.૨૭

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા કેન્દ્રના રેલવે અને આઈ.ટી વિભાગના મંત્રી અશ્વિની વૈષ્ણવને મળીને સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવે શુભેચ્છા પાઠવી હતી. રાજુભાઈ ધ્રુવે તેમને રાજકોટ રેલવે સ્ટેશનના આધુનિકરણ અને નવનિર્માણ સહીત સૌરાષ્ટ્રને આપવામાં આવેલી વંદે ભારત ટ્રેઈન તથા અન્ય રેલવે સંબંધી સુવિધાઓ વધારવા અને આવનારા અનેક નવા પ્રોજેક્ટ બદલ તેમનો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો હતો.

# ભાજપના પૂર્વ નગરસેવક, પ્રદેશ અગ્રણી અનિલભાઈ મકવાણાનો આજે જન્મદિવસ



રાજકોટઃતા ૨૭

પ્રદેશ ભાજપ અગ્રણી સામાજીક કાર્યકર ભૂતપૂર્વ કોર્પોરેટર અને ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમના ડીરેક્ટર અનિલભાઈ મકવાણાનો આજે તા.૨૭ એપ્રિલના રોજ જન્મદિવસ છે. અનિલભાઈને નગર સેવક બાદ ભાજપ સરકારે રાજય સરકારના નીગમની મોટી જવાબદારી સોંપી હતી.

છેલ્લા ચાર દાયકાથી તેઓએ દરેક ચુંટણીમાં પણ કમળ ખીલવવા પુરી મહેનત કરી છે. અનિલભાઈએ રાજય સરકારના કરેલા કામો અને સિદ્ધિઓ ઘર ઘર સુધી પહોંચાડી છે આજે તેમના જન્મદિવસે પક્ષના આગેવાનો શુભેચ્છકો ચાહકો સ્નેહિઓ, અને મિત્રવર્તુળ તરફથી શુભકામનાની વર્ષા મો.૯૮૨૪૫ ૦૧૧૮૧ થઈ રહી છે.

# શહેર ભાજપ માલધારી અગ્રણી કાનાભાઈ ચૌહાણનો જન્મદિવસ



રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ માલધારી અગ્રણી કાનાભાઈ એમ. ચૌહાણનો કાલે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૧ વર્ષ પૂર્ણ કરી ૫૨ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.તેઓ રૈયાનગરપાલિકામાં નગર સેવક તરીકે ચૂંટાયેલ અને સ્લમ કિલયર્સ બોર્ડના ચેરમેન તરીકે જવાબદારી સંભાળેલી હતી. હાલ વોર્ડ નં. ૧૦ ના સક્રિય કાર્યકર છે. માલધારી સેલના પૂર્વ સહકન્વીનર અને તેમજ બક્ષીપંચ મોરચાના કારોબારી સભ્ય અને રાજકોટ શહેર જિલ્લા ઓબીસી અમલીકરણ સમિતિના કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળેલ તેમજ હાલ રાજકોટ શહેર ભાજપ ગૌ.સંવર્ધન સેલના કારોબારી સભ્ય તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. તેઓના જન્મદિવસ નિમિત્તે બહોળુ મિત્ર મંડળ, સામાજીક અગ્રણીઓ તથા રાજકીય અગ્રણીઓ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

# રિલાયન્સ જીયોનાં બિલ્ડીંગમાં ફાયર સેફટી અંગે કર્મચારીઓને તાલીમ અપાઈ





રાજકોટ,તા.૨૭

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડીંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડીંગમાં રહેતા લોકોને જાગૃતી માટે તા.૨૬/૪ ના રોજ રીલાયન્સ જીયો ઈન્ફોકોમ લિમીટેડ કોમર્શિયલ બિલ્ડીંગ, માધાપર ચોકડી, જામનગર બાય પાસ, રાજકોટ ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ, જેમાં અંદાજે ૧૦ થી ૧૫ ઓફિસના કર્મચારીઓ જોડાયેલ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ. વી. ખેર, ડે.ચીફ ફાયર બી.જે.ઠેબા, ઈન્ચાર્જ સ્ટેશન ઓફિસર આર.પી.જોષી, ફાયરમેન વિકાસભાઈ રાઠોડ સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

# યુવા એડવોકેટ કેવલ પૂરોહિત અને તન્વી શેઠની નવી ઓફિસનું આવતીકાલે ઉદઘાટન



રાજકોટ,તા.૨૭

આવતીકાલે રવિવારે તા.૨૮/૦૪/૨૦૨૪ના રોજ સવારે ૧૦ વાગ્યાથી રાજકોટના યુવા એડવોકેટ કેવલ જે. પૂરોહિત અને તન્વી બી. શેઠ-પૂરોહિતની નવી ઓફિસનું ઉદ્ઘાટન છે. તેમની નવી ઓફિસનો ૩૧૭, ધ સ્પાયર ૨, શિતલ પાર્ક ૧૫૦ ફુટ રિંગ રોડ રાજકોટ ખાતે પ્રારંભ થનાર છે ત્યારે કેવલ જે પૂરોહિતે ૨૦૧૩થી આ ક્ષેત્રમાં છે.

કાયદાનો અભ્યાસ કર્યા બાદ સને ૨૦૧૯માં સનદ મેળવી વકીલાત શરૂ કરી હતી, જ્યારે સને ૨૦૧૮માં તન્વી બી. શેઠ-પૂરોહિતે કાયદાનો અભ્યાસ કર્યા બાદ સનદ મેળવી વકીલાતની શરૂઆત કરી હતી. બંને વકીલ દંપતી ક્રિમિનલ અને ફેમિલી ક્ષેત્રમાં પ્રેક્ટિસ કરી અનેક કેસોમાં અસિલોને ન્યાય અપાવેલ છે. તેમની નવી ઓફિસના ઉદઘાટન પ્રસંગે સિનિયર જુનિયર વકીલો, સ્નેહીજનો ૭૮૨૦૦૩૦૦૨૪ ઉપર શુભેચ્છા પાઠવી રહ્યા છે.

### મુંબઈ-ગોરેગાઁવ (બે)ના જિનાલયમાં

# કાલે પ્રભુજીના પરિકર તથા નાકોડા ભૈરવજીનો પ્રતિષ્ઠા મહોત્સવ

## ગચ્છાધિપતિ આ.શ્રી.કુલચંદ્રસુરિજી (કે.સી.)મ.આદિની પાવન નિશ્રા



રાજકોટ,તા.૨૭

મુંબઈના ગોરેગાઁવ(વે)ના શ્રીધામકલાસિકના આંગણે આજથી બે દિવસ પ્રભુજીના પરિકર તથા નાકોડા ભૈરવદેવનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ગચ્છાધિપતિ આ.ભ.શ્રી કુલચંદ્રસુરિજી (કે.સી.)મ.આદિની પાવન નિશ્રામાં યોજવામાં આવેલ છે.આજે સવારે નૂતન બિંબ સાથે ગુરુભગવંતોનો મંગલ પ્રવેશ થયો, દેવીપૂજનનું આયોજન કરવામાં આવેલ.

રાત્રે ભકિત સંધ્યા યોજાશે.આવતીકાલે તા.૨૮મીના સવારે નવ વાગે શુભમૂહુર્તે પ્રભુજીના પરિકરની તથા નાકોડા ભૈરવની રંગેચંગે પ્રતિષ્ઠા કરાશે. બપોરે ૧૨-૩૯ કલાકે લઘુશાંતિ સ્નાત્ર પૂજન ભણાવાશે.સાંજે ૬.૩૦ કલાકે ભવ્ય ભૈરવભકિતનો કાર્યક્રમ યોજાયો છે.

# કાલે રકતદાન કેમ્પનું આયોજન

જેતપુર જેસીઝ દ્વારા સ્વ. જેસી સવજીભાઈ કોરાટના સ્મરણાર્થે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી તા.૨૮ને રવિવારે સાંજે ૫ થી ૯ વાગ્યા સુધી રાજવાડી પાર્ટી પ્લોટ, જુનાગઢ રોડ, જેતપુર ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

# સોમવારથી ચૈત્ર દનૈયાનો પ્રારંભઃ વરસાદનો વર્તારો

રાજકોટ તા.૨૭

ચૈત્ર વદ પાંચમને સોમવાર તા.૨૯થી ચૈત્ર દનૈયાનો પ્રારંભ થશે જે ચૈત્ર વદ તેરસને સોમવાર તા.૬/૫ સુધી ચાલશે.

ચૈત્ર દનૈયા આઠ દિવસ ચાલે છે. ચૈત્ર દનૈયાનો ઉપયોગ ચોમાસાના વરસાદના વર્તારામાં કરવામાં આવે છે. આ એક પૌરાણિક આગાહીની પધ્ધતિ છે. આ દિવસો દરમ્યાન જેટલું આકાશ ચોખ્ખુ રહે અને જેટલી વધારે ગરમી પડે તેટલો વરસાદ સારો પડે છે.

અને માવઠું થાય વાદળછાયુ વાતાવરણ જે પ્રદેશમાં રહે તે પ્રદેશમાં વરસાદ ઓછો થાય છે.

ચોમાસાના ચાર મહિના હોય છે આમ ચૈત્રી દનૈયાના આઠ દિવસ એટલે કે એક દનૈયાના ૧૫ દિવસ.

આમ જે દનૈયુ વધારે ગરમી રહે તે દિવસોમાં ચોમાસામાં વરસાદ સારો પડે છે એમ મનાય છે.

* શાસ્ત્રી રાજદીપ જોષી (વેદાંતરત્ન)

# પ્રિ-મોન્સુન વોકળા સફાઈ અંતર્ગત વોર્ડ નં.૧, ૩, ૪, ૭, ૧૦ અને ૧૫માં સફાઈ કામગીરી કરાઈ



રાજકોટ, તા.૨૭

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રિ-મોન્સુન વોકળા સફાઈ અંતર્ગત ગત તા.૨૪ના રોજ વોર્ડ નં.૧, ૩, ૪, ૭, ૧૦ અને ૧૫માં આવેલ વોકળાની સફાઈ કરવામાં આવી હતી.

પૂર્વ ઝોનના વોર્ડ નં.૪ વોર્ડ ઓફીસની બાજુમાં અને સગર શેરી, બેડીપરા વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ જિલ્લાના નાલે વોકળામાં સફાઈ કરાઇ. મધ્ય ઝોનના વોર્ડ નં.૩ હંસરાજ નગર બસ સ્ટોપ સામે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈ વોર્ડ નં.૩ ગાયકવાડી સુલભ પાછળ વોકળા સફાઈ, વોર્ડ નં.૭ જનકલ્યાણ હોલ સામે વોકળા સફાઈ, વોર્ડ નં.૭ મનહર પ્લોટ ૭ વોકળાનો કચરો કાઢવામાં આવ્યો હતો તેમજ પશ્ચિમવોર્ડ નં.૧૦ રૂડાનગર વોકળા મેન્યુલ તથા JCB ડમ્પર દ્વારા સફાઈ, વોર્ડ નં.૧ જામનગર રોડ, ઘંટેશ્વર સૈનિક સ્કૂલ સરદારજી સાફા વાળા સામે JCB ડમ્પર દ્વારા વોકળા સફાઈ કરવામાં આવેલ હતી.

# રાજ પ્રા.શાળા વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ યોજાયો



રાજકોટ તા.૨૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ પ્રા.શાળા વિદ્યાલય તેમજ પ્લેહાઉસના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ વાર્ષિકોત્સવ નિમિતે શાળામાં રાસ-ગરબા ડાન્સ નાટક જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ તેમજ શાળાના ૩૦માં વર્ષમાં મંગલપ્રવેશ અંતર્ગત ફ્રિમાં લકકી ડ્રોનું આયોજન કરાયુ હતું. તેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ જાહેર કરાયા હતા તેમજ રાખડી સ્પર્ધા, રંગોળીસ્પર્ધા, ચિત્રસ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરેલ.

આ કાર્યક્રમનો આરંભ શાળાના સંચાલક રાજેશભાઈ કે. સિંધવના હસ્તે દીપ પ્રગટાવીને કરવામાં આવેલ હતું. કાર્યક્રમને નિહાળવા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તેમજ કાર્યક્રમ પુર્ણ થતા શાળા તરફથી નાસ્તો, ગોલાપાર્ટી તેમજ સમુહભોજનની મજા માણેક હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સંચાલક રાજેનભાઈ કે. સિંધવ, યુ.આર.મેનોન, પ્રશાંતભાઈ આર. સિંધવ, હિરેનભાઈ ટંકારીયા, વિજયભાઈ ચાવડીયા, પારસભાઈ આર. સિંધવ, રાહુલભાઈ, વિકાસભાઈ, ભરતભાઈ તેમજ શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી.

# બાલાજી હનુમાન મહારાજને રંગબેરંગી પુષ્પોનો શણગાર



રાજકોટ,તા.૨૭

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજનું બાળ સ્વરૂપ એટલે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજ, વડતાલ ધામ સંચાલિત શ્રી બાલાજી હનુમાનજી મંદિરે આજના શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને રંગબેરંગી પુષ્પોના દિવ્ય અને મનમોહક શણગાર કરવામાં આવ્યા છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે, દર શનિવારે અહીં દાદાને વિવિધ શણગારો કરવામાં આવે છે અને આજે મારુતિ યજ્ઞ પણ યોજાયો હતો, સંધ્યા આરતીનું અહીં ખાસ મહત્વ રહેલું છે, રાજપોચાર પદ્ધતિથી અહી દાદાની સંધ્યા આરતી થાય છે જેમાં હજારો ભકતો જોડાય છે આપ પણ આજના શનિવારના પવિત્ર દિવસે સાંજે ૭.૦૦ કલાકે થતી દાદાની સંધ્યા આરતીનો દર્શનનો લાભ લેવા બાલાજી હનુમાનજી મંદિર રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વિમલનાથ જિનાલયના આંગણે કાલે ઘંટાકર્ણવીરનું અનુષ્ઠાન યોજાશે

રાજકોટ,તા.૨૭

જિનશાસન પ્રભાવક આ.ભ.પૂ.શ્રી જયશેખર સુરિજીમ. પ્રેરિત શ્રી વિમલનાથ જિનાલયે આવતીકાલ તા.૨૮મીના રવિવારે સવારે ૮:૧૦ કલાકે શ્રી ઘંટાકર્ણવીરનું અનુષ્ઠાન યોજાશે જેનો લાભ હારી નિશાંત શેઠ પરિવારે લીધો છે. તથા બાળકોની પ્રભાવનાનો લાભ નવલબેન મનસુખભાઈ શાહ (વાંકાનેર) પરિવારે લીધો છે. તા.૨૨ના પરમાત્માની આંગી, આરતી, તથા પ્રભાવનાના લાભાર્થી શીલ્પાબેન ટોળીયા, તા.૨૩ના શ્રી પ્રહ્મપ્રભુ સ્વામીના કેવલજ્ઞાન કલ્યાણક નિમિતે પરમાત્માની આંગી, આરતી, તથા પ્રભાવનાનો લાભ નલિનીબેન સંઘવી પરિવારે લીધો હતો. તા.૨૪ના આયંબીલ ઓળીના પારણા નિમિતે નીલાબેન વોરા તરફથી પરમાત્માની આંગી, આરતી, તથા પ્રભાવના કરવામાં આવેલ તેમ વિપુલભાઈ દોશીએ જણાવેલ છે.

### નવાગામમાં ભાજપના કાર્યાલયનો ઉદ્દ્ઘાટન સમારોહ સમરાંગણ બન્યોઃ ક્ષત્રિય સમાજે ખુરશીઓ ઉંધી વાળી બેનર ફાડયા

# સૌરાષ્ટ્રમાં રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો રોષ બેકાબુઃ ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન

### ભાવનગરમાં ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં યુવાનોએ કાળા વાવટા ફરકાવ્યાઃ મોરબીમાં ઉપવાસ આંદોલન







રાજકોટ,તા.૨૭

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ કરેલી ટીપ્પણીના મુદ્દે ક્ષત્રિય સમાજનું આંદોલન રાજકોટના સીમાડા પાર કરી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રસર્યુ છે.તેની સાથોસાથ ક્ષત્રિય સમાજ દ્વારા આયોજિત ધર્મરથે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પરિભ્રમણ શરૂ કર્યુ છે. ક્ષત્રિય સમાજના સદસ્યોને ભાજપ વિરૂદ્ધ મતદાનના શપથ લેવડાવવામાં આવી રહ્યા છે. શહેરી ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપની સભાઓ અને ભાજપના ઉમેદવારો સામે વિરોધ પ્રદર્શનો દ્વારા હોબાળો મચાવાતા નેતાઓની હાલત કફોડી બની રહી છે. રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના વિરોધમાં મોરબી-ભાવનગરમાં ક્ષત્રિય મહિલાઓ દ્વારા પ્રતિક ઉપવાસ કરવામાં આવેલ હતાં. જયારે જામનગર-ભાવનગરમાં ભાજપના ઉમેદવારના કાર્યાલયના ઉદ્દ્ઘાટન સમારોહમાં ક્ષત્રિય સમાજના યુવાનો બે હંગામો કર્યો હતો.

**જામનગર:-**

જામનગરમાં રાજપૂત સમાજ દ્વારા ભાજપ સામે વિરોધ વંટોળ થંભવાનું નામ લેતો નથી. જિલ્લાના અનેક વિસ્તારોમાં ભાજપના ચૂંટણી પ્રચાર કાર્યક્રમોના સ્થળે રાજપૂત સમાજના લોકો દ્વારા વિરોધની ઘટના બની ચુકી છે. ગઇકાલે જામનગરમાં બે સ્થળે તથા કાલાવડમાં પણ ભાજપના વિરોધમાં રાજપૂત સમાજ દ્વારા ઉગ્ર દેખાવ કરવામાં આવ્યા હતાં. ખાસ કરીને જામનગર શહેરના વોર્ડ નં.૪માં આવતા નવાગામ ઘેડમાં વોર્ડ કાર્યાલયનું ઉદ્દ્ઘાટન ઉગ્ર વિરોધના કારણે પડતું મુકવાની ભાજપને ફરજ પડી હતી. અહીં રોષે ભરાયેલા દેખાવકારોએ ખુરશીઓ ઉંધી વાળી દીધી હતી અને ભાજપનું બેનર પણ ફાડી નાંખ્યું હતું.

કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાના રાજપૂત સમાજ વિશેના વિવાદિત નિવેદનને પગલે ક્ષત્રિય સમાજની અંદર ભારે રોષ ભભૂકી રહ્યો છે. જામનગર સહિત સમગ્ર ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત ઉત્તરપ્રદેશમાં ભાજપનો વિરોધ થઇ રહ્યો છે. જામનગર લોકસભા બેઠકની વાત કરીએ તો અત્યાર સુધીમાં ભાજપના ચૂંટણી પ્રચારના કાર્યક્રમ સમયે વિરોધ થવાની એકાદ ડઝન જેટલી ઘટના નોંધાઇ ચુકી છે. આમ છતાં રાજપૂત સમાજના વિરોધનું વાવાઝોડું નબળું પડવાનું નામ લેતું નથી. ખાસ કરીને ગૃહમંત્રી અને પ્રદેશ ભાજપ મહામંત્રીની ભાજપ સમર્થિત રાજપૂત આગેવાનો સાથેની બેઠક બાદ વિવાદ ઢીલો પડવાને બદલે ઉલ્ટાનો વધુ ઉગ્ર બની રહ્યો છે. ગઇકાલે ભાજપના ચૂંટણી કાર્યક્રમના સ્થળે વિરોધની વધુ ત્રણ ઘટનાઓ બની છે.

જામનગરની વાત કરીએ તો વોર્ડ નં.૪ના ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્દ્ઘાટન ગઇકાલે સાંજે ૭:૦૦ વાગ્યે નવાગામ ઘેડ વિસ્તારમાં રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ રાજપૂત સમાજના ભાઇ-બહેનો મોટી સંખ્યામાં ધસી આવ્યા હતાં અને ભાજપ અને રૂપાલા વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતાં. રોષ એટલો હતો કે આંદોલનકારીઓએ કાર્યક્રમમાં કાર્યકરો માટે રાખવામાં આવેલી ખુરશીઓ પણ ઉંધી વાળી દીધી હતી અને ભાજપના કાર્યક્રમનું એક બેનર પણ ફાડી નાંખ્યું હતું. મોટી સંખ્યામાં દેખાવકારો હોવાથી તેઓને કાર્યક્રમ સ્થળેથી દૂર ખસેડવામાં પોલીસને પણ પરસેવો વળી ગયો હતો. આ હોબાળો ૧૫ થી ૨૦ મિનિટ સુધી ચાલુ રહેતાં આખરે ભાજપે આ કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી હતી.

આ ઉપરાંત જામનગરમાં જોગર્સ પાર્ક નજીક પાર્ક કોલોનીમાં આર.બી.એલ. બેન્ક પાસે ભાજપના વોર્ડ નં.૫ના ચૂંટણી કાર્યાલયનું ઉદ્દ્ઘાટન રાખવામાં આવ્યું હતું. રાત્રે આઠ વાગ્યે આ કાર્યક્રમ શરૂ થયો હતો અને આ વિસ્તારના ધારાસભ્ય રિવાબા જાડેજાનું ભાષણ પુરૂં થવાની તૈયારીમાં હતું ત્યારે જ રાજપૂત યુવકો અને મહિલાઓ દ્વારા જય ભવાનીના નારા લગાવી અને ભાજપ તથા રૂપાલા વિરોધી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં. અહિં પણ પોલીસે આ દેખાવકારોને ખસેડવા પડ્યાં હતાં.

આ ઉપરાંત જામનગર જિલ્લાના કાલાવડમાં પણ ભાજપ વિરોધી સુત્રોચ્ચાર સાંભળવા મળ્યાં હતાં. અહીં પણ ભાજપના ચૂંટણી પ્રચાર વખતે રાજપૂત સમાજના લોકોએ ભારે સુત્રોચ્ચાર અને દેકારો કરતાં પોલીસે બે બસમાં આ દેખાવકારોને લઇ જવા પડ્યાં હતાં.

આમ જામનગર શહેર અને જિલ્લામાં રાજપૂત સમાજ દ્વારા ભાજપ વિરોધી આંદોલન જોર પકડી રહ્યું છે. નાના-મોટા દરેક કાર્યક્રમ માટે પોલીસના કાફલાને ભાજપે તૈનાત કરવો પડે છે. આ સ્થિતિ આગામી દિવસોમાં શું રંગ લાવશે? તે જોવાનું રહ્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે મે ના રોજ જામનગરમાં પ્રદર્શન મેદાન ખાતે સાંજે એક ચૂંટણી સભાને સંબોધવા આવી રહ્યાં છે. વડાપ્રધાનની આ સભામાં કોઇ વિરોધ ન થાય તેની તકેદારી વહીવટી અને સુરક્ષા તંત્ર માટે મોટો પડકાર બની રહી હોય તેમ લાગે છે.

**ભાવનગર:-**

ક્ષત્રિય સમાજને લઈ રૂપાલાએ કરેલા નિવેદન બાદ સર્જાયેલો વિવાદ એક મહિના બાદ પણ શાંત પડવાનું નામ નથી લઈ રહ્યો. ભાવનગરમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ધારાસભ્ય જીતુ વાઘાણીની હાજરીમાં ક્ષત્રિય સમાજના યુવકોએ કાળા વાવટા ફરકારી વિરોધ નોંધાવ્યો હતો. કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે અચાનક ક્ષત્રિય સમાજના યુવકો દોડી આવતા પોલીસકર્મીઓમાં પણ દોડધામ મચી હતી. પોલીસે વિરોધ કરી રહેલા યુવકોને ડીટેઈન કર્યા હતા.

ભાવનગર શહેરના કાળિયાબીડ-સિદસર વોર્ડમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે જ ક્ષત્રિય સમાજના ૫૦ જેટલા યુવકોએ આવી કાળા વાવટા સાથે સૂત્રોચ્ચાર કરતા વાતાવરણ તંગ બન્યું હતું.

રૂપાલા હાય...હાયના નારા લગાવ્યા ભાવનગરમાં ભાજપના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ક્ષત્રિય સમાજના યુવકો દ્વારા રૂપાલા હાય...હાયના નારા લગાવી રૂપાલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ સ્થળ પર હાજર પોલીસ જવાનો દ્વારા વિરોધ કરી રહેલા યુવકોને ડીટેઈન કરી લઈ જવામાં આવ્યા હતા.

**મોરબી:-**

છેલ્લા ઘણા દિવસોથી રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે અને ધર્મ રથ કાઢીને ગામડે ગામડે જઈને લોકોને ભાજપની વિરોધમાં મતદાન કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે તેવામાં આજે મોરબીમાં ક્ષત્રિય સમાજના બહેનો દ્વારા ઉમા ટાઉનશિપ પાસે આવેલ પંચમુખી હનુમાન મંદિર ખાતે પ્રતીક ઉપવાસ આંદોલન કરવામાં આવ્યું છે અને મહિલાઓએ પરસોતમ રૂપાલાની ધૂન બોલાવી હતી

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓ માટે જે અશોભનીય ટિપ્પણી કરી હતી તેને લઈને તેની સામે જે આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું તે હવે ભાજપ સામે શરૂ થઈ ગયેલ છે કેમ કે, ભાજપે તેના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટિકિટ રદ કરેલ નથી અને હવે ભાજપની વિરોધમાં મતદાન કરવામાં આવે તેના માટે ગામડે ગામડે જઈને લોકોને અપીલ કરવામાં આવી રહી છે ત્યાર બાદ હવે ધર્મ રથ બાદ મોરબી ક્ષત્રિય સમાજના બહેનો દ્વારા મોરબીમાં ઉમા ટાઉનશિપની સામે આવેલ પંચમુખ હનુમાન મંદિરે પ્રતીક ઉપવાસ કર્યા છે

**અમરેલી:-**

કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિષે કરેલી ટિપ્પણી હવે તેના ગળાનું હાડકું બની ગયું છે. જે નથી ગળાથી નીચે ઉતરતું કે નથી બહાર નીકળતું, ત્યારે રૂપાલાએ કરેલ ટિપ્પણીથી ક્ષત્રિય સમાજનો રોષ દિવસેને દિવસે શમાવવાના બદલે સમગ્ર ગુજરાતમાં ઉગ્ર બનતો જાય છે. ત્યારે આ રોષ હવે રૂપાલાના હોમટાઉન સમા અમરેલી લોકસભા મત વિસ્તારમાં પણ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ગઈકાલે જેસર પંથકમાં ભાજપની સભા કરવા ગયેલાં ભાજપી ધારાસભ્ય સભા કર્યા વગર પરત ફરવા મજબૂર બન્યા હતા. જ્યારે રોષે ભરાયેલા ક્ષત્રિય યુવકોએ ભાજપ વિરૂધ્ધ મતદાન કરવા અને દસ લોકોને પણ કોંગ્રેસમાં મતદાન કરાવવાના શપથ લીધા હતા.

હાલ લોકસભાની ચૂંટણીને લઈ ભાજપ કોંગ્રેસ દ્વારા પ્રચાર પ્રસાર ચરમસીમા છે ત્યારે સાવરકુંડલાના ભાજપી ધારાસભ્ય મહેશ કસવાલા, સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપક માલાણી સહિતના લોકો ભાજપના પ્રચાર માટે જેસર તાલુકાના જડકલા, કાંત્રોડી, હિપાવડલી ગામમાં પહોંચ્યા હતા ત્યારે આ ભાજપ આગેવાનો મીટીંગ શરૂ કરે તે પહેલાં જ ક્ષત્રિય યુવાનોએ ત્યાં પહોંચી અને ભાજપનો વિરોધ કર્યો હતો અને ધારાસભ્ય મહેશ કસવાળા સામે રૂપાલા વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરી અને જય ભવાનીના નારા લગાવ્યા હતા.

## ‘ભુલ મેં કરી છે, વડાપ્રધાન કે ભાજપ સામે વિરોધ ન કરો’-જસદણમાં રૂપાલાએ ફરી ક્ષત્રિયોને અપીલ કરી

જસદણ, તા. ૨૭

ક્ષત્રિય સમાજના જોરદાર વિરોધનો સામનો કરી રહેલા રાજકોટની લોકસભા બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ફરી એક વખત માફીનો અનુરોધ કરવા સાથે એવું નિવેદન કર્યુ છે કે ભુલ મારી છે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે સમગ્ર ભાજપ સામે વિરોધ કરવાનું યોગ્ય નથી.

જસદણમાં ભાજપ કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત થયેલા ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે કરેલી ટીપ્પણી મુદે વધુ એક વખત માફી માંગતા એમ કહ્યું કે મેં ભુલ કરી છે અને તેની માફી પણ માંગી છે પણ મારા કારણે આ દેશ માટે ૧૮-



૧૮ કલાક કામ કરનાર વડાપ્રધાન સામે વિરોધ યોગ્ય નથી. જે વ્યકિત ૧૪૦ કરોડની જનતાને પોતાનો પરિવાર સમજે છે તેમની સામે વિરોધ ન કરો, તેમની સામેનો આક્રોશ યોગ્ય નથી માટે પુનઃ વિચાર કરો, ચૂંટણની હારજીત માટે નહીં પરંતુ સારા સમાજ જીવન માટે આપ સૌને અપીલ કરૂ છું. ક્ષત્રિય સમાજે દેશ અને આ પક્ષ માટે કરેલી કામગીરી અને યોગદાન ભૂલી શકાય તેમ નથી.

રાજકોટ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેનો રોષ શાંત પડતો નથી અને માત્ર રાજકોટ જ નહીં પરંતુ રાજયભરમાં વધુને વધુ વકરી રહ્યો છે ત્યારે રૂપાલાને વધુ એક વખત માફી માંગીને આક્રોશ ઠંડો પાડવાનો પ્રયાસ કર્યો છે. પોતાના કારણે વડાપ્રધાન સામે વિરોધ ન કરવાનું તેમણે કહ્યું હતું.


## નયન પબ્લીસીટી

સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ

દરેક પ્રકારની ટચૂકડી જા.ખ. માટે મળોઃ

મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**ઔષધ ચમત્કાર**
સાયટીકા, ગોઠણ, કમરનો દુઃખાવો, વા, વાના સોજા, હરસ, પથરી, ડાયાબીટીસ મટાડવા માટે ૫૦૦ ટકા મો. ૯૮૨૪૮ ૬૦૨૯૯

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રદ્ધાંજલી, ડીસ્પ્લે, વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયા વાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**દુકાન વેચવાની છે**
ત્રણ માળની ૩૦૦×૩=૯૦૦ સ્કવેર ફુટ, લીફટની સુવિધા, નાના મૌવા મેઈન રોડ, રાજનગર શાક માર્કેટ પાસે, પીજીવીસીએલની સામે, લોનેબલ નથી. મો. ૯૩૨૮૦ ૬૧૩૨૨

**સુચિત મકાન વેચવાના**
કોઠારીયા, રણુજા મંદિર પાસે, ૬૦ વારના મો. ૯૯૨૪૦ ૧૪૪૪૫

**કડિયાકામ, રીનોવેશન**
ટાઈલ્સ, લીકેજ, પ્લમ્લીંગ, કલરકામ માટે મો. ૯૭૨૫૦ ૫૦૮૧૦

**દુકાન વેચવાની છે**
શ્રધ્ધાપાર્ક, ૪૦ ફુટ રોડ, સા. ૮×૧૦, મો. ૯૫૩૭૩ ૩૧૫૩૭

**વેચવાના છે**
નવા ૨ નંગ કાચના કાઉન્ટર તથા ૨ નંગ લાકડાના ઘોડા ફકત બે મહિના વાપરેલ, દરેક ધંધા લાયક મો. ૯૪૨૮૩ ૩૭૦૯૬

**ફલેટ ભાડે દેવાનો**
૧ બીએચકે, સીટી વિસ્ટા, પીડીએમ કોલેજ પાછળ, મો. ૯૦૨૩૧ ૪૬૭૪૫

**બોટાદમાં દુકાન વે.**
૫ જંકશન, મો. ૭૮૧૭૮ ૧૭૮૨૦

**ન્યુ ફલેટ (૩) વેચવાના**
૫ ફલેટના બીલ્ડીંગમાં ૩ ફલેટ વેચવાના ૧૦૩૦ કાર્પેટ, ૩ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિશ્ડ, ગેસલાઈન, વેસ્ટ ઓપન, એરોડ્રામ પાસે, ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ, યોગ્ય બદલો ચાલશે. મો. ૯૮૯૮૧ ૮૦૨૦૪

**એકાઉન્ટન્ટ જોઈએ છે**
જીએસટી, ઈન્કમટેક્ષ, ટીડીએસ મીનીમમ-૩ વર્ષના અનુભવી લોકો જ સંપર્ક કરે (ફુલટાઈમ) માટે જ રવિપ્રકાશન (શોરૂમ) ચિરાગભાઈ મો. ૯૩૧૬૫ ૩૩૫૮૮

ફુલટાઈમ જોઈએ છે
આકર્ષક પગારથી કાયમી ધોરણે-ભાઈઓ તથા બહેનો-પુસ્તકોનો શોરૂમ-રવિ પ્રકાશન (બ્રાન્ચ) યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમની બાજુમાં, (બ્રાન્ચ) કેકેવી હોલ પાસે, પંજાબ હોન્ડાના શોરૂમ સામે, ચિરાગભાઈને રીઝયુમ સાથે મળો. રાત્રે ૮ થી ૯

**એકાઉન્ટીંગ તથા સેલ્સ**
પર્સન જોઈએ (ફુલ ટાઈમ માટે જ) બહેનો તથા ભાઈઓ મીરેકલ અને ટેલીના અનુભવી રવિ પ્રકાશન (શોરૂમ) ચિરાગભાઈ ૯૩૧૬૫ ૩૩૫૮૮

**સૂચિત મકાન વે. છે**
ગોંડલ ચોકડી, ૫૬ વાર, કિં. ૧૨ લાખ, મો. ૯૭૨૬૪ ૪૨૭૩૧

## આશિયાના પ્રોપર્ટીઝ
૯૪૦૮૧ ૩૧૩૩૬

**વેચવાનું છે**
- અમીન રોડ પર ૯૯ વારનું ૩ બીએચકેનું ડુપ્લેકસ રીનોવેટ કરેલ / ભાડે પણ આપવાનું છે
- હાથીખાના-સોની બજાર ટચ, ૩ બીએચકેના ૨ ફલેટ- પહેલા માળે
- શાપર / વેરાવળમાં ૨૦૦ વારનો ઈન્ડસ્ટ્રીલ શેડ (૫૦ વારના ૪ શેડ) તથા ૫૫૦ વારનો શેડ
- એરપોર્ટ રોડ પર ૩ બીએચકેના નવા ફલેટ ૧ માળ પર ૧ ફલેટ રાજકોટમાં યોગ્ય બદલો ચાલશે.
- સાધુ વાસવાણી રોડ પર ૨૦૦ ફુટની ગ્રાઉન્ડ ફલોરની દુકાન

**ભાડે આપવાનું છે**
રૈયા રોડ, આમ્રપાલી પાછળ , નવયુગમાં ૩ બીએચકેનું મકાન ભાડે આપવાનું છે.

## પિન્ટુ પબ્લીસીટી
આશાપુરા રોડ, ઋતુરાજ સિઝનની બાજુમાં,
હરેશભાઈ કટારીયા : ૯૮૯૮૯ ૮૬૭૬૫
વોટસએપ ઉપર જાહેરાત મોકલો
ઓનલાઈન પેમેન્ટ કરો

**શેડ ભાડે આપવાનો છે**
૩૩૦ વારનો શેડ, મનહર પ્લોટ શે. નં. ૯માં ભાડે આપવાનો છે. મો. ૯૮૨૪૨ ૩૯૦૬૮

**જોઈએ છે**
MCGમાં માર્કેટીંગ કરી શકે તેવા અનુભવી વ્યકિતની જરૂર છે. ખાસ અનુભવી વ્યકિત જ ફોન કરે ઓનલી રાજકોટ માટે. મો. ૭૯૮૪૧ ૬૮૬૯૩

**ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, ૮૫૦ સ્કે. ફુટ, સેમી ફર્નિચર સાથે, પેલેસ રોડ, ટચ, પ્રહલાદ પ્લોટ, આશાપુરા મેઈન રોડ, રાજકોટ. મો. ૯૯૨૪૪ ૮૮૬૬૦

જોઈએ છે સાડીની દુકાન માટે અનુભવી સેલ્સમેન બીનઅનુભવી માણસો મળો. મનાલી ટેક્ષટાઈલ્સ, દિવાનપરા મે. રોડ, રાજકોટ. મો. ૯૮૭૯૩ ૭૫૮૦૩

**મીની બંગલો વેચવાનો**
૮૦ વાર બીમ કોલમ નવું બાંધકામ નીચે પાર્કિંગ, ૪ બીએચકે, ડાઈનીંગ, વોશ એરીયા, લોબેનલ (કિંમત ૬૫) ગૌતમનગર, સ્ટર્લિંગ હોસ્પિ. સામે, મો. ૯૪૨૬૯ ૮૬૦૬૫

**જોઈએ છે**
કેરીના શોરૂમમાં વેચાણ કરી શકે તેવા લેડીઝ/જેન્ટસ તથા કેરી પકાવી શકે તેવા અનુભવી માણસો, મળો : ખુશી મેંગો ફાર્મ, મહિલા કોલેજ ચોક પાસે, સાસુજી હોટલ સામે, રાજકોટ. મો. ૯૮૯૮૯ ૮૬૭૬૫

**નંબર નોંધી લેશો**
નળ વેરા, મિલ્કત વેરા, વ્યવસાય વેરા, નોટરી, ભાડા કરાર, આવક અને જન્મ- મરણ નોંધના દાખલા, મેરેજ સર્ટીફીકેટ, આધારકાર્ડ- પાનકાર્ડ નવા અને સુધારાવાળા વગેરે કામ માટે મો. ૭૭૭૮૯ ૦૪૪૭૭

**છાપામાં જાહેરાત માટે**
રાજકોટનાં સવાર-સાંજના કોઈપણ ન્યુઝ પેપરમાં ટચુકડી, ડીસ્પ્લે, ધંધાકીય, નોટીસ, શ્રદ્ધાંજલી વગેરે જાહેરાત માટે પિન્ટુ પબ્લીસીટી, આશાપુરા રોડ, ઋતુરાજ સીઝનની બાજુમા

**બહેનોને રૂમ ભાડે**
નોકરી / અભ્યાસ કરતા બહેનોને રૂમ ભાડે રૂા. ૧૫૦૦ પંચવટી સોસા. અમીન માર્ગ, મો. ૯૮૯૮૯૮૬૭૬૫

## ટચુકડી જાહેર-ખબર

### વેચવાનું છે

**મોકાનું મકાન વેચાણ / ભાડે**
રામકૃષ્ણનગર વેસ્ટ મે. રોડ, ૫૪ ઉપર નીચે બાંધકામ, કોમર્શિયલ, કલાસીસ, ગોડાઉન મો. ૯૪૨૮૭૯૦૧૪૪ (૬૫૯૦)

એકદમ મોકાની હોટલ લાયક ૩૨૮ વાર બસ સ્ટેશન સામે, કરણપરા મેઈન રોડ, ૯૮ વાર મકાન ૩ માળનું કરણપરા પેલેસ રોડ ટચ, ૧૨૫ વાર, મધુ એસ્ટેટ : ૯૯૦૯૯ ૧૨૦૧૩, ૮૦૦૦૧ ૯૦૦૦૭(૬૫૮૯)

### લગ્ન વિષયક

**(કન્યા / જોઈએ છે)**
(સુંદર / દેખાવડો કુંવારા) યુવક રાજકોટમાં ઘરનો ધંધો સારી આવક ઉમર (૩૧/વર્ષ) વૈશ્નવ વણિક નાનું કુટુંબ, નવનાત વણિક અથવા ઉચ્ચ કુટુંબ ભણતર ઓછું ચાલશે, નમણી દીકરીનાં મા-બાપે કોન્ટેક કરવો, સંપર્ક : ૯૯૭૯૧ ૯૫૮૯૬ (શિવસાગર)

### ભાડે આપવાનું છે

**મોકાની દુકાન ભાડે**
સૌ. કલા મેઈન રોડ પર ફાસ્ટ ફૂડ, ઠંડા પીણા, ગોલા, સલુન, ટેઈલર વગેરે કોઈપણ બીઝનેસ ઉપયોગી, મો. ૯૯૯૮૭ ૧૧૯૮૮ (૬૫૮૭/૧)

આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ


## જુનાગઢ યાર્ડમાં કેરીનાં ભાવ ગગડયા રૂા.૨૦૦૦માંથી સીધો રૂા.૮૦૦નો ઘટાડો

### ગીરની કેસર કેરી સાથે રત્નાગીરી વલસાડથી આવક શરૂ થઈઃ આગામી દિવસોમાં હજુ કેસર કેરીની આવકમાં વધારો રહેશે

જુનાગઢ તા.૨૭

સોરઠના ગીરની કેરી અને ગિરના સિંહ જગ વિખ્યાત ગણાય છે. હાલ કેસર કેરીની આવક શરૂ થઈ જવા પામી છે.

ગઈકાલે ૪૭૫ કિવન્ટલ કેરીની આવક થવા પામી હતી. બોકસનો ભાવ રૂા.૨૦૦૦નો નોંધાયો હતો. પરંતુ આજે બોકસનો ભાવ ૧૨૦૦ નોંધાતા એક જ દિવસમાં ૮૦૦નો ઘટાડો જોવા મળ્યો છે.



કેસર કેરીની આવક ૧૮ એપ્રિલના ૧૮૮૩ કિવન્ટલ નોંધાઈ હતી. ત્યારે રૂા.૨૬૦૦નો ભાવ એક મણનો ઓછામાં ઓછો નોંધાયો હતો. ૧૮ એપ્રિલના કેસર કેરીની આવક ૧૮૮૩ કિવન્ટલ નોંધાઈ હતી. ૯ એપ્રિલના ૪૦૦૦નો ભાવ થવા પામ્યો હતો. ૮ એપ્રિલના ૩૬૦૦ ૧૨ એપ્રિલના ૩૮૦૦ની કિવન્ટલ વહેંચાઈ હતી. હાલ બોકસનો ભાવ ૧૫૦૦થી ૨૦૦૦નો નોંધાય રહ્યો છે. નીચો ભાવ રૂા.૧૪૦૦ બોલાયો છે પરંતુ તેનો સ્વાદ ગુણવતા ખુબજ ઓછી જોવા મળી રહી છે. કેસર કેરી આ વર્ષે ૨૦ દિવસથી ૨૫ દિવસ બજારમાં મોડી આવી રહી છે. આગામી દિવસોમાં કેસર કેરીની આવક દિન પ્રતિદિન વધશે જેથી ભાવ ઘટશે તેવું માનવામાં આવી રહ્યું છે.

## લીગલ સેલની બોકસ ક્રિકેટ ટુર્નામિેન્ટનો પ્રારંભઃ વકીલોએ ફરજિયાત મતદાન કરવા શપથ લીધા

### આવતીકાલે પ્રથમવાર ક્રિકેટ ટુર્નામિેન્ટમાં ભાગ લેનાર લેડી એડવોકેટની બે ટીમો વચ્ચે મેચ રમાશે

રાજકોટ તા.૨૪

લોકસભાની ચૂંટણીનું મહાપર્વ આવી રહ્યું છે ત્યારે યુવા, મહીલા મતદારોમાં જાગૃતી આવે અને મતદારો પોતાના મતાધિકારનો વધુમાં વધુ ઉપયોગ કરે અને મારો મત ભારતના નિર્માણ ને મત એવા હેતુ સૌ જંગી મતદાન કરે અને લોકશાહીના આ પર્વની ઉજવણી કરે તેવા હેતુથી શહેર ભાજપ લીગલ સેલના માર્ગદર્શન હેઠળ ભાજપ યુવા લીગલ સેલ સહાયક ટીમ દ્વારા યુવા એડવોકેટો માટે નવીનતમ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનો ગઈકાલે પ્રારંભ થયો.આવતીકાલે પ્રથમવાર ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર લેડી એડવોકેટની બે ટીમો વચ્ચે મેચ રમાશે. આ તકે ટુર્નામેન્ટમાં ભાગ લેનાર વકીલોએ ફરજિયાત મતદાન કરવા શપથ લીધા હતા. આ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમોએ ભાગ લીધો છે. રવિવારે સેમીફાઈનલ તથા ફાઈનલ મેચ રમાશે. આ તકે શહેર ભાજપ લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ, સહકન્વીનર કમલેશભાઈ ડોડીયા તથા ધર્મેશ સખીયા, વિમલ ડાંગર, જયસુખ બારોટ, રાકેશ ગોસ્વામી, વિરેન વ્યાસ, શૈલેષ વ્યાસ અને નેહા જોષી સમગ્ર કોર કમીટી દ્વારા અપીલ સહ નિમંત્રણ પાઠવેલ છે. ટુર્નામેન્ટ પ્રારંભની તકે બાર ઉપપ્રમુખ સુરેશ ફળદુ, સેક્રેટરી પી.સી. વ્યાસ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલીયા,



ટ્રેઝરર આર. ડી.ઝાલા, લાયબ્રેરી સેક્રેટરી મેહુલ મેહતા, કારોબારી સભ્યો અજય ચૌહાણ, નિકુંજ શુકલા, પિયુષ સખિયા, પૂર્વ પ્રમુખ અર્જુનભાઇ પટેલ, પ્રદેશ લીગલ સેલ કારોબારી સભ્ય અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કોપ્ટ મેમ્બર કિશોરભાઈ સખીયા, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કોપ્ટ મેમ્બર સુમિત વોરા, કલેઈમ બાર પ્રમુખ અજયભાઈ જોશી, ઉપરાંત વકીલ અગ્રણીઓ અંશભાઈ ભારદ્વાજ, સી.એચ. પટેલ, અશ્વિનભાઈ શેખલીયા, મહેશભાઈ સખીયા, મનિષભાઈ ખખ્ખર, સંજયભાઈ વ્યાસ, અશ્વિનભાઈ મહાલિયા, રક્ષિતભાઈ કલોલા, મુકેશભાઈ પીપળીયા, આબીદભાઈ સોસન, પ્રશાંતભાઈ પટેલ, તરૂણભાઈ માથુર, દિલેશભાઈ શાહ, રાકેશભાઈ ગોસ્વામી, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, ઈન્દુભા ઝાલા, પરેશભાઈ મારુ, વિશાલભાઈ ગોસાઈ, હેમાંશુભાઈ પારેખ, હિરેનભાઈ શેઠ, જતીનભાઈ ગઢીયા, પારસભાઈ શેઠ, જીજ્ઞેશભાઈ જોશી, પ્રશાંતભાઈ જોશી, જયેશભાઈ જાની, નરેન્દ્રભાઈ બુશા, દીપભાઈ વ્યાસ, ભાજપ યુવા લીગલ સહાયક સેલના કન્વીનર અભિષેક શુકલ, સહકન્વીનર સાગર હપાણી, પાર્થરાજસિંહ ઝાલા, નીશાંત જોષી, કીશન રાજાણી, રવી ધ્રુવ હીમાલય મીઠાણી, હીત અવલાણી, મીત સોમૈયા, આનંદ રાધનપુરા, જીતેશ રાઠોડ, ભૂમિકા પટેલ, હેમલ ગોહેલ, ચેતન ચોવટીયા, પ્રતીક વ્યાસ, રીતીન મેંદપરા, કેવલ પુરોહીત, રવી લાલ, કરણ ગઢવી, રાહુલ મકવાણા, ભાર્ગવ બોડા, મીલન મેનોરા, પ્રદીપ પરમાર, અજયસિંહ ચુડાસમા, પ્રશાંત રૂપારેલીયા, હુશેન હેરંજા, અલય ખખ્ખર, મૌલીક જોષી, સ્મીત પારેખ, ભાર્ગવ પંડયા, રમાબેન ગુપ્તા,ચાંદની પુજારા, ભાજપ લીગલ સેલ મીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠ રવિરાજસિંહ રાઠોડ, મનન ભીમાણી, નીરવ રામાણી, ઈશાન ભટ્ટ, રૂષી જોશી, પુનમ પટેલ, ધર્મિષ્ઠાબા ઝાલા તુષાર બસલાણી, કૌશિક ખરચલિયા, અલ્કા પંડયા, પુનમ અગોલા, નિલ શુકલ, કૃણાલ દવે વગેરેએ હાજર રહ્યા હતા.

# સાંજ સમાચાર

## ટચુકડી જાહેર-ખબર

શ્રી ®

MODI ESTATE

# મોદી એસ્ટેટ

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

### સંસ્કૃતિ ધામ
બાલસર-૨૫, ૨૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

### જામનગર રોડ

**ગ્લોરીયસ પર્લ**
ન્યારા-૧૬૦, ૧૨૩ વાર, પેટ વેચવાનો છે. ભાવ-૧૪૦૦૦

---

**આસ્થા એવેન્યુ**
રેલનગર, ૧૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૬૦૦૦

---

**માધાપર-૧૧**
૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

---

**ગોલ્ડન એકર્સ**
તરઘડી-૫૧ અને ૧૩૫, ૬૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૦૦૦

---

**ક્રિસ્ટલ સીટી**
ઘંટેશ્વર-૧૪૦, ૧૬૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૦,૦૦૦

---

**સેટેલાઈટ ગ્રીન**
નારણકા, ૨૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૫૦૦

---

### કાલાવડ રોડ

**અંજલી પાર્ક**
હરિપર-૫૦, ૨૧૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦,૦૦૦

---

**રામેશ્વર પાર્ક**
મુંજકા-૧૦/૧૮, ૧૪૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

---

**સહજાનંદ વાટિકા**
વિરડા વાજડી-૮૬/૧, ૨૭૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૪૦૦૦

---

**સંસ્કૃતિ ધામ**
બાલસર-૨૫, ૨૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

---

**ધનરાજ પાર્ક**
મોટા મવા-૭૫ પૈકી, ૨૬૩ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦૦

---

**રાધે રેસીડેન્સી**
મોટાવડા-૫૬ પૈકી, ૨૨૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦

---

**હોલી લેન્ડ પાર્ક**
ઈશ્વરીયા-૧૩૦, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૮૦૦૦

---

**ગ્લોરીયસ પાર્ક**
છાપરા-૧૦૨, ૩૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦૦૦

---

**સનરાઈઝ પાર્ક**
મોટાવડા, ૩૦૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦૦૦

---

**રત્નદીપ પાર્ક**
મુંજકા-૨૫, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦૦

---

**ગ્લોરીયસ લેન્ડ માર્ક**
લોધીકા ૫૦૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૨૦૦

---

**ધનંજય પાર્ક**
ઢોકળીયા સર્વે નં. ૩૨૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦

---

**આસ્થા સીટી**
હરીપર-૫૨/પી, ૩૩૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧, ૦૦૦

---

**મિત પાર્ક**
વડ વાજડી, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૭૦૦૦

---

### વર્ધમાનનગર
ઘંટેશ્વર-૧૪૦, ૨૮૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૪,૦૦૦

**શ્યામ આસ્થા રેસી.**
વાગુદળ-૫૨/૫૩/૧, ૧૬૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦

---

**ગ્રીનસીટી**
છાપરા-૩૭૮, ૭૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦

---

### મોરબી રોડ

**રાધાકૃષ્ણ પાર્ક**
હડાળા-૧૦૨, ૨૦૪ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦૦૦

---

**વિશ્વકર્મા વિહાર**
રતનપર-૧૩૫, ૨૬૪ વાર, પેટ વેચવાનો છે. ભાવ-૪૦૦૦

---

**જય પદ્માવતી પાર્ક**
રતનપર-૧૩૫, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦૦૦

---

**શ્રદ્ધા-૪**
હડાળા-૨૨૩, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦૦૦

---

**ગોપાલ પાર્ક**
હડાળા-૨૮૧, ૧૯૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૩૦૦

---

### સીટી વિસ્તાર

**જગન્નાથ પ્લોટ**
૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૦,૦૦૦

---

**શ્રીનાથજી પાર્ક**
સાધુ વાસવાણી રોડ, ૪૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫,૦૦૦

---

**ધર્મજીવન સોસાયટી**
ભકિતનગર, ૧૫૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

---

**ગોલ્ડ કોઈન**
ત્રંબા સર્વે નં. ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦

---

**ગોવિંદ પાર્ક**
નાના મવા સર્વે નં. ૨૪૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૧૧ લાખ

---

**છોટુનગર**
હનુમાન મઢી પાસે, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

---

**લોહાનગર**
ઉદ્યોગનગર, ૮૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૭,૦૦૦

---

**કનકનગર સોસાયટી**
સંત કબીર રોડ, ૧૮૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

---

**તિરૂપતિ નગર**
રૈયા રોડ, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૨૦૦૦

---

**શિવશકિત કોલોની**
રૈયા-૨૭૭, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦,૦૦૦

---

**ઘાંચીવાડ સોસાયટી**
બાપુનગર ચોક, ૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૧૦૦૦

---

### પંચરત્ન પાર્ક
મેટોડા-૭૮, ૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૩,૭૫૦

**કરણપરા**
બસ સ્ટેન્ડ પાછળ, ૧૦૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૧૦ લાખ

---

**વ્રજવાટીકા**
કાંગશીયાળી ૨૯-એ, ૧૧૯ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦૦

---

**વિમલનગર**
યુનિવર્સિટી રોડ, ૧૩૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૬,૦૦૦

---

**નવરંગપરા**
મવડી પ્લોટ, ૨૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦,૦૦૦

---

### ઈન્ડસ્ટ્રીયલ

**નેવાસા સેખલીયા**
હિરાસર એરપોર્ટ પાસે, ૫૦૦ થી ૨૦૦૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ-૩૫૦૦

---

**ઓમ ઈન્ડસ્ટ્રી**
શાપર-૫૪૯/પીર, ૩૯૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૯,૦૦૦

---

**પાટીદાર ઈન્ડ. ઝોન**
લોઠડા સર્વે નં. ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૦૦૦

---

**ગોલ્ડન ઈન્ડસ્ટ્રીયલ**
વિરડા સર્વે નં., ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૫૦૦૦

---

**પડવલા રોડ**
વેરાવળ-૫૨૮, ૪૮૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૬૦૦૦

---

**આજી જીઆઈડીસી વસાહત**
ભાવનગર રોડ, ૮૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦,૦૦૦

---

**તિરૂમાલા ઈન્ડસ્ટ્રીયલ**
લોઠડા સર્વે નં. ૪૩૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૫૦૦

---

**ગિરિરાજ ઈન્ડસ્ટ્રીયલ**
પાળ - પીપરીયા-૫૧, ૧૦૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૫૦૦

---

**ઉતમ ઈન્ડસ્ટ્રીયલ**
વાવડી-૩૩ પી૧, ૩૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

---

### જમીન

**વાવડી**
બિનખેતી, ૧ એકર જમીન વેચવાની છે. ભાવ-૧૫ કરોડ (એકર)

---

**ખિમાણી સણોસરા**
તા. કાલાવડ, ૫.૫૦ એકર જમીન વેચવાની છે. ભાવ-૬૦ લાખ (એકર)

---

**ભરૂડી**
ખેતીલાયક, ૪ એકર જમીન વેચવાની છે. ભાવ-૨.૫૦ લાખ (એકર)

---

**રોણકી**
૧૦ એકર જમીન વેચવાની છે. ભાવ-૫ કરોડ (એકર)

---

**ખેરડી**
તા. રાજકોટ, ૩.૫૦ એકર જમીન વેચવાની છે. ભાવ- ૧.૨૦ કરોડ (એકર)

---

**મોવિયા**
તા. ગોંડલ, ૭.૫૦ વિઘા, જમીન વેચવાની છે. ભાવ-૧૯ લાખ (વિઘા)

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

### ગત વર્ષે ઉત્તરાખંડમાં સર્જાયેલી પરિસ્થિતિ હવે કાશ્મીરમાં નિર્માણ પામ્યાની શંકા

# કાશ્મીરના રામબનમાં જમીન સરકવા લાગી : ૬૦ મકાનો-વીજ ટાવરો ધરાશાયી

**એક કિ.મી. સુધીના વિસ્તારમાં જમીન ધસી પડી : વીજળી-પાણી પુરવઠો ઠપ્પ : વાહન વ્યવહાર અટકાવાયો : સમગ્ર વિસ્તાર કોર્ડન : વહીવટી સુરક્ષા ટીમો તૈનાત કરાઇ**

**૩૦૦થી વધુ લોકોનું સ્થળાંતર : ભયનો માહોલ : કેન્દ્ર સરકાર સતત સંપર્કમાં : અસરગ્રસ્તોને ભોજન, આવાસ, આરોગ્ય સહિતની તમામ સુવિધાઓ આપવા સૂચના : દિલ્હીથી ટીમ મોકલાશે**



શ્રીનગર, તા. ૨૭

ઉતરાખંડમાં જમીન ધસી પડવાના ઘટનાક્રમનો ગભરાટ માંડ શાંત બન્યો છે ત્યાં હવે કાશ્મીરમાં જમીન સરકવા લાગતા અને ૬૦થી વધુ મકાનો જમીનદોસ્ત થયાનો બનાવ બનતા ગભરાટ સર્જાયો છે. તાબડતોબ એકશનમાં આવી ગયેલી સરકાર દ્વારા ૩૦૦થી વધુ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને સમગ્ર વિસ્તાર કોર્ડન કરીને વાહન સહિતનો વ્યવહાર અટકાવી દેવામાં આવ્યો છે. વિજળીના ચાર તોતીંગ ટાવર પણ જમીનદોસ્ત થઇ ગયા હોવાનું જાણવા મળ્યું છે.

કાશ્મીરના રામબન-ગુલ રોડ પર રામબનથી પાંચ કિ.મી. દુર પરનોટ ક્ષેત્રમાં ભૂસ્ખલન અને જમીન સરકી જવાનો બનાવ બન્યો હતો. જેમાં ૬૦ જેટલા ઘર ધરાશાયી થયા હતા. ૫૦થી વધુ પરિવારોના ૩૦૦ લોકોને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સતાવાર સુત્રોએ જણાવ્યું હતું કે એક કિ.મી. સુધીના વિસ્તારમાં જમીન સરકી ગઇ હતી અને આ વિસ્તારના મકાનો તથા માળખાકીય સુવિધાઓને નુકસાન થયું હતું. વિજળીના ચાર ટાવર આ વિસ્તારમાં સ્થપાયેલા હતા તે પણ જમીનદોસ્ત થઇ ગયા છે જેને પગલે સમગ્ર વિસ્તારમાં વિજળી પુરવઠો પણ ખોરવાઇ ગયો છે. આ ઘટનાની જાણ થતાની સાથે જ જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને બચાવ ટુકડીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સ્થળાંતર કરાયેલા તમામ લોકોને જરૂરી મદદ કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું.

સરકારી સુત્રોએ જણાવ્યું કે સમગ્ર એક કિ.મી.ના વિસ્તારમાં ગઇકાલ સાંજથી જમીન સરકવાનું શરૂ થઇ ગયું હતું અને તેને પગલે લોકોમાં ફફડાટ સર્જાયો હતો. સંખ્યાબંધ મકાનો સંપૂર્ણ રીતે નષ્ટ થયા હતા જ્યારે અનેક મકાન ઇમારતોમાં તિરાડો પડવા લાગી હતી. આ બનાવની જાણ થતા તાત્કાલીક વહીવટી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. લોકલ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા બાદ જિલ્લા સ્તરે જાણ કરવામાં આવી હતી. જેને પગલે પોલીસ, એસડીઆરએફ, સિવિલ સિકયુરીટી સહિતની રાહત બચાવ ટુકડીઓને દોડાવવામાં આવી હતી. અસરગ્રસ્તોને સલામત બહાર કાઢીને સુરક્ષીત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટરે કહ્યું કે જમીન સરકવાથી સમગ્ર માર્ગમાં વિઘ્ન સર્જાયુ છે. વાહન વ્યવહાર રોકી દેવામાં આવ્યો છે. વીજ પુરવઠો ખોરવાયો છે તે પુનઃ સ્થાપિત કરવા માટે ટીમોને કામે લગાડવામાં આવી છે. સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે. લોકોને ગભરાટ નહીં રાખવા અને આગમચેતીના પગલા લેવાની સૂચના આપવામાં આવી છે. પાણીની પાઇપલાઇન પણ તુટી પડી હોવાથી પાણી પુરવઠો ઠપ્પ છે. સમગ્ર ઘટનાક્રમ વિશે કેન્દ્ર સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્રસિંહે જણાવ્યું કે વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં સરકાર છે અને અસરગ્રસ્તોને ભોજન, આરોગ્ય, આવાસ સહિતની વ્યવસ્થા કરવાની સૂચના આપવામાં આવી છે.

### આગ ઠારવા હેલીકોપ્ટરોથી પાણીનો મારો

# નૈનિતાલના ડુંગરાઓમાં લાગ્યો દવ: સળગતા જંગલોથી સર્વત્ર ધુમાડો: લોકોના શ્વાસ રૂંધાયા

**જંગલોમાં આગને પગલે નૈનિતાલનું પ્રદુષણ ચાર ગણુ વધી ગયું: દાવાનળ માનિલા જેનલ સ્ટેટ હાઈવે પર પહોંચતા વાહનોની આવન-જાવન ઠપ્પ થઈ**



નૈનીતાલ તા. ૨૭

ઉત્તરાખંડના જંગલોમાં હાલ દાવાનળ ભડકી રહ્યો છે. નૈનીતાલમાં જંગલની આ આગ બેકાબુ બની રહી છે આગથી પહાડીઓના જંગલો સાફ થઈ રહ્યા છે. આગને કાબૂમાં લેવા સૈનાનો સહયોગ પણ માગવામાં આવી રહ્યો છે.

નૈનીતાલ શહેરની આસપાસ સહિત પર્વતીય ક્ષેત્રના જંગલોમાં ચારે તરફ દાવાનળ ભડકી રહ્યો છે. જેના કારણે શહેરમાં ચોતરફ ધુમાડો ફેલાયો છે. સાત તાલ, ગેઠિયા સેનેટોરિયમની આસપાસ પટવા ડાંગર, જયોલીકોટ બેક વગેરે પહાડીઓ પર ધુમાડો જ નજરે પડે છે. શહેરના નીચેના વિસ્તારો સુધી પહોંચ્યો હતો અને તેના કારણે નૈનીતાલમાં પ્રદુષણ ચાર ગણુ વધી ગયું છે. શહેરના ટિફિનટાપ સહિત નયના પીક ઉપરાંત સ્નોવ્યૂ કેમલ્સ બેક વગેરે પહાડીઓમાં ધૂમાડો જ નજરે પડે છે. વન વિભાગની સાથે સાથે ફાયરબ્રિગેડના પ્રયાસ છતા જંગલની આગ બેકાબૂ છે. મુખ્ય વન સંરક્ષક, વન સંરક્ષક અને ડીએફઓ સહિતના ફિલ્ડ પર આગને કાબુના નિયંત્રણમાં લાગ્યા છે.

નૈનીતાલ ઉપરાંત અલ્મોડા-હલ્દ્વાની હાઈવે પર પાડલી ગામમાં શુક્રવારે સાંજે જંગલમાં આગ લાગી હતી. આગની લપટો સ્થાનિક ઘરો સુધી પહોંચતા અફડાતફડી મચી ગઈ હતી. તો સીમાંત જિલ્લો પિથૌ રાગવમાં વનાગ્નિનો પ્રકોપ ઓછો નહીં થતા શુક્રવારે જંગલની આગ માનિલા જેનલ સ્ટેટ હાઈવે પર આગ પહોંચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે હાઈવેની બન્ને બાજુથી આવન જાવન ઠપ્પ થઈ ગઈ હતી. જંગલી આગને પગલે પ્રદુષણ ધુમાડાથી સ્થાનિક લોકોને આંખમાં બળતરા થતી હતી. સ્થાનિક લોકોએ જંગલમાં આગ લગાવનારા અરાજક તત્વો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

### આરબીઆઈ નિયમોમાં ફેરફાર કરી બેન્કોને વિશેષ અધિકાર આપવાની તૈયારીમાં

# સાઈબર ઠગાઈમાં ઉપયોગ થતા શંકાસ્પદ ખાતા હવે ખુદ બેન્ક બંધ કરી શકશે

**બેન્કોને મળનારા વિશેષ અધિકારથી સાઈબર ઠગાઈ ઘટશે સાથે ભોગ બનેલાઓને રાહત થશે, પોલીસ સ્ટેશનના ચકકર નહીં કાપવા પડે**



નવી દિલ્હી તા.૨૭

સાઈબર છેતરપીંડી પર અંકુશ લાવવા માટે આરબીઆઈ મોટા ફેરફાર કરવાની તૈયારીમાં છે. જે અંતર્ગત બેન્કોને સાઈબર અપરાધમાં ઉપયોગ થતા શંકાસ્પદ ખાતાઓને અસ્થાયી રીતે બંધ કરવાની મંજુરી મળી શકશે, જેના માટે નિયમોમાં ફેરફાર કરવામાં આવશે.

જાણવા મળતી વિગત મુજબ આરબીઆઈ, ગૃહ મંત્રાલયની સાઈબર છેતરપીંડી સાથે લડતી એજન્સીને મળેલ જાણકારીના આધારે બેન્કો માટે પોતાની ગાઈડલાઈનમાં સુધારો કરશે. તેના માટે બેન્કોને ખાસ વધારાના અધિકાર આપવામાં આવશે, જેથી તાત્કાલિક અસરથી શંકાસ્પદ બેન્ક ખાતા બંધ કરી શકાય. હાલમાં બેન્ક, પોલીસ દ્વારા સાઈબર અપરાધનો રિપોર્ટ નોંધાયા બાદ જ શંકાસ્પદ ખાતા બંધ કરાય છે.

સરકારી આંકડા મુજબ વર્ષ ૨૦૨૧થી અત્યાર સુધીમાં સાઈબર છેતરપીંડીથી શંકાસ્પદ ખાતામાં લગભગ ૧.૨૬ અબજ ડોલરની રકમ આવી છે, જયારે દરરોજ લગભગ ચાર હજાર છેતરપીંડી વાળા ખાતા ખોલવામાં આવે છે. છેલ્લા ત્રણ મહિનામાં સરકારે પૈસા કાઢવા માટે ઉપયોગ કરાયેલ લગભગ ૨.૫ લાખ ખાતાને સસ્પેન્ડ કરાયા છે.

**ઠગાઈનો શિકાર બનેલાઓને મોટી રાહત મળશેઃ** સાઈબર ઠગાઈનો ભોગ બનેલા લોકોને પહેલા પોલીસને કે સાઈબર અપરાધ શાખાને રિપોર્ટ નોંધાવવો પડતો હતો. આ પ્રક્રિયામાં દિવસો લાગી જતા હોય છે, નવી વ્યવસ્થામાં પીડિતને પોલીસમાં ફરિયાદ કરવાની જરૂરત નહીં રહે.

**શંકાસ્પદ લેવડ-દેવડ વાળા ખાતા પર વોચ વધીઃ** સાઈબર છેતરપીંડી અને શંકાસ્પદ લેવડ દેવડમાં સામેલ ખાતા પર બેન્કોએ સકંજો કસ્યો છે. હાલમાં જ કેટલીક બેન્કોએ આવા અનેક ખાતાઓને બ્લોક કરી દીધા છે. આવા ખાતાને 'મની મ્યુલ' ખાતા કહેવાય છે.

એચડીએફસી બેન્ક સહિત ઓછામાં ઓછી પાંચ ભારતીય બેન્કો આવા મની મ્યુલ ખાતા પર વોચ રાખી છે. આવા ખાતાની બાદમાં તપાસ થાય છે.

# ગ્રાહકોને હવે ડિજિટલ ધિરાણ પ્રોડકટસની પૂરી વિગત મળશે

**પારદર્શિતા વધારવા RBIએ મુસદો રજુ કર્યો**



મુંબઈ: ડીઝીટલ ધિરાણની પ્રોડકટસમાં પારદર્શિતા વધારવા અને ગ્રાહકોનાં હિતોને સુરક્ષીત કરવા માટે ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ) એ શુક્રવારે નિયામક માળખાના મુસદા પ્રસ્તાવ રજુ કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું છે કે ધીરાણ સેવા આપનારાઓ (એલએસપી)એ પોતાની પાસે ઉપલબ્ધ બધા ઋણ પ્રસ્તાવોની જાણકારી કરજદારોને આપવી પડશે. જેથી તેમનાં માટે નિર્ણય લેવો સરળ બનશે.આરબીઆઈએ આ મુસદા પ્રસ્તાવ પર ૩૧ મે સુધી વિભીન્ન પક્ષો પાસેથી ટીપ્પણીઓ અને સુચનો મગાવ્યા છે. આ ડિઝીટલ વિગતમાં લોનની ઓફર કરતા એકમનું નામ, ઋણની રકમ અને સમય ગાળા ઉપરાંત વાર્ષિક ટકાવારી તેમજ અન્ય શરતોની જાણકારી હોવી જોઈએ.



# દક્ષિણ ફ્રાન્સના ક્રૂઝ શિપ પર થશે જલસો : ૨૮-૩૦ મેના રોજ અનંત-રાધિકાની બીજા પ્રી-વેડિંગ સેલિબ્રેશન : લગ્ન જુલાઈમાં મુંબઈમાં યોજાશે

મુંબઈ : મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીની બીજી પ્રી-વેડિંગ સેલિબ્રેશન ૨૮ થી ૩૦ મે વચ્ચે યોજાશે. અંબાણી પરિવાર ૨૮ અને ૩૦ મેની વચ્ચે દક્ષિણ ફ્રાન્સના દરિયાકાંઠે ક્રુઝ શિપ પર બીજા પ્રી-વેડિંગ ફંકશનનું આયોજન કરશે.

અગાઉ એવા અહેવાલો આવ્યા હતા કે અનંત અને રાધિકાનું બીજું પ્રી-વેડિંગ સેલિબ્રેશન ગયા એપ્રિલમાં નક્કી કરવામાં આવ્યું છે. તે માત્ર એક અફવા હતી. એવા પણ અહેવાલ હતા કે અનંત અને રાધિકાના લગ્ન લંડનમાં થશે. જો કે, આ પણ ખોટું બહાર આવ્યું. લગ્ન બીજે ક્યાંય નહીં પણ મુંબઈમાં જ થશે.

ત્રણેય ખાન, કપૂર અને બચ્ચન પરિવાર ક્રૂઝ શિપની ઉજવણીમાં સામેલ થશે


માત્ર અંબાણી પરિવારના નજીકના લોકો જ બીજા પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં સામેલ થશે. સલમાન, શાહરૂખ અને આમિર ખાન તેમાં હાજરી આપે તેવી શક્યતા છે. આ સિવાય રણબીર કપૂર પણ પત્ની આલિયા સાથે આવી શકે છે. દેખીતી રીતે રણબીર મુકેશ અંબાણીના મોટા પુત્ર આકાશનો ખૂબ સારો મિત્ર છે. બચ્ચન પરિવારના પણ આવવાની પૂરી શક્યતાઓ છે.

દક્ષિણ ફ્રાન્સ દેશ-વિદેશના લોકો માટે એક મુખ્ય પ્રવાસન સ્થળ છે. આ સ્થળ તેના આકર્ષક કિનારા, સુંદર વાદળી સમુદ્ર અને સુંદર શહેરો માટે જાણીતું છે. અહીં મુખ્યત્વે ક્રુઝ શિપ ટુરીઝમ ખૂબ જ પ્રખ્યાત છે. લોકો દૂર-દૂરથી અહીં ક્રૂઝ શિપ પર પાર્ટી કરવા આવે છે. જો કોઈ વ્યક્તિ અહીં સામાન્ય ક્રુઝ શિપ પર પાર્ટી કરવા માંગે છે, તો તેણે ૫૦૦ થી ૧૦૦૦ ડોલર એટલે કે લગભગ ૮૪૦૦૦ હજાર રૂપિયા ખર્ચવા પડશે.

દક્ષિણ ફ્રાન્સ વાઇન બનાવવા માટે પણ જાણીતું છે. અહીં બનતો દારૂ દેશ-વિદેશમાં ખૂબ જ પ્રખ્યાત છે. દક્ષિણ ફ્રાન્સને ફ્રેન્ચ રિવેરા પણ કહેવામાં આવે છે. દક્ષિણ ફ્રાંસ કલા, સાહિત્ય અને ઐતિહાસિક રીતે પણ ઘણું મહત્વ ધરાવે છે.

કાન્સનું પ્રખ્યાત શહેર પણ દક્ષિણ ફ્રાન્સમાં આવેલું છે. અહીં દર વર્ષે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. અગાઉ, અનંત-રાધિકાના પ્રી-વેડિંગ ફંક્શન ગુજરાતના જામનગરમાં યોજાયા હતા. આ કાર્યો ત્રણ દિવસ (૧ માર્ચથી ૩ માર્ચ) સુધી ચાલ્યા. રિપોટર્સ અનુસાર, આ પ્રી-વેડિંગ ફંક્શનમાં ૧૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો

# ઈન્ટરનેટ વિના ફોટા અને વિડિયો મોકલી શકાશે



ઘણીવાર જોવા મળે છે કે ઈન્ટરનેટના અભાવે WhatsApp અટકી જાય છે. આવી સ્થિતિમાં, ઘણી વખત તમે મહત્વપૂર્ણ ફાઇલો, ફોટા અને વિડિયો ટ્રાન્સફર કરી શકતા નથી. આવી સ્થિતિમાં વોટ્સએપ દ્વારા એક નવું ફીચર લોન્ચ કરવામાં આવી રહ્યું છે તેની મદદથી યુઝર્સ ઈન્ટરનેટ વગર ફોટો અને વીડિયો શેર કરી શકાશે.

**શું હશે ખાસ?**

વોટ્સએપનું આ એક સ્ટેન્ડઅલોન ફીચર હશે, જે યુઝર્સને લોકલ નેટવર્કની મદદથી ફાઈલો, ફોટો અને વીડિયો શેર કરવાનો વિકલ્પ આપે છે. આમાં ઇન્ટરનેટને બાયપાસ કરવામાં આવે છે. WABetaInfo રિપોર્ટ અનુસાર, લોકલ ફાઇલ શેરિંગ ફીચર ટૂંક સમયમાં બંધ થઈ શકે છે. તેની મદદથી યુઝર્સ ફોટો, વીડિયો અને ડોક્યુમેન્ટ્સ જેવી અનેક પ્રકારની ફાઈલો શેર કરી શકશે. આ માટે યુઝર્સને નીયર બાય ફીચરની જરૂર પડશે. આ સુવિધા કર્યા પછી તમે ઇન્ટરનેટ વગર ફાઇલો ટ્રાન્સફર કરી શકશો.

**સંપર્ક નોંધ સુવિધા**

WhatsApp કોન્ટેક્ટ નોટ ફીચર નામના નવા ફીચરનું ટેસ્ટિંગ કરી રહ્યું છે. આમાં, વપરાશકર્તાઓને મનપસંદ સંપર્કો જોડવાની સુવિધા મળશે, જેથી તમે કોઈપણ સંપર્કને સરળતાથી શોધી શકશો. WABetaInfo એ બીટા પરીક્ષણ દરમિયાન અવલોકન કર્યું હતું કે નવી સુવિધા વપરાશકર્તાઓને મિત્રો, કુટુંબીજનો અને સહકાર્યકરો સાથે જોડાવા માટે એક સરળ રીત આપે છે જેઓ તાજેતરમાં સક્રિય અને ઑનલાઇન હતા.

**સુરક્ષાની ચિંતા નથી**

વોટ્સએપ અનુસાર, આ ફીચરની મદદથી એન્ડ ટુ એન્ડ એન્ક્રિપ્ટેડ ફાઇલોને શેર કરી શકાય છે. આ સાથે યુઝર્સને પ્રાઈવસીની ચિંતા કરવાની જરૂર નથી. આ ફંક્શન મોબાઈલ એપ અને વોટ્સએપ વેબ બંને માટે હશે.

# અલ્લુ અર્જુને ફીમાં વધારો કર્યો, ફિલ્મ માટે ૧૫૦ કરોડ રૂપિયા લેશે



હૈદરાબાદ : અલ્લુ અર્જુન સાઉથ સિનેમાનો મોટો સ્ટાર છે અને તેની ફિલ્મો માત્ર સાઉથમાં જ નહી પણ હવે સમગ્ર દેશમાં દર્શકો પસંદ કરવામાં આવે છે. તેમની ફિલ્મ પુષ્પાએ તેમને આખા દેશમાં સ્ટાર બનાવી દીધા છે. હવે સમાચાર છે કે અલ્લુ અર્જુને તેની ફીમાં ભારે વધારો કર્યો છે. તેણે પોતાની ફીમાં લગભગ ૩૦ ટકાનો વધારો કર્યો છે. સામાન્ય રીતે અલ્લુ અર્જુન અત્યાર સુધી તેની ફિલ્મ માટે ૧૦૦ કરોડ રૂપિયા લેતો હતો. પરંતુ હવે તેમની ફી વધી ગઈ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અલ્લુ અર્જુને હવે તેની ફી વધારીને ૧૫૦ કરોડ રૂપિયા કરી દીધી છે. જો કે હજુ સુધી આ સમાચારની પુષ્ટિ થઈ નથી, પરંતુ એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સાઉથ સિનેમાના કલાકારો પાસેથી ફી જેવી આટલી મોટી રકમ લેવી સામાન્ય બાબત છે. અલ્લુ અર્જુનની ફિલ્મોની વાત કરીએ તો આ દિવસોમાં તે તેની ફિલ્મ પુષ્પા ૨ને લઈને ચર્ચામાં છે. હાલમાં જ સમાચાર આવ્યા હતા કે આ ફિલ્મે રિલીઝ પહેલા જ સારી એવી કમાણી કરી લીધી છે.

# હું હવે સ્મોકીંગ પસંદ કરતી નથી, પણ મને ધુમાડાની ગંધ પસંદ છે!: વિદ્યા

**કોલેજના દિવસોમાં હું સ્મોકર્સની બાજુમાં બેસવાનું પસંદ કરતી હતીઃ એક્ટ્રેસ**

મુંબઇ, તા.૨૭

કેટલાક પાત્રો એવા હોય છે જે એકટર્સની જિંદગી પર અમિટ છાપ છોડી જાય છે. વિદ્યા બાલનની સાથે પણ કંઇક આવું જ થયું હતું. ફિલ્મ 'ધી ડર્ટી' પિકચરમાં પોતાના પાત્રને જીવંત બનાવવા માટે વિદ્યા બાલને તેની કેટલીક આદતોને પોતાની રોજબરોજની જિંદગીમાં પણ વણી લીધી હતી. પણ આ કારણે વિદ્યા ફિલ્મ પછી પણ અસલ જિંદગીમાં પણ સ્મોકીંગ કરવા લાગી હતી. એક ઇન્ટરવ્યુમાં વિદ્યાએ જણાવ્યું હતું કે તે શરૂઆતમાં ઓન સ્ક્રીન સ્મોકીંગ કરવામાં હિચકિચાટ અનુભવતી હતી, પણ ફિલ્મના શૂટીંગ દરમ્યાન તેને સિગારેટની લત લાગી ગઇ હતી. વિદ્યાએ ખુલાસો કર્યો હતો કે હું સ્મોકીંગ કરવું જાણતી હતી, પણ વાસ્તવમાં હું સ્મોકીંગ નહોતી કરતી પણ એક કેરેકટર તરીકે, આપ તેની નકલ ન કરી શકો, મારામાં તે હિચકિચાટ નહોતો થઇ શક્તો, કારણ કે સ્મોકીંગ કરનારી મહિલાઓના બારામાં એક નિશ્ચિત ધારણા હોય છે. વિદ્યા બાલને જણાવ્યું હતું કે, 'ધી ડર્ટી' પિક્ચર બાદ તેને સ્મોકીંગની લત લાગી ગઇ હતી અને તે રોજની બે થી ત્રણ સિગારેટ પીતી હતી.

વિદ્યા બાલનને પૂછવામાં આવ્યું કે શું તે હજુ પણ સ્મોકીંગ કરે છે, તો બોલી- નહીં પણ મને ધુમાડાની ગંધ પસંદ છે ત્યાં સુધી કે મારા કોલેજના દિવસોમાં બસ સ્ટોપ પર પણ હું એવા લોકોની બાજુમાં બેસતી હતી, જે સ્મોકીંગ કરતા હતા. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો વિદ્યા હાલમાં ફિલ્મ ૧૯૮૧માં 'દો ઔર દો પ્યાર'માં કામ કરી રહી છે.



# જામનગરમાં મોદીના પ્રવાસના કારણે ક્ષત્રિયોનું મહાસંમેલન તા.૨ના બદલે તા. ૩ મેએ



રાજકોટ, તા. ૨૭

લોકસભાની રાજકોટ બેઠકના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલનના પાર્ટ-૨ અંતર્ગત જામનગર પાસે ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજના મહાસંમેલન તા.૨ મેના યોજાનાર હતું જે હવે જામનગરમાં વડાપ્રધાન મોદીના તા. ૨ મેના રોજ પ્રવાસના કારણે ક્ષત્રિયનું મહાસંમેલન તા.૨ના બદલે ૩ મેના રોજ યોજાશે.રાજકોટ ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલન પાર્ટ-૨ ના નેજા હેઠળ જુદા જુદા આંદોલનાત્મક કાર્યક્રમો શરૂ કરાયા છે. જે આંદોલનાત્મક કાર્યક્રમોના ભાગરૂપે આગામી તારીખ ૨જી મે ના દિવસે જામનગર નજીક ખીજડીયા બાયપાસ પાસે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન યોજવા માટેની જાહેરાત કરવામાં આવી હતી.દરમ્યાન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જામનગરના પ્રદર્શન મેદાનમાં તારીખ ૨જી મેના સાંજે જાહેર સભા યોજાઈ રહી છે, ત્યારે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે મોટો પોલીસ કાફલો બંદોબસ્તમાં જોડાયેલો રહ્યો હોવાથી ક્ષત્રિય સમાજના સંમેલનના તારીખ અને સમયમાં ફેરફાર કરવા માટે જામનગરના જિલ્લા કલેકટર ભાવિન પંડ્યા તેમજ એસ.પી. પ્રેમસુખ ડેલુ સાથે અગત્યની બેઠક યોજાઈ હતી, જે બેઠકમાં આખરે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન તારીખ ૨-૫-૨૦૨૪ ના બદલે ૩-૫-૨૦૨૪ સાંજે યોજવાનું નક્કી કરાયું છે.

# દેશી બનાવટની ત્રણ પિસ્તોલ તથા કાર્ટીસ સાથે પકડાયેલ આરોપીનો નિર્દોષ છૂટકારો

## વર્ષ ૨૦૧૨માં ક્રાઈમ બ્રાંચે રાજેશ ઉર્ફે રાજુને ઝડપી ગુનો નોંધ્યો હતો

રાજકોટ, તા.૨૭

દેશી બનાવટની ત્રણ પીસ્તોલ તથા જીવતા કાર્ટીસ મળી કુલ રૂ. ૭૬,૦૦૦ કીમતના મુદામાલ સાથે પકડાયેલ આરોપી રાજેશ ઉર્ફે રાજુ પ્રભાતભાઈ મૈત્રા રહે. રાજકોટવાળા સામેનો કેસ ચાલી જતા અદાલતે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.તા.૧૭/૬/૧૨ ના રોજ પોલીસે કોઠારીયા રોડ, ન્યુ સાગર સોસાયટીમાં રહેતા રાજેશ ઉર્ફે રાજુને બાઈક પર જતાં ઉભો રાખી તેને તપાસ કરતા ૩ પીસ્તોલ તથા ૧૧ કારતુસ સાથે ઝડપી ક્રાઈમ બ્રાંચે ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચાર્જશીટ ફાઈલ થતા કેસ ચાલતા ફરીયાદ પક્ષે આ કામે પંચો, તથા પોલીસ સાહેદો, તથા કલમ ૩૯ ની પોલીસ કમીશ્નરની મંજુરી તથા એફ.એસ.એલ રીપોર્ટનો આધાર રાખેલ. બચાવપક્ષે એવી રજુઆત કરેલ કે, પંચોએ સમર્થન કરેલ નથી, સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી, પોલીસ કમીશ્નર એ આર્મ્સ એકટની મંજુરી યંત્રવત રીતે આપેલ છે, જેથી આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ. ઉપરોકત હકિકત તેમજ દલીલો અને પડેલ પુરાવાઓને ધ્યાનમાં લઈ આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નીઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય કોર્ટે આરોપી રાજેશ ઉર્ફે રાજુ પ્રભાતભાઈ મૈત્રા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો.

ઉપરોકત કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ કુળકોટીયા, વીજયભાઈ પટગીર, હર્ષીલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ તથા આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા રોકાયેલા હતા.

# નવસારીના કોંગ્રેસ નેતાનો બફાટ : પીએમ મોદી ગુજરાતી નથી..નથી..નથી... જ

## કોંગ્રેસ નેતાના વિવાદી નિવેદનથી અનેક સવાલો

નવસારી, તા. ૨૭

નવસારીના કોંગ્રેસના નેતાએ વડાપ્રધાન મોદી ગુજરાતી નથી, નથી, નથી જ એવો બફાટ કરતા વિવાદ છંછેડાયો છે.

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે સુરતની બેઠક ગુમાવી છે અને આ બેઠકને લઈને કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી ચર્ચાના કેન્દ્રમાં છે ત્યારે હવે કોંગ્રેસના વધુ એક નેતાએ વિવાદ ઉભો કરતું નિવેદન આપતા ગુજરાતનુ રાજકારણ ગરમાયું છે.



કોંગ્રેસના નવસારી બેઠકના ઉમેદવાર નૈષધ દેસાઈએ શુક્રવારે ધરમપુરની સભા દરમિયાન નૈષધ દેસાઈએ બફાટ કર્યો હતો. નૈષધ દેસાઈએ પોતાના ભાષણ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બિન ગુજરાતી ગણાવ્યા હતા. કોંગ્રેસ ઉમેદવારે નરેન્દ્ર મોદી ગુજરાતી નથી એમ ત્રણવાર રટણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે કોઈ કારણ કે સંદર્ભ વગર જ નૈષધ દેસાઈએ આ નિવેદન આપતા અનેક સવાલો ઉભા કર્યા છે.

નવસારી બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઈએ સભામાં ગાંધીજીનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ' ગાંધીજી જ્યારે શહીદ થયા ત્યારે 'હે રામ' કહ્યું હતું, દુનિયાના મહાન રામ ભક્ત મોહનદાસ કરમચંદ ગાંધી એ ગુજરાતી, નરેન્દ્ર મોદી ગુજરાતી નથી...નથી.....નથી.'

રાજયમાં લોકસભા ચૂંટણી સમયે ફરી હિંસા વધવા લાગી

# મણીપુરમાં કુકી આતંકીઓના હુમલામાં બે જવાનો શહીદ

## મધરાતે સીઆરપીએફ કેમ્પ પર હુમલોઃ અનેક ઘાયલઃ બે દિવસ પુર્વે પુલ ઉડાવી દેતા અનેક વાહનો ફસાયા

ઈમ્ફાલઃ માણીપુરમાં લોકસભા ચુંટણી સમયે જ ફરી હિંસા ભડકી ઉઠી છે અને કુકી ઉગ્રવાદીઓના હુમલામાં અહી ફરજ પર મુકાયેલા કેન્દ્રીય અનામત પોલીસદળના બે જવાનો શહીદ થયા હતા. નારનસેના ક્ષેત્રમાં રાત્રીના ૨.૧૫ કલાકે ઉગ્રવાદીઓએ સીઆરપીએફના એક કેમ્પ પર જબરો હુમલો કર્યો હતો. જેમાં ૧૨૮મી બટાલીયનના બે જવાનો શહીદ થયા છે અને અન્ય ઘાયલ થયા છે. હજું ગઈકાલે જ અહી લોકસભા ચૂંટણીમાં બીજા તબકકાની એક બાકી રહેલી બેઠક પર મતદાન થયુ હતુ તે અગાઉ પણ તા.૧૯થી રાજયમાં હિંસા વધી છે અને સુરક્ષાદળોના આવાગમન રોકવા અહી ઉગ્રવાદીઓએ અનેક માર્ગો



પર વિધાનો ઉભા કર્યા છે. બુધવારે કાંગપોકસી જીલ્લામાં ઈમ્ફાલ-માઓ માર્ગ પર એક પુલને શક્તિશાળી વિસ્ફોટથી ઉડાવી દેવા આતંકીઓએ પ્રયાસ કર્યો હતો અને તેના કારણે પુલ અડધો ક્ષતિગ્રસ્ત થતા બન્ને તરફ વાહનોનો કાફલો જમા થઈ ગયો હતો. ગત વર્ષે અહી હિંસાનો માહોલ બન્યા બાદ કુકી આતંકવાદીઓ સતત નાના મોટા હુમલા કરી રહ્યા છે જેમાં હાલના સમયમાં ગઈકાલનો હુમલો સૌથી મોટો છે. શહીદ થયેલા બે જવાનોમાં સીઆરપીએફ સબ ઈન્સપેકટર એન.સરકાર અને કોન્સ્ટેબલ અરૂણ સૈનીનો સમાવેશ થાય છે. તેઓ આ કેમ્પની સુરક્ષા માટે તૈનાત હતા.

# રાજયમાં સૌથી ગરમ શહેર રાજકોટ : ૪૦.૮ ડિગ્રી તાપમાન

રાજકોટ, તા. ૨૭

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ક્રમશઃ ગરમીનો પારો ઉપર ચડવા લાગ્યો છે, ત્યારે રાજકોટમાં ગઇકાલે રાજયની સૌથી વધુ ૪૦.૮ ડિગ્રી ગરમી નોંધાઇ હતી.

**અમરેલી-સુરેન્દ્રનગરમાં પણ ૪૦ ડિગ્રી ઉપર તાપમાન નોંધાયું**

તેમજ સુરેન્દ્રનગરમાં ૪૦.૨, પોરબંદરમાં ૩૫.૮, અમદાવાદમાં ૩૯.૭, અમરેલીમાં ૪૦.૩, વડોદરામાં ૩૮, ભાવનગરમાં ૩૭.૭, ભુજમાં ૩૮.૫, છોટા ઉદેપુરમાં ૩૭.૪, ડાંગમાં ૩૮.૨, ડિસામાં ૩૮, દિવમાં ૩૧.૩ તથા દ્વારકામાં ૩૦.૬ ડિગ્રી અને ગાંધીનગર ખાતે ૩૯, જામનગરમાં ૩૩.૬, કંડલામાં ૩૩.૮ તથા નલિયા ખાતે ૩૪ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# પંજાબ કિંગ્સે ઈતિહાસ રચ્યો, ટી-૨૦ ક્રિકેટમાં સૌથી મોટો રન ચેઝ કર્યો : KKR સામે ૧૮.૪ ઓવરમાં ૨૬૨ રન બનાવ્યા; બેયરસ્ટોની સદી, શશાંકની ફિફ્ટી

## કોલકતામાં એક મેચમાં ૪૨ છગ્ગા લાગ્યા – રેકોર્ડ : ત્રીજી વખત આઈપીએલમાં ૫૦૦+ રન બન્યા

ઈડન ગાર્ડન્સ, કોલકતા : પંજાબ કિંગ્સે ટી૨૦ ક્રિકેટ અને IPLના સૌથી મોટા રન ચેઝ કર્યો છે. ટીમે વર્તમાન સિઝનની ૪૨મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને ૮ વિકેટથી હરાવ્યું હતું. પંજાબે કોલકાતાના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન પર ૧૮.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૨૬૨ રન બનાવ્યા હતા.

PBKS તરફથી જોની બેયરસ્ટોએ સદી ફટકારી હતી. તે ૪૮ બોલમાં ૧૦૮ રન બનાવીને અણનમ રહ્યો હતો, શશાંક સિંહે ૨૮ બોલમાં અણનમ ૬૮ રન બનાવીને ટીમને વિશાળ લક્ષ્યાંકનો પીછો કરાવ્યો હતો. પ્રભસિમરન સિંહે પણ ૨૦ બોલમાં ૫૪ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી સુનીલ નારાયણે એક વિકેટ ઝડપી હતી. એક બેટ્સમેન રનઆઉટ થયો હતો.

પંજાબે શુક્રવારે ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૬૧ રન બનાવ્યા હતા. ફિલ સોલ્ટ (૩૭ બોલમાં ૭૫ રન) અને સુનીલ નારાયણે (૩૨ બોલમાં ૭૧ રન) અડધી સદી ફટકારી હતી. બંને વચ્ચે સદીની ભાગીદારી હતી. આન્દ્રે રસેલે ૨૪, વેંકટેશ અય્યરે ૩૯ અને શ્રેયસ અય્યરે ૨૮ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી અર્શદીપ સિંહને ૨ વિકેટ મળી હતી.

**પંજાબ આઠમા નંબરે, કોલકાતા ટોપ-૨ પર રહ્યું :**

### ટી-૨૦ ક્રિકેટમાં સૌથી મોટા રન ચેઝ

| ટીમ | વિરૂધ્ધ | ચેઝ | ટુર્નામેન્ટ | વર્ષ |
|---|---|---|---|---|
| પંજાબ કિંગ્સ ઈલેવન | કોલકતા નાઈટ રાઈડર્સ | ૨૬૨ | આઈપીએલ | ૨૦૨૪ |
| દક્ષિણ આફ્રિકા | વેસ્ટ ઈન્ડિઝ | ૨૫૯ | ઈન્ટરનેશનલ | ૨૦૨૩ |
| મીડલસેકસ | સરે | ૨૫૩ | ટી-૨૦ બ્લાસ્ટ | ૨૦૨૩ |
| ઓસ્ટ્રેલિયા | ન્યુઝીલેન્ડ | ૨૪૪ | ઈન્ટરનેશનલ | ૨૦૧૮ |
| બલ્ગેરીયા | સર્બિયા | ૨૪૩ | ઈન્ટરનેશનલ | ૨૦૨૨ |

આ જીત સાથે પંજાબની ટીમ વર્તમાન સિઝનમાં ૮મા સ્થાને આવી ગઈ છે જ્યારે કોલકાતા બીજા સ્થાને યથાવત છે. પંજાબના ૬ પોઈન્ટ છે જ્યારે કોલકાતાના ૧૦ પોઈન્ટ છે.

**IPL મેચમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ :**

આ મેચમાં IPL મેચમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ તૂટી ગયો હતો. આ મેચમાં ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી. અગાઉનો રેકોર્ડ ૩૮ સિક્સરનો હતો જે આ સિઝનમાં SRH અને MI મેચ દરમિયાન કરવામાં આવી હતી.

પંજાબ અને કોલકાતા વચ્ચેની મેચમાં કુલ ૪૨ સિક્સર ફટકારવામાં આવી હતી, જેમાં KKRએ ૧૮ અને PBKSએ ૨૪ સિક્સ ફટકારી હતી.

**શશાંકસિંહની ૨૩ બોલમાં ફિફ્ટી**

શશાંક સિંહે ૧૮મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી છે. તેણે ૨૩ બોલમાં ફિફ્ટી પૂરી કરી.

**જોની બેયરસ્ટોની ૪૫ બોલમાં સદીઃ**

જોની બેયરસ્ટોએ ૧૬મી ઓવરમાં પોતાની સદી પૂરી કરી લીધી છે. તેણે ૪૫ બોલમાં સદી ફટકારી હતી. બેયરસ્ટોની આ બીજી આઈપીએલ સદી છે.

**ઓપનર પ્રભાસિમરનની ૧૮ બોલમાં ફિફ્ટી :**

પંજાબના ઓપનર પ્રભસિમરન સિંહે ૧૮ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે ૫મી ઓવરના બીજા બોલ પર પોતાની ફિફ્ટી પૂરી કરી. પ્રભાસિમરને સુનીલ નારાયણની ઓવરના પ્રથમ બે બોલ પર બાઉન્ડ્રી ફટકારી હતી. સિંઘે સિકસર સાથે પોતાની ફિફ્ટી પૂરી કરી હતી.

**પર્પલ કેપ :**

પંજાબ કિંગ્સના ફાસ્ટ બોલર હર્ષલ પટેલે કોલકાતા સામે એક વિકેટ લીધી, આ સાથે તે ૧૭મી સિઝનનો ટોપ વિકેટ લેનાર બોલર બની ગયો. તેણે ૯ મેચમાં ૧૪ વિકેટ લીધી હતી. તેના પછી MIના જસપ્રીત બુમરાહ અને RRના યુઝવેન્દ્ર ચહલે ૧૩-૧૩ વિકેટ લીધી છે.

**ત્રીજી વખત IPL મેચમાં ૫૦૦ પ્લસ રન બન્યા :**

કોલકાતાએ ૨૬૧ રન બનાવ્યા હતા અને પંજાબે ૨૬૨ રન બનાવ્યા હતા, એટલે કે મેચમાં કુલ ૫૨૩ રન બનાવ્યા હતા. IPLના ઈતિહાસમાં ત્રીજી વખત એક મેચમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા છે. આ પહેલા હૈદરાબાદ-મુંબઈ અને હૈદરાબાદ-બેંગ્લોર વચ્ચેની મેચમાં ૫૦૦થી વધુ રન બનાવ્યા હતા. SRH-RCB મેચમાં રેકોર્ડ ૫૪૯ રન બનાવ્યા હતા.

# હાથ ઉછીની આપેલ રકમ પાછી ન આપતાં નુરમામદ બ્લોચે આપઘાતનો પ્રયાસ કર્યો



રાજકોટ તા.૨૭

હાથ ઉછીના આપેલ રૂપિયા પાછા ન આપતાં નુરમામદ બ્લોચે આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

બનાવની વિગત અનુસાર નુરમામદભાઈ આદમભાઈ બ્લોચ (ઉ.વ.૪૫ રહે- પરેવડી ચોક ખોડીયારનગર) આજ રોજ ભગવતીપરા જુના રેલ્વે બ્રિજ નિચે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. આ અંગે નુરમામદભાઈએ જણાવ્યુ કે તેઓએ અલગ અલગ વ્યક્તિને ૬ લાખ જેવી રકમ હાથ ઉછીની આપી હતી. જે રકમ પરત માંગતા આપી ન હતી જેથી કંટાળી ભગવતીપરા જુના રેલ્વે બ્રિજ નીચે ગળાફાંસો ખાઈ લેતાં તાકીદે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓ રિક્ષા લે વેચનો વ્યવસાય કરે છે. તેઓને સંતાનમાં એક પુત્ર- પુત્રી છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી ડિવિજન પોલીસને જાણ કરી હતી.

ફકત નિવેદનના આધારે મારી ધરપકડ થઈ છે

# મારી સામેના ચાર સાક્ષીનું ભાજપ સાથે સીધુ કનેકશનઃ ગુજરાતીમાં લખાયેલી ડાયરી પુરાવોઃ કેજરીવાલ

## સુપ્રીમ કોર્ટમાં જવાબ રજુ કરતાં દિલ્હીના મુખ્યમંત્રી

નવી દિલ્હીઃ દિલ્હીના શરાબકાંડમાં ધરપકડ સામે સુપ્રીમમાં પહોંચેલા દિલ્હીના મુખ્યમંત્રી આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ ઈડીએ દાખલ કરેલા સોગંદનામાનો જવાબ રજુ કરતા આક્ષેપ કર્યો હતો કે ઈડીએ જે વ્યક્તિઓને તેની સામે જુબાની આપનાર તરીકે રજુ કર્યા છે તે તમામ ચારને ભાજપ સાથે સંબંધ છે અને જેલહવાલે એજન્ટની માહિતી લખી છે કે તેમની પાસેથી ગુજરાતીમાં લખેલી ડાયરી મળી છે જેને ઈડીએ પોતાના પુરાવા તરીકે રજુ કરી છે. તેઓએ ચારેય સાક્ષીઓના ભાજપ સાથે સંબંધો ખુલ્લા કર્યા અને જણાવ્યું કે ભાજપના સાથી પક્ષના લોકસભાના ઉમેદવાર શ્રીનિવાસ રેડ્ડીએ તેમની સામે જુબાની આપી છે. ભાજપને



રૂા.૬૦ કરોડનું ભંડોળ આપનાર શરથ રેડ્ડી છે. ત્રીજા ગોવા ભાજપના સિનીયર નેતા અને મુખ્યમંત્રી પ્રમોદ સાવંતના ~~નજીકના સભ્ય છે અને ગોવાના~~ મુખ્યમંત્રીના કેમ્પેન એજન્ટનું નિવેદન છે.

તેઓએ કહ્યું કે કોઈ નાણાકીય કે મિલ્કત જે આ કહેવાતા કૌભાંડમાં નાણામાંથી ખરીદી હોય તેની રીકવરી થઈ નથી. ફકત સાક્ષીઓના નિવેદનથી જ ધરપકડ થઈ છે.

# બનેવીએ સાળા પર હુમલો કર્યો, સારવારમાં

## પોતાની પત્નીને પણ માર માર્યો હોવાનો પણ આક્ષેપ



રાજકોટ તા.૨૭

માલધારી સોસાયટીમાં રહેતા યુવક પર તેના બનેવીએ હુમલો કરતાં યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.બનાવની વિગત અનુસાર જીતુ વલ્લભભાઈ રાઠોડ (ઉ.વ.૨૯ રહે- માલધારી સોસાયટી) નામનાં યુવક પર તેનાં બનેવી અને બનેવીના ભાઈએ હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયા હતા. બાદ યુવકની સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જીતુની બહેન સરોજના લગ્ન વિશાલ સાથે થયાં હતાં. લગ્નના થોડો સમય બાદ વિશાલ તેની પત્ની સાથે વારંવાર ઝઘડો કરી માર મારતો હતો. જેથી પરિણીતા તેનાં ભાઈ જીતું ના ઘરે આવી ગઈ હતી. જેનો ખાર રાખી વિશાલ અને તેનાં ભાઈ અજુએ ગઈ કાલ રાત્રિના જીતું પર હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત હાલતમાં જીતુંને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

# કૃણાલ પંડ્યા બીજી વખત પિતા બન્યો



લખનૌ : લખનૌ સુપર જાયન્ટ્સનો ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યા બીજી વખત પિતા બન્યો છે. તેમની પત્ની પંખુરી શર્માએ પુત્રને જન્મ આપ્યો છે. કુણાલે શુક્રવારે સોશિયલ મીડિયા દ્વારા પોતાની ખુશી શેર કરી હતી. X પર પત્ની પંખુરી અને બે પુત્રો સાથેની તસવીર શેર કરતી વખતે તેણે લખ્યું, વાયુ કૃણાલ પંડ્યા. આ સાથે તેણે જણાવ્યું કે પુત્રનો જન્મ ૨૧ એપ્રિલે થયો હતો. આ પછી, તેમને અભિનંદન આપવા માટે લોકોનો ધસારો શરૂ થયો છે. કાર્તિક અને ધવને સૌ પ્રથમ તેને અભિનંદન પાઠવ્યા હતા. કુણાલના પહેલા પુત્રનો જન્મ જુલાઈ ૨૦૨૨માં થયો હતો.

# 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના સોઢી લાપતાઃપિતાની પોલીસમાં ફરિયાદ

## દિલ્હીથી મુંબઈ જવા નીકળ્યા બાદ ન મુંબઈ પહોંચ્યા કે ન ઘેર પાછા ફર્યા

મુંબઈ : લોકપ્રિય ટીવી સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના જૂના રોશન સિંહ સોઢી વિશે ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે સોઢી ઉર્ફે ગુરચરણ સિંહ ગુમ છે. અભિનેતાના પિતા હરગીત સિંહે મીડિયા સાથેની વાતચીતમાં આ વાતની પુષ્ટિ કરી છે. તેમનું કહેવું છે કે, ગુરચરણ સિંહ ૨૨ એપ્રિલથી ગુમ છે.



તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે પોલીસને તમામ જરૂરી દસ્તાવેજો આપ્યા છે, જેથી તેઓ ગુરચરણને શોધવામાં મદદ કરી શકે. પોલીસે ખાતરી આપી છે કે તેઓ ગુરચરણને વહેલી તકે શોધી લેશે. તેમના પિતા મુજબ, ગુરુચરણ સિંહ સોમવારે દિલ્હી એરપોર્ટ જવા ઘરેથી નીકળ્યા હતા, તેઓ મુંબઈ જઈ રહ્યા હતા. પરંતુ ના તો તેઓ મુંબઈ પહોંચ્યા અને ના તો ઘરે.

ગુરુચરણ સિંહ ઉર્ફે સોઢીના પિતા હરગીત સિંહે કહ્યું- SHOએ મને ફોન કર્યો હતો અને તેમણે મને ખાતરી આપી છે કે તેઓ ગુરચરણને જલ્દી શોધી લેશે. મને આશા છે કે ગુરચરણ ઠીક છે અને તે ખુશ છે. તે હવે જ્યાં પણ છે, ભગવાન તેને આશીર્વાદ આપે. અહેવાલો અનુસાર, ગુરચરણની માતા લાંબા સમયથી બીમાર છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પિતાએ કહ્યું કે, હવે તે ઠીક છે અને ઘરે આરામ પર છે. પરિવાર હાલ ગુરચરણને લઈને ચિંતિત છે.

પરંતુ દરેક વ્યક્તિ સકારાત્મક વિચારો સાથે ચાલી રહ્યો છે. દરેક વ્યક્તિને કાયદો અને ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ છે. દિલ્હીના પાલમ પોલીસ સ્ટેશનમાં ગુરચરણ સિંહના ગુમ થયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદ ૨૫મી એપ્રિલે નોંધવામાં આવી હતી.

ગુરચરણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં રોશન સિંહ સોઢીની ભૂમિકા ભજવીને દરેક ઘરમાં પોતાની ઓળખ બનાવી હતી. પ્રેક્ષકોને તેમની બોલવાની રીત ખૂબ પસંદ આવી. તે જે ફની રીતે તેમના ડાયલોગ્સ સંભળાવતા હતા તેના દરેક લોકો ફેન હતા. ગુરચરણ તેમના પાત્રથી ઘર-ઘરમાં જાણીતું નામ બની ગયા હતા. એટલું જ નહીં ગુરચરણના ડાયલોગ્સને લઈને સોશિયલ મીડિયા પર ઘણા મીમ્સ બનાવવામાં આવ્યા હતા.

**'તારક મહેતા શો'નો હાલ ભાગ નથી**

એક સમય એવો આવ્યો કે તેમણે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' શો છોડી દીધો. શોની સાથે તેમણે ઈન્ડસ્ટ્રીને પણ અલવિદા કહી દીધું. તેમને તેની માતાની બીમારીની થોડી ચિંતા થવા લાગી. મુંબઈ છોડીને પંજાબમાં સ્થાયી થયા. જ્યારે ગુરચરણે શો છોડ્યો ત્યારે સમાચાર આવ્યા કે અસિત કુમાર મોદીએ તેમનો પૂરો પગાર ચૂકવ્યો નહોતો. તેમણે ઘણા પૈસા રોકી રાખ્યા છે. આ ઉપરાંત, બંને વચ્ચે કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ, જેના કારણે ગુરચરણે શો છોડી દીધો.

# ચૂંટણી પૂર્વે ઈન્કમટેકસ એકશનમાં

ગુજરાતમાં ચૂંટણી પ્રચાર ગરમી પકડી રહ્યો છે ત્યારે મતદારોને પ્રલોભન આપવાના કોઈ કૃત્ય ન થાય અને નાણાંકીય હેરાફેરી ન થાય તે માટે ઈન્કમટેકસ એકશનમાં છે. આવકવેરા વિભાગની કાર્યવાહી રજાના દિવસે પણ ચાલુ જ રાખવામાં આવી હતી. અમદાવાદને લાગેવળગે છે ત્યાં સુધી આવકવેરા વિભાગે અત્યાર સુધીમાં સાત કરોડની રોકડ જપ્ત કરી છે ત્યારે ૧૧ કરોડનું બીન હિસાબી સોનુ પણ પકડવામાં આવ્યું છે. રેલવે સ્ટેશન, એરપોર્ટ, બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળોએ ૫૦થી વધુ ટીમો સક્રિય છે.

# બંગાળના મુખ્યમંત્રી ફરી એકવાર ઘાયલ, હેલિકોપ્ટરમાં ચડતી વખતે મમતા બેનજીર્નો પગ લપસ્યો

પશ્ચિમ બંગાળ, તા ૨૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી ફરી એકવાર ઘાયલ થયા છે. દુર્ગાપુરમાં હેલિકોપ્ટરમાં ચડતી વખતે તેનો પગ લપસી ગયો હતો. હાલ તેને આસનસોલ લઈ જવામાં આવ્યા છે.

આ પહેલીવાર નથી જ્યારે મમતા બેનર્જી પડી જવાથી ઘાયલ થયા હોય. આ પહેલા પણ ઘણી વખત ઘાયલ થઈ ચુકયા છે. તાજેતરમાં જ મમતાને તેના ઘરે ઈજા થઈ હતી. કેમ્પસમાં ચાલતી વખતે તે પડી ગયાં હતા, જેના કારણે માથામાં ગંભીર ઈજા થઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે SSKM હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેને ટાંકા આપવામાં આવ્યા હતા.



આ પહેલા ૨૦૨૧માં ચૂંટણી પ્રચાર દરમિયાન તેમને નંદીગ્રામમાં કેટલાક લોકોએ ધક્કો માર્યો હતો, જેના કારણે તેમને પગમાં ઈજા થઈ હતી. તેણે રેયાપરામાં મંદિરની બહાર બનેલી આ ઘટનાને કાવતરાના ભાગરૂપે ગણાવી હતી.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી** જાહેર કરુ છું કે, મારુ જુનુ નામ **ગોશાઈ ખ્યાતી મહેન્દ્રપરી** હતું. જે બદલીને નવુ નામ **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી** કરેલ છે. જેથી હવે હું **ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી**ના નામથી ઓળખાઈશ જેની સર્વેએ નોંધ લેવી.

**એડ્રેસ : ગોસાઈ ખ્યાતી મહેન્દ્રપરી,** નિલકંઠ પાર્ક બ્લોક નંબર એચ-૨ / ૬૯, નિલકંઠ સીનેમા ની પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ, પો : રાજકોટ ભકિતનગર, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૨

**જાહેર નોટીસ કમ ચેતવણી**

અમો નીચે સહી કરનાર ઈશ્વરલાલ રણછોડભાઈ મકવાણાનો મોટો સુપુત્ર તથા વસંતભાઈ ઈશ્વરલાલ મકવાણાનો મોટોભાઈ શ્રી વિજયભાઈ ઈશ્વરલાલ મકવાણા ઉ.વ.૩૮ તે ૭ વર્ષથી અલગ રહેતો હોય તેની અમારી બાહુબળે મેળવેલ અને અમોની સ્વતંત્ર માલીકીની જે કોઈ હકક, હીત અને હિસ્સો, લાગ-ભાગ, અમોએ રાજીખુશીથી બધી જ આપી દીધેલ છે તેમજ હવે કાંઈ જ આપવાનું રહેતુ નથી. જેથી હવેથી શ્રી વિજયભાઈ ઈશ્વરલાલ મકવાણા સાથે કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો આર્થિક કે સામાજીક વહીવટ કરશે તો તેના માટે અમો કુટુંબમાંથી કોઈપણ જવાબદાર રહેશુ નહીં તેની સંપૂર્ણ જવાબદારી સામેવાળાની રહેશે. આ આખરની નોટીસ દ્વારા અમો જાહેર કરીએ છીએ કે હવેથી અમો કોઈ પણ આર્થિક કે સામાજીક વહીવટ માટે કાયદાકીય બંધનકર્તા રહીશુ નહીં અને સંપૂર્ણ રીતે આપ જવાબદાર રહેશો તેની આ નોટિસથી જાહેર કરીએ છીએ.

**સ્થળ: રાજકોટ.**
**તા.૨૭/૪/૨૪**

**સહી**
**ઈશ્વરલાલ રણછોડલાલ મકવાણા**
**વસંતભાઈ ઈશ્વરલાલ મકવાણા**